ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

શ્રી સારસ્વત

Published on 28th Every Two Month

મુખપત્ર

"એકતા થી શક્તિ,
સંવાદ થી વિકાસ,
સંઘર્ષ થી સન્માન,
અને શક્તિકરણ થી
ઉજ્જવળ ભવિષ્ય..."

સંગઠન પર્વ

શિક્ષકનું સશક્તિકરણ
સમાજનું શિક્ષણ નિર્માણ



વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/-

છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૨૨ અંક : ૫/૬ સળંગ અંક : ૨૨૩/૨૨૪ ઓગસ્ટ / સપ્ટેમ્બર - ૨૦૨૬

: અધ્યક્ષ :
શ્રી જયપ્રકાશ પી. પટેલ
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર


: પ્રમુખ :
શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :
શ્રી અમિત આર. પંડ્યા
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

શ્રી સારસ્વત

પરંપરા | ગુણવતા | સંગાથ સદાય

ભારતની સંસ્કૃતિ
આપણી શક્તિ
આપણો ગૌરવ



૨ ઓક્ટોબર

ગાંધી જયંતી

"તમે દુનિયામાં જોઈતા હો તે બદલાવ પોતે બનો."
- મહાત્મા ગાંધી

સત્ય | અહિંસા | સર્વોદય

શુભ નવરાત્રી

માતાજીની અખૂટ કૃપાથી તમારા જીવનમાં શક્તિ, ભક્તિ અને આનંદ સદાય બરકરાર રહે.



શક્તિ | ભક્તિ | સંસ્કૃતિ | સહયોગ


આ પાવન તહેવારો
નિમિત્તે તમને અને
તમારા પરિવારે
હાર્દિક શુભેચ્છા

શુભ દશેરા

અસત્ય પર સત્યની,
અધર્મ પર ધર્મની
વિજયની ઉજવણી.



સત્યનો વિજય | સદમાર્ગ | સદવિચાર | ઉજ્જવળ ભવિષ્ય



૩૧ ઓક્ટોબર

સરદાર વલ્લભભાઈ પટેલ જયંતી

એકતા, અખંડિતા અને
મજબૂત ભારતના શિલ્પી
ને વિનમ્ર અભિવંદન.

એકતા | રાષ્ટ્રીય અખંડિતા | સંકલ્પ | પ્રગતિ

સંસ્કારી મૂલ્યો સાથે
સમૃદ્ધ આવતીકાલ માટે
આપણો સાથે

જય હિંદ

ભારતીય મૂલ્યો
સૌ સાથે સમૃદ્ધ આવતીકાલ
માટે

શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,
હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર
www.shreesaraswat.com

વર્ષ : ૨૨ અંક-૫/૬ સળંગ અંક : ૨૨૩/૨૨૪ ઑગસ્ટ/સપ્ટેમ્બર-૨૦૨૬ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦

-: અધ્યક્ષ :-
શ્રી જયપ્રકાશ પી. પટેલ
મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

-: પ્રમુખ :-
શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

-: મુખ્ય સંપાદક :-
શ્રી અમિત પંડ્યા
શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

-: ઉપાધ્યક્ષ :-
શ્રી હરદેવસિંહ પી. જાડેજા
ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

-: કલ્યાણનિધિ કન્વીનર :-
શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા
શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

-: અન્વેષક :-
શ્રી પંકજકુમાર સી. પરમાર
એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

મહામંત્રી

-: ઉત્તર ઝોન :-	-: મધ્ય ઝોન :-	-: દક્ષિણ ઝોન :-	-: સૌરાષ્ટ્ર ઝોન :-
શ્રી ભરતભાઈ એમ. ચૌધરી	**શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ**	**શ્રી મિતેષકુમાર એસ. પટેલ**	**શ્રી સુનીલકુમાર સી. બરોચિયા**
શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ.	આર. કે. વિદ્યાલય, પેટલાદ.	શ્રી ડી. કે. પટેલ સાર્વ.	આર.એલ. અમૃતિયા હાઈ.,
હાઈસ્કૂલ માણકપુર,	જિ. આણંદ	હાઈસ્કૂલ, થુવાવી,	ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-
તા. માણસા, જિ. ગાંધીનગર	(મો.) ૭૬૯૮૪૩૫૨૩૫	તા. ડભોઈ, જિ. વડોદરા.	નગર, ગુંદાળા રોડ, ગોંડલ.
(મો.) ૯૯૨૪૩૩૫૨૧૦		(મો.) ૯૪૨૮૧૧૬૬૮૯	(મો.) ૯૮૭૯૫૩૩૦૬૯

-: પ્રમુખના મંત્રી :-
શ્રી પંકજકુમાર આર. પટેલ
સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

-: સારસ્વત સહ સંપાદક :-
શ્રી દિપકકુમાર પી. પટેલ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,
હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર
www.shreesaraswat.com

વર્ષ : ૨૨ અંક-૫/૬ સળંગ અંક : ૨૨૩/૨૨૪ ઑગસ્ટ/સપ્ટેમ્બર-૨૦૨૬ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦

અનુક્રમણિકા

1. અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર 05
2. મહામંત્રીશ્રીનો પત્ર 08
3. સંપાદકીય 10
4. ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા આયોજિત શિક્ષણ સેવા સંગઠન પર્વ 14
5. ज़िंदगी कैसी है पहेली... જીવનની પહેલી ઉકેલતાં 21મી સદીના કૌશલ્યો
   - ડૉ. નીરવ એન. ઠક્કર 19
5. ગુરુકુળ શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન : આધ્યાત્મિક શિક્ષણના અનુભવો
   - સંપૂર્ણ જીવન, વડોદરા 40
6. આચાર્ય સજ્જતા ..... - મહેશભાઈ શર્મા 42
7. पढ़ाई का विज्ञान-१५ ..... - પ્રાંજલભાઈ જોષી 44
8. વિષયજ્ઞાન, શિક્ષણ પદ્ધતિ, આયોજન અને શૈક્ષણિક સાધનોના અસરકારક ઉપયોગ દ્વારા ગુણવત્તાસભર શિક્ષણનું નિર્માણ ..... - જી. એસ. દેધરોટીયા 47
9. શિક્ષણ : રૂપાંતરણ પ્રક્રિયા - પટાવાળામાંથી શિક્ષણાધિકારી (સત્ય ઘટના)
   - પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી 51
10. સંકલ્પ એ જ શ્રેષ્ઠ મુહૂર્ત ..... - ડૉ. જયેશ એ. ઠક્કર 54
11. ક્રિયાત્મક સંશોધન ..... - પ્રિ. અંકિતા કે. પટેલ 56
12. પરિપત્રો 61
13. ડેલ કાર્નેગીના પ્રસિદ્ધ પુસ્તકના મુખ્ય સિદ્ધાંતો (ગુજરાતીમાં)
   - સંજય પંડ્યા 65

નોંધ : શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.



શ્રી જયપ્રકાશ પી. પટેલ
અધ્યક્ષ

અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ
પ્રમુખ

સારસ્વત મિત્રો,

આપ સૌ કુશળ હશો.

ઑગસ્ટ અને સપ્ટેમ્બર માસ એટલે કેળવણીના ધામમાં ક્રાંતિ, સમર્પણ અને શિક્ષકત્વના ગૌરવનો ત્રિવેણી સંગમ! ઑગસ્ટ માસ આપણને માતૃભૂમિ માટે પ્રાણોનું બલિદાન આપનારા ક્રાંતિવીરોની યાદ અપાવે છે, તો સપ્ટેમ્બર માસ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીના આદર્શોને યાદ કરી 'શિક્ષક ધર્મ' અને 'શિક્ષક ગૌરવ'ને વંદન કરવાનો તેમજ વિવિધ ધાર્મિક તહેવારોનો માસ છે. વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે દેશના બાળકોમાં ચારિત્ર્ય, સંસ્કાર, વિજ્ઞાનનિષ્ઠા અને દેશભક્તિનું સિંચન કરીને રાષ્ટ્રનિર્માણ કરવું એ જ એક શિક્ષક માટે સાચી 'ક્રાંતિ' અને 'ગુરુધર્મ' છે.

"વિચારોમાં ક્રાંતિ, વાણીમાં જોશ અને હૃદયમાં દેશભક્તિ,
આ જ છે એક સાચા શિક્ષક અને ક્રાંતિકારીની ઓળખ!"

શિક્ષક એ માત્ર વર્ગખંડ પૂરતો મર્યાદિત નથી, પણ સમગ્ર સમાજના વિચારોમાં સકારાત્મક પરિવર્તન અને ક્રાંતિ લાવનાર સાચો માર્ગદર્શક છે.

"બદલાતા સમય સાથે જે સતત શીખતો રહે છે,
તે જ સમાજનો સાચો માર્ગદર્શક બની રહે છે."

વર્તમાન શૈક્ષણિક વર્ષ દરમિયાન આપણી સામે અનેકવિધ શૈક્ષણિક, સંગઠનાત્મક અને વહીવટી જવાબદારીઓ રહેલી છે. જેમાં Digital Gujarat portal, CTS (Child Tracking System) નો સક્રિય ઉપયોગ, Back to School ઝુંબેશ, ધોરણ ૯ થી ૧૨ ના drop out વિદ્યાર્થીઓ માટે transportation સુવિધા, Holistic Progress Card (HPC) ના પાયલોટ પ્રોજેક્ટનું અમલીકરણ, ગ્રીન સમર કેમ્પ, 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ, નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાના

નવા પોર્ટલ (namopayments.gujaratusk.org) પર રજીસ્ટ્રેશન, INSPIRE Award, શાળા કક્ષાએ 'સંસ્કૃત સપ્તાહ' અને 'શિક્ષક દિન'ની ઉજવણી, ૫મી સપ્ટેમ્બરે શિક્ષક પૂજન/સન્માન કાર્યક્રમો, ઈદે મિલાદ, ગણેશ ચતુર્થી, રક્ષાબંધન, જન્માષ્ટમી, પ્રથમ સત્રાંત પરીક્ષાનું આયોજન, ધોરણ ૯ અને ૧૦ માટે પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન, વર્ગ-૪ ના કર્મચારીઓની નીતિઓ તથા આઉટસોર્સિંગ પ્રક્રિયા, અને વિદ્યાર્થીઓના APAAR ID જનરેટ કરવાની તાકીદની કામગીરી આપણે સમયબદ્ધ રીતે કરવાની રહે છે.

આ તમામ દોડધામ, સરકારી પરિપત્રો અને વહીવટી જવાબદારીઓ વચ્ચે આપણે એ વાસ્તવિકતા ક્યારેય ન ભૂલવી જોઈએ કે સંગઠન જ આપણું સાચું બળ છે. મિત્રો, સંકલન સમિતિના આગેવાનોના મનમાં માત્ર એક વિચાર આવ્યો કે આપણે 'સંગઠન પર્વ'ની ઉજવણી દરેક જિલ્લાઓ અને તાલુકાઓમાં કરવી જોઈએ, અને પરિણામે રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં ખૂબ જ મોટી સંખ્યામાં આપણા દરેક સંવર્ગના સારસ્વતો એકત્રિત થઈ સંગઠનની તાકાત બતાવી. આ માટે આપ સૌને જેટલા અભિનંદન પાઠવીએ તેટલા ઓછા છે. મિત્રો, ઘણા બધા જિલ્લાઓમાં તાલુકા કક્ષાના 'સંગઠન પર્વ'ની પણ ખૂબ જ મોટાપાયે ઉજવણી થઈ રહી છે, ત્યારે હવે જે તાલુકાઓમાં આયોજન બાકી છે તેઓ પણ પોતાની અનુકૂળતા મુજબ ઝડપથી આયોજન કરી લેશે.

મિત્રો, તાજેતરમાં સાબરકાંઠા જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા કેટલીક ખૂબ જ સરાહનીય અને પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે :

મિશન સેવાલય (ચોપડા વિતરણ) જે અંતર્ગત જૂન માસમાં ગ્રાન્ટેડ કર્મચારીઓએ સાથે મળીને એક અનોખું મિશન ચલાવ્યું, જેમાં દરેક કર્મચારીએ સ્વૈચ્છિક રીતે ૧-૧ ડઝન ચોપડા આપ્યા તથા દાનવીરોનો સહયોગ મેળવીને કુલ ૧ લાખ ચોપડા એકઠા કર્યા. આ ચોપડા ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિતરિત કરીને સાચા અર્થમાં સમાજસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સિવાય સ્વજન સહાય યોજના જેમાં પારિવારિક ભાવના અને સંગઠન બળને અગ્રેસર રાખી જિલ્લાના તમામ કર્મચારીઓને એક તાંતણે બાંધવા અને આકસ્મિક સમયે મદદરૂપ થવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં દરેક કર્મચારી શરૂઆતમાં ₹૧૦ નોંધણી ફી અને ₹૧૦૦ સહાય પેટે આપે છે. જો કોઈ કર્મચારીનું સેવા દરમિયાન આકસ્મિક કે કુદરતી અવસાન થાય, તો જિલ્લાના અંદાજે ૨૫૦૦ જેટલા કર્મચારીઓના ₹૧૦૦ લેખે એકત્રિત થયેલ ₹૨.૫ લાખની આર્થિક સહાય બીજા જ દિવસે તે કર્મચારીના પરિવારને પહોંચાડી દેવામાં આવે છે. ત્યારબાદ ફરી ₹૧૦૦ ઉઘરાવીને ફંડ જાળવી રાખવામાં આવે છે. આ યોજનાથી કર્મચારીઓમાં એક પરિવાર જેવી પરસ્પર સહયોગની ભાવના વધુ મજબૂત બની છે.

આપણે ઇચ્છીએ છીએ કે રાજ્યના અન્ય જિલ્લાઓ અને તમામ સંગઠનો પણ આ પ્રકારની પારિવારિક ભાવના અને કલ્યાણકારી યોજનાઓને અનુસરીને પોતાના જિલ્લાઓમાં અમલમાં મૂકે, જેથી કર્મચારીઓનું સંગઠન વધુ બળવત્તર બને.

આ ઉપરાંત આપણી વિવિધ રજૂઆતો અને કર્મચારીઓના પડતર પ્રશ્નો જેવા કે – ૫ વર્ષની ફિક્સ નોકરી ગ્રેજ્યુઈટીની ગણતરીમાં લેવી, NPS કર્મચારીઓ માટે ૩૦૦ રજાઓનું રોકડમાં રૂપાંતર, ૧/૪/૨૦૦૫ પહેલાંની જાહેરાતોવાળા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ, વર્ગ-૪ કર્મચારીઓના ભથ્થાં અને બાકી પ્રમોશન, આચાર્યશ્રીઓનું સેવા જોડાણ, ક્લાર્કની ભરતી તથા શિક્ષકો પર વધુ પડતું ગેરશૈક્ષણિક કામગીરીનું દબાણ ન લાવવા બાબતે તેમજ ૨૦૦૫ પછીના કર્મચારીઓને પણ OPS નો લાભ આપવા માટે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, શિક્ષણમંત્રીશ્રી ડૉ. પ્રધ્યુમન વાજા અને નાણામંત્રીશ્રી કમલેશભાઈ પટેલ સમક્ષ સતત સફળ રજૂઆતો થઈ રહી છે. સંગઠનની આ જ અજોડ શક્તિ અને એકતા માટે કહેવાનું મન થાય...

આવો, આ પાવન સમયગાળામાં આપણે સૌ સંગઠિત રહીને શૈક્ષણિક તથા સંગઠનાત્મક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરીએ અને શિક્ષક સમાજની એકતા અને ગૌરવને વધુ ઊંચાઈ પર લઈ જઈએ.

આપ સૌને ઉત્સાહવર્ધક શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને 'શિક્ષક પર્વ'ની હાર્દિક શુભકામનાઓ!

"સંઘે શક્તિ કલૌ યુગ"

ભારત માતા કી જય... **જય જય ગરવી ગુજરાત...**

આપના,

જયપ્રકાશ પી. પટેલ
અધ્યક્ષ

શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



ભરત ચૌધરી
મહામંત્રીશ્રી

મહામંત્રીશ્રીનો પત્ર

આત્મીય સારસ્વત મિત્રો,

કુશળ હશો કુશળતા ચાહતા કુશળ છીએ.

મિત્રો, નવું શૈક્ષણિક વર્ષ 2026-27 નું પ્રથમ સત્ર લગભગ અડધું થયું. આપણે પ્રવેશોત્સવ ઉજવ્યો. બેક ટુ સ્કુલ, એક પેડ મા કે નામ, અને હવે ગુણોત્સવ... મારી જાણ મુજબ રાજ્યની શાળાઓમાં લગભગ 12,000 જેટલી કાયમી શિક્ષકોની જગ્યાઓ 4000 જેટલી ક્લાર્કની જગ્યાઓ અને 2500 જેટલી પટાવાળાની જગ્યાઓ ખાલી છે, જે પૈકી લગભગ 8000 કરતા વધુ જગ્યાઓ જ્ઞાન સહાયકથી માંડ માંડ ભરાઈ છે. હજુ 3000 જેટલી ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અને 1000 જેટલી માધ્યમિક વિભાગમાં જગ્યાઓ ખાલી છે, જે ભરવા માટે ત્રીજા તબક્કાની જાહેરાત અને ભરતી માટે સતત પ્રયત્નશીલ છીએ. આઉટસોર્સિંગથી પટાવાળાની જગ્યાઓ ભરવા માટે ઘણા બધા જિલ્લાઓમાં પ્રક્રિયા શરૂ થઈ છે. ક્લાર્ક ભરતી માટે પણ સતત સરકારમાં રજૂઆત સંકલન સમિતિ કરી રહી છે.

મિત્રો, પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરી ગ્રેજ્યુઈટી માટે ગણતરીમાં લેવા બાબતે તથા 300 રજાનું રોકડમાં રૂપાંતર બાબતે અને તા. 1/4/2005 પહેલા જાહેરાત આવેલી હોય અને નિમણૂક ત્યારબાદ થઈ હોય તેવા તથા સ્ટાફ પ્રોફાઈલવાળા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા માટે અને નિભાવ ગ્રાન્ટમાં વધારા માટે સતત માન. શિક્ષણ મંત્રીશ્રી તથા માન. નાણામંત્રીશ્રી સમક્ષ વારંવાર રજૂઆત કરી રહ્યા છીએ. રાજસ્થાન સરકારની જેમ ગુજરાત સરકારને પણ 2005 પછીના તમામ કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા માટે રજૂઆત કરી છે. આચાર્યને એલટીસીનું 10 રજાનું રોકડમાં રૂપાંતર તથા જુના આચાર્યની ભરતી, બે વર્ગની શાળાઓને સ્માર્ટ ક્લાસ, કમ્પ્યુટર લેબ બાબતે પણ માન. અગ્ર સચિવશ્રી શિક્ષણ સમક્ષ સતત રજૂઆત અને ઉઘરાણી કરી રહ્યા છીએ. ગ્રાન્ટેડ શાળાઓનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે વર્ગ ઘટાડા માટે વિદ્યાર્થી સરાસરી સંખ્યા સરકારી શાળાઓની

જેમ દૂર કરવા માટે, શિક્ષક આચાર્ય સળંગ નોકરી ઘણી ઉ.પ.ધો.નો લાભ આપવા બાબતે અને જુનિયર કરતા સિનિયર આચાર્યનો પગાર ઓછો છે તે વિસંગતતા દૂર કરવા પણ રજૂઆત કરી છે. મોટાભાગની બાબતોમાં સફળતા મળશે તેવી આશા સાથે સતત મથામણ કરી રહ્યા છીએ.

"હમ થક સકતે હૈં, હમ રૂક સકતે હૈં, લેકિન હમ હાર નહિ સકતે,
ક્યું કિ ભારત કા ભવિષ્ય હમારે હાથો મેં પલ રહા હૈ"

મિત્રો, સંકલન સમિતિના નેજા હેઠળ આપ સૌના સાથ અને સહકારથી સમગ્ર રાજ્યમાં આપણે લગભગ બધા જ જિલ્લાઓમાં સંગઠન પર્વનું ખૂબ જ ઉત્સાહભેર આયોજન કરી શક્યા છીએ અને દરેક જિલ્લામાં તાલુકા કક્ષાએ પણ એવું જ સુંદર આયોજન આપણે સૌએ કરવાનું છે.

"સ્નેહ સદૈવ બના રહે..."

આપનો,
શ્રી ભરત ચૌધરી
મહામંત્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



શ્રી અમિત પંડ્યા
સારસ્વત સંપાદકશ્રી

સંપાદકીય

"સંગઠન આપણી શક્તિ,
શિક્ષણ આપણી સાધના,
બાળક આપણી પ્રાથમિકતા અને
સમાજહિત આપણી જવાબદારી."



શ્રી દીપકકુમાર પી. પટેલ
સારસ્વત સહસંપાદકશ્રી

સંગઠન પર્વ : શિક્ષણ, સંગઠન અને સામાજિક જવાબદારીનો સંકલ્પ

- એકતા એ જ સંગઠનની શક્તિ છે અને સંગઠન એ સફળતાની ચાવી છે.
- સાથે ચાલીએ તો માર્ગ સરળ બને, સાથે લડીએ તો સંઘર્ષ સફળ બને.
- એક વિચાર, એક ધ્યેય અને એક સંકલ્પ - એ જ સંગઠનની સાચી ઓળખ.

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા આયોજિત 'સંગઠન પર્વ' અંતર્ગત સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં સંગઠનની બેઠકો યોજાઈ. આ બેઠકો માત્ર હોદ્દેદારો અને કારોબારી સભ્યોની ઔપચારિક મુલાકાત પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ શિક્ષણ, સંગઠન અને સમાજ પ્રત્યેની આપણી જવાબદારી અંગે વિચારમંથન અને સંકલ્પનું એક મહત્ત્વપૂર્ણ માધ્યમ બની રહી. જિલ્લાવાર યોજાયેલી આ બેઠકોમાં સંચાલક મંડળ, આચાર્ય સંઘ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, માધ્યમિક શિક્ષક સંઘ તેમજ વહીવટી કર્મચારી સંઘના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની ઉત્સાહભેર ઉપસ્થિતિ રહી. રાજ્ય સંકલન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલા વિવિધ સંવર્ગના પ્રતિનિધિઓએ દરેક જિલ્લામાં ઉપસ્થિત રહી સંગઠનને માર્ગદર્શન આપ્યું અને સંગઠનની વર્તમાન કામગીરી તેમજ ભવિષ્યમાં કરવાનાં કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરી.

સંગઠન એટલે માત્ર સંસ્થા નહીં, એક વિચાર :

- સંગઠનનો અવાજ ત્યારે જ અસરકારક બને, જ્યારે દરેક સભ્યનો અવાજ તેમાં જોડાય.
- હોદ્દા અલગ, જવાબદારી અલગ; પરંતુ ધ્યેય એક - શિક્ષણ અને સમાજનું હિત.
- સંગઠન પર્વ એટલે મળવાનું નહીં, જોડાવાનું પર્વ.
- સંગઠન પર્વ એટલે આત્મમંથન, સંકલન અને નવી દિશાનો સંકલ્પ.

સંગઠન કોઈ વ્યક્તિ કે હોદ્દા પૂરતું સીમિત નથી. સંગઠન એટલે એકબીજાની લાગણી સમજવી, પ્રશ્નોને સાથે મળીને રજૂ કરવા, શિક્ષણ ક્ષેત્રના હિતોની રક્ષા કરવી અને જ્યારે જરૂર પડે ત્યારે સમાજ તથા શિક્ષણના હિતમાં એક સાથે ઊભા રહેવું. સંગઠનની શક્તિ ફક્ત એકલી સંખ્યામાં નહીં, પરંતુ સંખ્યા સાથે સાથે તેની એકતા, શિસ્ત, વિચારધારા અને કાર્ય પ્રતિબદ્ધતામાં રહેલી છે. તેથી દરેક હોદ્દેદાર અને

દરેક સભ્ય સંગઠનને મજબૂત બનાવવા માટે પોતાની ભૂમિકા નિષ્ઠાપૂર્વક નિભાવે તે આજના સમયની આવશ્યકતા છે.

સંગઠન દ્વારા કરેલા કાર્યોની સમીક્ષા અને આગામી કાર્યોનો સંકલ્પ :

- પ્રશ્નો અનેક હોઈ શકે, પરંતુ ઉકેલ માટેં સંગઠન એક હોવું જોઈએ.
- સંઘર્ષમાં સંકલન અને કાર્યમાં સમર્પણ - સફળ સંગઠનની ઓળખ.

સંગઠન પર્વની બેઠકોમાં અત્યાર સુધી સંગઠન દ્વારા કરવામાં આવેલ કાર્યોની સમીક્ષા સાથે હજુ કરવાના બાકી રહેલા કાર્યો અંગે પણ ચર્ચા કરવામાં આવી. સંગઠનના પ્રશ્નો માત્ર રજૂ કરવા નહીં, પરંતુ તેમના યોગ્ય ઉકેલ માટે સતત પ્રયત્નશીલ રહેવાની જરૂરિયાત પર ભાર મૂકાયો.

સંગઠનને વધુ વ્યાપક, સક્રિય અને લોકાભિમુખ બનાવવું, સભ્યો વચ્ચે સતત સંવાદ જાળવવો, શિક્ષણ ક્ષેત્રના પ્રશ્નોને યોગ્ય મંચ સુધી પહોંચાડવા, સભ્યોના હિતોની સાથે સાથે શિક્ષણના હિતને પણ કેન્દ્રમાં રાખવું - આપણા આગામી કાર્યની મહત્ત્વપૂર્ણ દિશાઓ બની રહેવી જોઈએ.

સંચાલકથી સેવક સુધી સૌની પોતાની આગવી ભૂમિકા :

- જ્યાં એકતા હોય છે, ત્યાં શક્તિ હોય છે.
- વાતોથી નહીં, કાર્યથી પરિવર્તન આવે છે.
- વિચારને સંકલ્પ મળે અને સંકલ્પને કાર્ય મળે ત્યારે પરિવર્તન સર્જાય છે.
- હક માટે જાગૃત રહીએ અને ફરજ માટે પ્રતિબદ્ધ રહીએ.

શૈક્ષણિક સંસ્થા એક પરિવાર સમાન છે. તેમાં દરેક વ્યક્તિનું સ્થાન અને યોગદાન મહત્ત્વપૂર્ણ છે. સંચાલક સંસ્થાને યોગ્ય દિશા, સારા સંસ્કારો અને ગુણવત્તાયુક્ત શિક્ષણનું વાતાવરણ આપે છે. આચાર્ય સંસ્થાનું નેતૃત્વ કરે છે. શિક્ષકો, કર્મચારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે સંકલન સાધી શાળાને પ્રગતિના માર્ગે લઈ જવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી આચાર્યની છે.

બાળક કેન્દ્રમાં હોય એ જ શિક્ષણની સાચી દિશા :

- બાળકના ભવિષ્ય માટે સાથે આવીએ, શિક્ષણના ગૌરવ માટે સાથે ચાલીએ અને સમાજના પરિવર્તન માટે સાથે કાર્ય કરીએ.
- સારા શિક્ષણથી સારા વિદ્યાર્થી, સારા સંસ્કારોથી સારા નાગરિક અને સારા નાગરિકોથી સારો સમાજ બને છે.

આ સમગ્ર સંગઠન પર્વ દરમિયાન સૌથી મહત્ત્વપૂર્ણ વિચાર તરીકે 'બાળકને કેન્દ્રમાં રાખીને કાર્ય કરવું' ઉપર વિશેષ ભાર મૂકાયો. શાળા અને શિક્ષણ વ્યવસ્થાનું અંતિમ લક્ષ્ય બાળકનો સર્વાંગી વિકાસ છે. બાળક માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન મેળવે એટલું પૂરતું નથી; તે સંસ્કારી, સંવેદનશીલ, જવાબદાર, આત્મવિશ્વાસુ અને સમાજ પ્રત્યે જાગૃત નાગરિક બને તે પણ એટલું જ જરૂરી છે. આ માટે સંચાલક હોય

કે આચાર્ય, શિક્ષક હોય કે ક્લાર્ક, સેવક હોય કે અન્ય કોઈ કર્મચારી - શૈક્ષણિક સંસ્થામાં દરેક વ્યક્તિની કામગીરીનો અંતિમ પ્રભાવ બાળક સુધી પહોંચે છે. તેથી દરેક વ્યક્તિએ પોતાની ફરજને માત્ર નોકરી તરીકે નહીં, પરંતુ શૈક્ષણિક અને સામાજિક જવાબદારી તરીકે સ્વીકારવી જરૂરી છે.

એકતા જ સંગઠનની સાચી તાકાત :

- પરિવર્તનની રાહ ન જુઓ, પરિવર્તનના ભાગીદાર બનો.
- સંકલ્પ મજબૂત હોય તો સંજોગો ક્યારેય અડચણ બનતા નથી.
- "સંગઠન આપણી શક્તિ, શિક્ષણ આપણી સાધના અને બાળક આપણી પ્રાથમિકતા."
- "સૌની ભૂમિકા અલગ, સૌનો માર્ગ એક; શિક્ષણના હિતમાં સંગઠિત થઈ આગળ વધવું એ જ આપણો સંકલ્પ."
- "સંગઠન પર્વ પૂર્ણ નથી થયું; અહીંથી એક નવી કાર્યયાત્રાનો આરંભ થયો છે."

આ સંગઠન પર્વે એક વાત સ્પષ્ટ કરી છે કે હોદ્દા અલગ હોઈ શકે, જવાબદારીઓ અલગ હોઈ શકે, પરંતુ આપણું ધ્યેય એક છે. શિક્ષણનું ગૌરવ જળવાય, શિક્ષક અને કર્મચારીનું સન્માન જળવાય, શૈક્ષણિક સંસ્થાઓ વધુ સક્ષમ બને અને દરેક બાળકને ગુણવત્તાયુક્ત તથા સંસ્કારસભર શિક્ષણ મળે. આપણે સૌએ આ સંકલ્પ સાથે આગળ વધવાનું છે.

રાજ્ય સંકલન સમિતિ દ્વારા વિવિધ સંવર્ગના હોદ્દેદારોને જિલ્લાવાર બેઠકોમાં મોકલીને આપવામાં આવેલ માર્ગદર્શન એ સંગઠનને છેવાડાના સભ્ય સુધી જોડવાનું અને વિચારને કાર્યમાં પરિવર્તિત કરવાનું મહત્ત્વપૂર્ણ પગલું છે. આ માટે રાજ્ય સંકલન સમિતિના તમામ આગેવાનો અને માર્ગદર્શકો અભિનંદનને પાત્ર છે.

સંગઠન પર્વ માત્ર એક કાર્યક્રમ નથી; તે આત્મમંથન, સંકલન અને નવી કાર્યદિશાનો પ્રારંભ છે.

ચાલો, આપણે સૌ સાથે મળીને એક એવો સંકલ્પ કરીએ કે -

- બાળક આપણી કામગીરીના કેન્દ્રમાં રહેશે.
- શિક્ષણ આપણી પ્રાથમિકતા રહેશે.
- સંગઠન આપણી શક્તિ રહેશે, અને સમાજહિત આપણી અંતિમ જવાબદારી રહેશે.
- એકતા સાથે આગળ વધીએ, શિક્ષણને સશક્ત બનાવીએ અને સમાજના ઉજ્જ્વળ ભવિષ્યના ઘડવૈયા બનીએ.

આપના,

દિપકકુમાર પી. પટેલ
સારસ્વત સહ સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

અમિત પંડ્યા
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨

સુજ્ઞ સારસ્વત મિત્રો,

નમસ્કાર.

મિત્રો આપ સર્વે સુવિદિત જ છો કે હમણાં જ ઉચ્ચતર માધ્યમિક શિક્ષક મિત્રોનો છઠ્ઠા પગાર પંચની વિસંગતતાનો ચુકાદો તેમની તરફેણમાં આવ્યો છે.સેવક મિત્રોના મુદ્દે પણ વિભાગે પરિપત્ર કરી માહિતી એકત્ર કરવાની કામગીરી ચાલુ છે.

આચાર્ય સંવર્ગમા પણ આ પ્રકારની વિસંગતતા જોવા મળી હતી જેની સંઘ અને સરકારમાં અવારનવાર રજૂઆતો કરેલ છે. જે આચાર્ય મિત્રોની નિમણૂક તા. ૩૧/૧૨/૨૦૦૫ પહેલા થયેલ હોય અને જેમનો પગાર છઠ્ઠા પગારપંચમાં પગાર બાંધણી ₹ ૧૨૦૯૦ + ૪૬૦૦ અથવા ₹૧૨૫૪૦ + ૪૬૦૦ કરતાં ઓછો ફીક્સ થયેલો છે અને એન્ટ્રી લેવલ પેનો મળેલ નથી જ્યારે જે આચાર્ય મિત્રોની નિયુક્તિ તા:૧/૧/૨૦૦૬ પછી થયેલ છે તેમને એન્ટ્રી લેવલ પે પ્રમાણે ₹ ૧૨૫૪૦ + ૪૬૦૦ ગ્રેડ પે મળેલ છે.

જે મિત્રો તા. ૩૧/૧૨/૨૦૦૫ પહેલા આચાર્ય તરીકે નિયુક્ત થયેલ છે તેવા કેટલાક આચાર્ય મિત્રોનો પગાર તા. ૧/૧/૨૦૦૬ પછી નિમણૂક પામેલા આચાર્ય મિત્રો કરતા ઓછો ફિક્સ થયેલો છે તેવા પગાર વિસંગતતા ધરાવતા આચાર્ય મિત્રોને પોતાની વિગતો દિપકભાઈ રાવલ, મોબાઈલ નંબર 94273 72257 પર વોટ્સએપ કરવા વિનંતી.

આપના,

અધ્યક્ષ, પ્રમુખ, મહામંત્રી, સારસ્વત સંપાદક

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા આયોજીત શિક્ષણ સેવા સંગઠન પર્વ

અમદાવાદ જિલ્લો



અમદાવાદ જિલ્લો



અમદાવાદ શહેર



અમદાવાદ શહેર



ગાંધીનગર જિલ્લો



ગાંધીનગર જિલ્લો



નવસારી જિલ્લો



ગીર સોમનાથ જિલ્લો



ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા આયોજીત શિક્ષણ સેવા સંગઠન પર્વ

સુરત શહેર



સુરત શહેર



સુરત જિલ્લો



સુરત જિલ્લો



અમરેલી જિલ્લો



અમરેલી જિલ્લો



બનાસકાંઠા જિલ્લો



બનાસકાંઠા જિલ્લો



ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા આયોજીત શિક્ષણ સેવા સંગઠન પર્વ

મહેસાણા જિલ્લો



મહેસાણા જિલ્લો



મહીસાગર જિલ્લો



મહીસાગર જિલ્લો



ડાંગ અને તાપી જિલ્લો



ડાંગ અને તાપી જિલ્લો



જૂનાગઢ જિલ્લો



જૂનાગઢ જિલ્લો



ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા આયોજીત શિક્ષણ સેવા સંગઠન પર્વ

પંચમહાલ જિલ્લો



પંચમહાલ જિલ્લો



રાજકોટ શહેર/જિલ્લો



રાજકોટ શહેર/જિલ્લો



ખેડા જિલ્લો



ખેડા જિલ્લો



મોરબી જિલ્લો



મોરબી જિલ્લો



ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા આયોજીત શિક્ષણ સેવા સંગઠન પર્વ

સાબરકાંઠા જિલ્લો



સાબરકાંઠા જિલ્લો



વડોદરા શહેર/જિલ્લો



વડોદરા શહેર/જિલ્લો



દાહોદ જિલ્લો



દાહોદ જિલ્લો



અરવલ્લી જિલ્લો



અરવલ્લી જિલ્લો



ज़िंदगी कैसी है पहेली...
જીવનની પહેલી ઉકેલતાં 21મી સદીના કૌશલ્યો

- ડૉ. નીરવ એન. ઠક્કર
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

21મી સદીમાં તકનીકી, સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં મોટા પાયે અને ઝડપી પરિવર્તનો થઈ રહ્યાં છે, જેના આપણે સૌ સાક્ષી છીએ. આ બદલાતી પરિસ્થિતિને અનુરૂપ વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે શિક્ષણના હેતુઓ, અભિગમ અને શિક્ષણપદ્ધતિઓમાં મૂળભૂત ફેરફારો કરવા અત્યંત આવશ્યક બન્યું છે. હવે શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકોમાં આપવામાં આવેલી માહિતી યાદ રાખવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ વિવેચનાત્મક વિચારશક્તિ, સર્જનાત્મકતા, સહયોગ અને અનુકૂલનશીલતાને પ્રોત્સાહન આપવાનું માધ્યમ બન્યું છે.

શિક્ષકો અને શાળાસંચાલકો માટે આ પરિવર્તનનો અર્થ એ છે કે તેઓ આધુનિક શિક્ષણપદ્ધતિઓ અપનાવે, જે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક અને સતત પરિવર્તનશીલ વિશ્વ માટે તૈયાર કરે. શાળાઓમાં શીખવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી પરંપરાગત શિક્ષણપદ્ધતિઓ મુખ્યત્વે નિષ્ક્રિય અધ્યયન અને પાઠ્યપુસ્તક-આધારિત અભ્યાસ પર કેન્દ્રિત હતી. તેના સ્થાને હવે શિક્ષણ વિદ્યાર્થી-કેન્દ્રિત અને પરસ્પર ક્રિયાત્મક બને તે જરૂરી છે.

શાળા સંચાલકો શિક્ષણ માટે પોષક શાળાકીય ભાવાવરણ પૂરું પાડે, જેથી શાળાકીય શિક્ષણ વિદ્યાર્થીઓ માટે માત્ર જ્ઞાનનો સંચય કરવા પૂરતું મર્યાદિત ન રહે, પરંતુ તેઓ જ્ઞાનનો વ્યવહારુ અને વાસ્તવિક ઉપયોગ કરવાનું શીખે.

વિદ્યાર્થીઓને 21મી સદીના કૌશલ્યોથી સજ્જ બનાવવા માટે શિક્ષકોએ આધુનિક શિક્ષણપદ્ધતિઓ, જેમ કે પ્રકલ્પ-આધારિત અધ્યયન (Project-Based Learning), અન્વેષણ-આધારિત અધ્યયન (Inquiry-Based Learning), ટેક્નોલોજી સંકલન (Technology Integration) અને વ્યક્તિગત જરૂરિયાતોને અનુરૂપ શિક્ષણ (Personalized Learning) અમલમાં મૂકવું પડશે.

આ પદ્ધતિઓ વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા જગાડવામાં, સમસ્યા-નિરાકરણની ક્ષમતા કેળવવામાં અને સ્વતંત્ર વિચારશક્તિ વિકસાવવામાં મદદ કરે છે, જેથી તેઓ શૈક્ષણિક અને વાસ્તવિક જીવનના પડકારોનો સામનો કરી શકે.

21મી સદીના કૌશલ્યો

આ કૌશલ્યોને ત્રણ મુખ્ય ક્ષેત્રોમાં વહેંચી શકાય છે :

ક્ષેત્ર	મુખ્ય કૌશલ્યો
અધ્યયન અને નવાચાર કૌશલ્યો	• વિવેચનાત્મક વિચારશક્તિ
	• સર્જનાત્મકતા અને નવાચાર
	• પ્રત્યાયન
	• સહયોગ
માહિતી, મીડિયા અને ટેક્નોલોજી કૌશલ્યો	• માહિતી સાક્ષરતા
	• મીડિયા સાક્ષરતા
	• ટેક્નોલોજી સાક્ષરતા - ડિજિટલ સાક્ષરતા
જીવન અને કારકિર્દી કૌશલ્યો	• લવચીકતા અને અનુકૂલનશીલતા
	• નેતૃત્વ અને જવાબદારી
	• પહેલ અને સ્વ-દિશાનિર્ધારણ
	• ઉત્પાદકતા અને ઉત્તરદાયિત્વ
	• સામાજિક અને આંતરસાંસ્કૃતિક કૌશલ્યો

1.1 વિવેચનાત્મક વિચારશક્તિ અને સમસ્યા-નિરાકરણ (Critical Thinking & Problem Solving)

અર્થ, સ્વરૂપ અને શૈક્ષણિક મહત્ત્વ :

વિવેચનાત્મક વિચારશક્તિ એટલે પ્રાપ્ત માહિતીને સ્વીકારી લેતા પહેલાં તેના સ્રોત, પુરાવા, તર્ક, સંભવિત પૂર્વગ્રહો અને તારણોની તપાસ કરવાની ક્ષમતા. સમસ્યા-નિરાકરણ તેની વ્યવહારિક અભિવ્યક્તિ છે—સમસ્યાનું સ્વરૂપ સમજવું, કારણો શોધવાં, વિકલ્પો ઊભા કરવા, પુરાવાના આધારે શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરવો અને પરિણામનું પુનર્મૂલ્યાંકન કરવું.

21મી સદીમાં માહિતીનો વિસ્ફોટ થયો છે તેમજ સોશિયલ મીડિયા અને કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence) દ્વારા ઉત્પન્ન થતી સામગ્રીને ધ્યાનમાં લેતાં આ ક્ષમતા ખૂબ જ મહત્ત્વનું જીવનકૌશલ્ય બની ગયું છે. Bloom's Taxonomyના ઉચ્ચ સ્તરીય વિચારકૌશલ્યો—વિશ્લેષણ, મૂલ્યાંકન અને સર્જન—તથા Vygotskyના Zone of Proximal Development (ZPD) અને માર્ગદર્શન આધારિત અધ્યયન સાથે તેનો નજીકનો સંબંધ છે.

વર્ગખંડમાં દરેક બાબત સીધી સમજાવી દેવા કે તૈયાર જવાબ આપી દેવાને બદલે "આવું કેમ?", "તે અંગેનો પુરાવો શું છે?", "આ સિવાય બીજો કયો દૃષ્ટિકોણ હોઈ શકે?" અને "આ નિષ્કર્ષ કેટલો વિશ્વસનીય છે?" જેવા પ્રશ્નો દ્વારા વિચારને ઊંડો બનાવવાનો છે.

સામાજિક વિજ્ઞાનમાં શહેરના પ્રદૂષણના કારણો અને ઉપાયોનું વિશ્લેષણ, વિજ્ઞાનમાં જળની ગુણવત્તાની તપાસ, ગણિતમાં એકથી વધુ ઉકેલો શક્ય હોય તેવી સમસ્યાઓ અને ભાષામાં દલીલાત્મક લેખન—આ તમામ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં વિવેચનાત્મક વિચારશક્તિ અને સમસ્યા-નિરાકરણ ક્ષમતા વિકસાવવાના અસરકારક માધ્યમ બની શકે છે.

શિક્ષકની ભૂમિકા

શિક્ષક પ્રશ્નકર્તા અને વિચારમાર્ગદર્શકની ભૂમિકા ભજવે. તે એક જ "સાચા" જવાબને કેન્દ્રમાં રાખવાને બદલે પુરાવા માંગે, વિરોધી દલીલો રજૂ કરાવે, વિદ્યાર્થીઓને પોતાની ભૂલ ઓળખવાની તક આપે અને Think-Pair-Share, વાદવિવાદ, કિસ્સા અભ્યાસ (Case Study) તથા કારણ-પરિણામ નકશો (Cause-and-Effect Map) જેવી પદ્ધતિઓ અપનાવે.

મુશ્કેલ પ્રશ્નોમાં જરૂરી સંકેતો અને સહાય આપીને, શીખવાની પ્રગતિ સાથે ધીમે ધીમે સહાય ઘટાડવી એ ZPD આધારિત Scaffoldingનું સચોટ ઉદાહરણ બને છે.

આચાર્ય અને શાળાના નેતૃત્વની ભૂમિકા

આચાર્ય અને શાળા સંચાલકોએ પ્રશ્ન પૂછવાની અને અસહમતિ વ્યક્ત કરવાની સુરક્ષિત શૈક્ષણિક સંસ્કૃતિ વિકસાવવી જરૂરી છે. વિદ્યાર્થી પ્રશ્ન કરે અથવા અસહમતિ વ્યક્ત કરે ત્યારે તેને શિસ્તભંગ તરીકે નહીં, પરંતુ શૈક્ષણિક પ્રક્રિયાના ભાગરૂપે જોવું જોઈએ.

પુસ્તકાલય, માહિતીના સ્ત્રોતો, ચર્ચાસભાઓ, વિષયમંડળો અને પ્રોજેક્ટ માટેનો સમય ઉપલબ્ધ કરાવવા શાળાએ સંસ્થાકીય અવકાશ પૂરો પાડવો જોઈએ.

પ્રોજેક્ટ આયોજન : વર્ગખંડથી વાસ્તવિક જીવન સુધી

"આપણા વિસ્તારની હવા કેટલી સ્વચ્છ છે?" જેવા પ્રોજેક્ટમાં વિદ્યાર્થી સમસ્યા નિર્ધારિત કરે, સ્થાનિક ટ્રાફિક અને ધૂળના કારણો શોધે, જુદા-જુદા વિસ્તારોનાં અવલોકનો નોંધે, નગરપાલિકાના દસ્તાવેજો અને વિશ્વસનીય વેબસાઇટોમાંથી માહિતી મેળવે, કારણોનું વર્ગીકરણ કરે અને વ્યવહારુ ઉકેલો સૂચવે. અંતે તેઓ સૂચવેલા ઉકેલોની વ્યવહારિકતા અને મર્યાદાઓ પણ રજૂ કરે.

માહિતીના સ્રોત અને પુરાવા

પાઠ્યપુસ્તક ઉપરાંત સરકારી અહેવાલો, સ્થાનિક સંસ્થાના આંકડા, સમાચારપત્રોની તુલના, વિષય નિષ્ણાત સાથેની મુલાકાત, ક્ષેત્ર અવલોકન, સર્વેક્ષણ અને વિશ્વસનીય શૈક્ષણિક વેબસાઇટોનો ઉપયોગ કરવો જોઈએ.

AI દ્વારા મળેલી માહિતીનો ઉપયોગ કરવામાં આવે તો મૂળ સ્રોત ચકાસવો, તારીખ અને સંદર્ભ જોવો અને મહત્ત્વપૂર્ણ દાવાઓને શક્ય હોય ત્યાં એકથી વધુ વિશ્વસનીય સ્રોતોથી ચકાસવા.

વિદ્યાર્થીના અધ્યયનનું પુરાવા-આધારિત મૂલ્યાંકન

મૂલ્યાંકનમાં માત્ર અંતિમ જવાબ સાચો છે કે નહીં તે જોવાને બદલે, વિદ્યાર્થી સમસ્યાને કેવી રીતે સમજે છે, પુરાવાનો કેવી રીતે ઉપયોગ કરે છે અને કયા તર્કના આધારે નિષ્કર્ષ સુધી પહોંચે છે તેને વધુ મહત્ત્વ આપવું જોઈએ.

આ માટે મૂલ્યાંકન માપદંડ (Rubric)માં સમસ્યાની યોગ્ય ઓળખ, વિશ્વસનીય પુરાવાનો ઉપયોગ, તર્કની સુસંગતતા, વિવિધ વિકલ્પોની વિચારણા અને પોતાના અધ્યયન તથા કાર્ય અંગેનું પરાવર્તન (Reflection) જેવા મુદ્દાઓનો સમાવેશ કરી શકાય.

વિચાર-ડાયરી (Thinking Journal), દલીલ નકશો (Argument Map), મૌખિક પ્રશ્નોત્તરી, સહપાઠી મૂલ્યાંકન (Peer Assessment) અને પાઠના અંતે વિદ્યાર્થીએ શું સમજ્યું તે જાણવા માટેની ટૂંકી નોંધ (Exit Ticket) પણ અધ્યયનના અસરકારક પુરાવા બની શકે છે.

અમલીકરણ માટેનાં સૂચનો

શરૂઆત માટે શિક્ષક ચાર સરળ બાબતો અપનાવી શકે—ખુલ્લા પ્રશ્નો (Open-ended Questions) પૂછવા, દરેક વિષયમાં "તમારા જવાબ માટેનો પુરાવો શું છે?" એવો પ્રશ્ન નિયમિત રીતે પૂછવો, ભૂલને નિષ્ફળતા નહીં પરંતુ શીખવાની તક તરીકે સ્વીકારવી અને પ્રશ્ન પૂછ્યા પછી વિદ્યાર્થીઓને વિચારવા માટે પૂરતો સમય (Think Time / Wait Time) આપવો.

મોટા વર્ગોમાં નાના જૂથોમાં ચર્ચા (Small-group Discussion) અને એક જ મુદ્દાને જુદી-જુદી ભૂમિકાઓ કે દૃષ્ટિકોણથી રજૂ કરવાની પ્રવૃત્તિ (Role-based Discussion / Perspective-taking Activity) દ્વારા વધુ વિદ્યાર્થીઓને વિચારવાની, પોતાનો મત રજૂ કરવાની અને અન્યના તર્કને સમજવાની તક આપી શકાય.

અન્વેષણ-આધારિત અધ્યયન (Inquiry-Based Learning) સાથે જોડાણ

અન્વેષણ-આધારિત અધ્યયન (Inquiry-Based Learning)માં વિદ્યાર્થીઓને જાતે પ્રશ્નો પૂછવા અને તેના જવાબો શોધવા માટે પૂરતો અવકાશ આપવો જોઈએ. શિક્ષક તૈયાર જવાબ આપવાને બદલે તેમને તપાસ અને શોધની દિશામાં માર્ગદર્શન આપે.

ઉદાહરણ તરીકે, "ઉનાળામાં આપણા શહેરમાં પાણીની માંગ કેમ વધી જાય છે?" એવો પ્રશ્ન લઈને વિદ્યાર્થીઓ પહેલાં સંભવિત કારણોનું અનુમાન કરે, ત્યારબાદ જરૂરી માહિતી અને સંબંધિત આંકડા એકત્ર કરે, તેનું વિશ્લેષણ કરે અને પુરાવાના આધારે પોતાનું તારણ રજૂ કરે. આ રીતે પ્રશ્નથી શરૂ થયેલું અધ્યયન ધીમે ધીમે અનુમાન → માહિતી સંગ્રહ → વિશ્લેષણ → તારણ સુધી પહોંચે છે.

ટેક્નોલોજી સંકલન

Spreadsheetમાં ડેટા ગોઠવવો, Google Forms દ્વારા સર્વે કરવો, ડિજિટલ માઇન્ડ-મૅપ તૈયાર કરવો અને AI સાધન દ્વારા મળેલા બે જુદા જવાબોની તુલના કરવી. અહીં ટેક્નોલોજી માત્ર જવાબ મેળવવાનું સાધન નથી; તે પુરાવાની તપાસ કરવા, માહિતી ગોઠવવા અને વિચારને વધુ સ્પષ્ટ બનાવવા માટેનું માધ્યમ બને છે.

વ્યક્તિગત અધ્યયન (Personalized Learning)

વિદ્યાર્થીઓની શીખવાની જરૂરિયાત અને ક્ષમતા અનુસાર એક જ અધ્યયનકાર્ય જુદી-જુદી રીતે આપી શકાય. વાંચનમાં સક્ષમ વિદ્યાર્થીને બે અહેવાલોની તુલના કરવાનું કાર્ય આપી શકાય, જ્યારે દશ્ય રજૂઆતથી વધુ સારી રીતે સમજતા વિદ્યાર્થીને કારણ અને પરિણામ દર્શાવતો નકશો (Cause-and-Effect Map) તૈયાર કરાવી શકાય. ભાષાકીય સહાયની જરૂર હોય તેવા વિદ્યાર્થીને ઑડિયો સ્રોતો (Audio Resources) આપી શકાય અને વધુ સક્ષમ વિદ્યાર્થીને વિષયની વિરોધી દલીલ (Counter Argument) તૈયાર કરવાની જવાબદારી સોંપી શકાય.

આમ, બધા વિદ્યાર્થીઓ માટે અધ્યયનનું લક્ષ્ય એક જ—પુરાવાના આધારે વિચારવાની ક્ષમતા (Evidence-based Thinking)—રહે, પરંતુ તે લક્ષ્ય સુધી પહોંચવાનો માર્ગ વિદ્યાર્થીની જરૂરિયાત, તૈયારીનું સ્તર અને શીખવાની ગતિ અનુસાર અલગ હોઈ શકે છે.

વિચાર કરો :

આ કૌશલ્યને આવતી કાલના એક નિયમિત પાઠમાં ઉમેરવા માટે તમે કયો એક નાનો ફેરફાર કરી શકો?

1.2 સર્જનાત્મકતા અને નવાચાર (Creativity & Innovation)

અર્થ, સ્વરૂપ અને શૈક્ષણિક મહત્ત્વ

સર્જનાત્મકતા એટલે નવી રીતે અથવા જુદી રીતે વિચારવાની, જાણીતી વસ્તુઓમાં કંઈક નવું જોવાની અને એક કરતાં વધુ ઉકેલો કે શક્યતાઓ શોધવાની ક્ષમતા. નવાચાર એ સર્જનાત્મક વિચારને ઉપયોગી, કાર્યક્ષમ અને સંદર્ભસુસંગત ઉકેલમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા છે. Brunerનું Discovery Learning, Deweyનું "Learning by Doing" અને Kolbનું અનુભવચક્ર (Experiential Learning Cycle) સક્રિય, અનુભવ-આધારિત અને શોધમૂલક અધ્યયન માટે મજબૂત શૈક્ષણિક આધાર આપે છે.

આ કૌશલ્ય માત્ર કળા કે ડિઝાઇન સુધી મર્યાદિત નથી. ગણિતમાં અલગ પદ્ધતિથી સમસ્યાનો ઉકેલ શોધવો, ભાષામાં કોઈ વાર્તા, કવિતા કે અન્ય રચનાનો નવો અંત અથવા વિકલ્પરૂપ રજૂઆત

કરવી, વિજ્ઞાનમાં સ્થાનિક સમસ્યાના ઉકેલનું મોડેલ બનાવવું અથવા સામાજિક વિજ્ઞાનમાં જાહેર જાગૃતિ અભિયાન તૈયાર કરવું — આ બધાં સર્જનાત્મક વિચારના ઉદાહરણો છે. મુખ્ય હેતુ એક જ જવાબ કરતાં વિચારોની વિવિધતા અને ઉપયોગિતાને મહત્ત્વ આપવાનો છે.

શિક્ષકની ભૂમિકા

શિક્ષકે Brainstorming, SCAMPER (સ્કેમ્પર), Design Challenge, Open-ended Tasks અને Prototype જેવી પ્રવૃત્તિઓ અપનાવવી. SCAMPER એ સર્જનાત્મક વિચાર માટેની એવી પદ્ધતિ છે, જેમાં બદલવું (Substitute), જોડવું (Combine), અનુરૂપ બનાવવું (Adapt), ફેરફાર કરવો (Modify), અન્ય ઉપયોગ શોધવો (Put to another use), દૂર કરવું (Eliminate) અને ઉલટાવવું અથવા ફરી ગોઠવવું (Reverse/Rearrange) જેવા વિચારપ્રેરક પ્રશ્નો દ્વારા કોઈ વસ્તુ, વિચાર અથવા ઉકેલને નવી રીતે જોવામાં આવે છે.

કોઈ વિચારને તરત "ખોટો વિચાર" કહીને અટકાવવાને બદલે "આ વિચાર કેમ કામ કરી શકે?" અથવા "કયા સંજોગોમાં કામ ન કરી શકે?" તેની ચર્ચા કરવી. ડ્રાફ્ટ-પ્રતિસાદ-સુધારાની ચક્રીય પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓને પોતાના વિચાર પર ફરી કામ કરવાની તક આપવી.

આચાર્ય અને શાળાના નેતૃત્વની ભૂમિકા

શાળા સ્તરે Maker Space, Tinkering Corner, કળા-વિજ્ઞાન સંકલિત પ્રદર્શન, નવાચાર દિવસ (Innovation Day) અને સ્થાનિક સમસ્યા-ઉકેલ પ્રોજેક્ટ માટે પૂરતો સમય તથા સાધનસામગ્રી માટે જરૂરી નાનું બજેટ ઉપલબ્ધ કરાવવું. પરિણામ જેટલું જ પ્રયત્ન અને સુધારાને પણ માન્યતા આપતી શાળા સંસ્કૃતિ જરૂરી છે.

પ્રોજેક્ટ આયોજન : વર્ગખંડથી વાસ્તવિક જીવન સુધી

"શાળામાં પાણીનો બગાડ કેવી રીતે ઘટાડવો?" જેવા પ્રોજેક્ટમાં વિદ્યાર્થી પાણીના ઉપયોગનું અવલોકન કરે, લીકેજ અને અનાવશ્યક વપરાશ ઓળખે, વિવિધ ઉકેલોના સ્કેચ બનાવે, સરળ Prototype તૈયાર કરે અને નિર્ધારિત સમયગાળાના પરીક્ષણ બાદ તેમાં સુધારો કરે. અંતિમ મોડેલ સાથે ખર્ચ અને જાળવણીની વિગતો પણ રજૂ કરવામાં આવે.

માહિતીના સ્રોત અને પુરાવા

સ્થાનિક કારીગરો, પ્લમ્બર, કૃષિ નિષ્ણાત, શાળાના જાળવણી કર્મચારી, વિશ્વસનીય શૈક્ષણિક YouTube ચેનલો, NCERT અને સરકારી સામગ્રી, સરળ પેટન્ટ અને ડિઝાઇનના ઉદાહરણો તથા સમુદાયના પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ થઈ શકે. માત્ર કૉપિ કરવાને બદલે Adaptation અને Attributionનો યોગ્ય ઉપયોગ શીખવવો.

વિદ્યાર્થીના અધ્યયનનું પુરાવા-આધારિત મૂલ્યાંકન

Rubricમાં વિચારોની વિવિધતા, મૌલિકતા, ઉપયોગિતા, Prototypeનું પરીક્ષણ, પ્રતિસાદના આધારે સુધારો અને રજૂઆતનો સમાવેશ કરવો. માત્ર "સુંદર મોડેલ" માટે ગુણ ન આપતાં સમસ્યાની સમજ અને પુનઃસુધારાની ચક્રીય પ્રક્રિયા (Iteration)ને પણ મૂલ્ય આપવું.

અમલીકરણ માટેનાં સૂચનો

સર્જનાત્મકતા વિકસાવવા માટે દરેક પાઠમાં કંઈક નવું બનાવવું જરૂરી નથી. "આ વિભાવના અથવા વિચારને બીજી કઈ રીતે સમજાવી શકાય?", "આ સમસ્યાનો બીજો ઉકેલ શું હોઈ શકે?" અથવા "આ સાધનનો અન્ય કયો ઉપયોગ થઈ શકે?" જેવા નાના પ્રશ્નો અથવા વિવિધ ઉદાહરણો પૂરા પાડીને પણ વિદ્યાર્થીઓને નવી રીતે વિચારવા પ્રેરિત કરી શકાય.

સર્જનાત્મક પ્રવૃત્તિ અંતર્ગત કેટલીક મર્યાદાઓ રાખવી પણ ઉપયોગી બને છે. ઉદાહરણ તરીકે, ઓછા ખર્ચમાં ઉકેલ શોધવો, સ્થાનિક અથવા ફરી ઉપયોગમાં લઈ શકાય તેવી સામગ્રી વાપરવી અને નિર્ધારિત સમયમર્યાદામાં કાર્ય પૂર્ણ કરવું. આવી મર્યાદાઓ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ સંસાધનોનો સમજપૂર્વક ઉપયોગ કરીને વ્યવહારુ અને નવતર ઉકેલો (Innovative Solutions) શોધવા પ્રેરિત કરે છે.

અન્વેષણ-આધારિત અધ્યયન (Inquiry-Based Learning) સાથે જોડાણ

"છોડને ઓછું પાણી આપીને પણ કેવી રીતે તંદુરસ્ત રાખી શકાય?" જેવા પ્રશ્નથી વિદ્યાર્થી જુદી સિંચાઈ પદ્ધતિઓ અંગે અનુમાન કરે, નાનાં પ્રયોગો ચલાવે અને પરિણામોના આધારે પોતાની ડિઝાઇન સુધારે.

ટેક્નોલોજી સંકલન

Digital Drawing, 3D Modelingના સરળ સાધનો, Simulation, Presentation અને Generative AIનો વિચાર-સાથી તરીકે ઉપયોગ કરી શકાય. AI દ્વારા સૂચવાયેલા વિચારોને સીધા સ્વીકારવાને બદલે વિદ્યાર્થી વિકલ્પોની તુલના કરે, યોગ્ય વિચાર પસંદ કરે અને તેમાં પોતાનો સુધારો ઉમેરે.

વ્યક્તિગત અધ્યયન (Personalized Learning)

એક જ સમસ્યાના ઉકેલ માટે કોઈ વિદ્યાર્થી મોડેલ બનાવે, કોઈ પોસ્ટર તૈયાર કરે, કોઈ ખર્ચની ગણતરી કરે, કોઈ વિડિયો દ્વારા સમજાવટ આપે અને કોઈ લેખિત પ્રસ્તાવ તૈયાર કરે. અભિવ્યક્તિના માધ્યમમાં પસંદગી આપવાથી વિદ્યાર્થીની વ્યક્તિગત શક્તિઓને સ્થાન મળે છે, છતાં મૂલ્યાંકનનો મૂળ ધ્યેય સર્જનાત્મક સમસ્યા-ઉકેલ જ રહે છે.

વિચાર કરો :

આ કૌશલ્યને આવતી કાલના એક નિયમિત પાઠમાં ઉમેરવા માટે તમે કયો એક નાનો ફેરફાર કરી શકો?

1.3 પ્રત્યાયન (Communication)

અર્થ, સ્વરૂપ અને શૈક્ષણિક મહત્ત્વ

પ્રત્યાયન એટલે વિચાર, માહિતી, ભાવનાઓ અને દલીલોને સંદર્ભ અને શ્રોતાગણને અનુરૂપ સ્પષ્ટ, સચોટ અને જવાબદાર રીતે વ્યક્ત કરવાની તથા અન્યને સક્રિય રીતે સાંભળવાની ક્ષમતા. તેમાં મૌખિક, લેખિત, દૃશ્ય, ડિજિટલ અને અશાબ્દિક પ્રત્યાયનનાં તમામ સ્વરૂપોનો સમાવેશ થાય છે. ભાષા માત્ર અભિવ્યક્તિનું સાધન જ નહીં, વિચારને તાર્કિક ક્રમમાં ગોઠવવાનું માધ્યમ પણ છે.

શૈક્ષણિક સફળતા, ટીમવર્ક, નાગરિક ભાગીદારી અને કારકિર્દી—દરેક ક્ષેત્રમાં પ્રત્યાયન આધારભૂત છે. સારો જવાબ જાણવો પૂરતો નથી; તેને કોની સમક્ષ, ક્યારે, કયા માધ્યમથી અને કેટલી સંક્ષિપ્તતા કે વિગત સાથે રજૂ કરવો તે પણ શીખવું જરૂરી છે.

શિક્ષકની ભૂમિકા

વર્ગમાં ચર્ચા, મૌખિક રજૂઆત (Oral Presentation), પરાવર્તનાત્મક લેખન (Reflective Writing), સહપાઠી પ્રતિસાદ (Peer Feedback), વાદવિવાદ (Debate) અને બહુવિધ માધ્યમ આધારિત કાર્યો (Multimodal Tasks) માટે નિયમિત તક આપવી. શિક્ષકે પોતે સક્રિય રીતે સાંભળવાનો આદર્શ રજૂ કરવો, પ્રશ્ન પૂછ્યા પછી વિદ્યાર્થીઓને વિચારવા માટે પૂરતો સમય (Wait Time) આપવો અને ભાષાકીય ભૂલને ઉપહાસ કે સંકોચનું કારણ નહીં, પરંતુ શીખવા અને સુધારવાની તક તરીકે જોવી.

આચાર્ય અને શાળાના નેતૃત્વની ભૂમિકા

વક્તૃત્વ, પઠન, શાળા પોડકાસ્ટ, ભીંતપત્ર (Wall Magazine), વિદ્યાર્થી સંસદ, સવારની સભા અને બહુભાષી અભિવ્યક્તિ માટે સંસ્થાકીય માળખું પૂરું પાડવું. શાળા સંચાર નીતિમાં સન્માનપૂર્ણ ભાષા, ડિજિટલ શિષ્ટાચાર અને જવાબદાર સોશિયલ મીડિયા વર્તનનો સમાવેશ કરવો.

પ્રોજેક્ટ આયોજન : વર્ગખંડથી વાસ્તવિક જીવન સુધી

"મારું ગામ/મારો વિસ્તાર" વિષય પર વિદ્યાર્થી એક લેખિત નોંધ, પાંચ મિનિટની મૌખિક રજૂઆત અને એક ડિજિટલ પોસ્ટર અથવા ટૂંકો વિડિયો તૈયાર કરે. દરેક સ્વરૂપ માટે જુદા શ્રોતાગણ નક્કી કરવાથી શબ્દચયન, દૃશ્યરચના અને વિગતોમાં કેવી રીતે ફેરફાર થાય છે તે સમજાય.

માહિતીના સ્રોત અને પુરાવા

સ્થાનિક લોકોની મુલાકાત, ગામ અથવા વોર્ડના દસ્તાવેજો, ફોટોગ્રાફ, નકશા, પુસ્તકાલય, સ્થાનિક ઇતિહાસ અને વિશ્વસનીય વેબસાઇટોનો ઉપયોગ કરી શકાય. મુલાકાત લેતાં સંમતિ, સચોટ નોંધ અને સીધી ઉક્તિઓને સચોટ રીતે રજૂ કરવાની તથા જરૂરી Attribution આપવાની નૈતિકતા શીખવવી.

વિદ્યાર્થીના અધ્યયનનું પુરાવા-આધારિત મૂલ્યાંકન

પ્રત્યાયન કૌશલ્યના મૂલ્યાંકન માટે સ્પષ્ટતા, વિચારોની સુવ્યવસ્થિત રજૂઆત, ભાષાની યોગ્યતા, શ્રોતાગણને અનુરૂપતા, સક્રિય સાંભળવાની ક્ષમતા, યોગ્ય પ્રતિસાદ આપવાની ક્ષમતા, પુરાવાનો ઉપયોગ તથા દૃશ્ય અને ડિજિટલ રજૂઆતની શિસ્ત જેવા માપદંડોને આધારે મૂલ્યાંકન માપદંડ (Rubric) તૈયાર કરી શકાય.

સ્વ-મૂલ્યાંકન (Self-assessment) માટે વિદ્યાર્થી પોતાનું ઑડિયો અથવા વિડિયો રેકોર્ડિંગ જોઈ અથવા સાંભળી "મારી રજૂઆતમાં શું સારું હતું?" અને "હું કયા બે મુદ્દામાં સુધારો કરી શકું?" તે અંગે ટૂંકી નોંધ લખી શકે.

અમલીકરણ માટેનાં સૂચનો

દરરોજ બે મિનિટની "Explain to a Partner", અઠવાડિયે એક ટૂંકું લખાણ, વિષયવાર શબ્દભંડોળ અને "એક વિચાર—ત્રણ માધ્યમ" જેવી રૂટીન પ્રત્યાયનને પાઠ્યક્રમમાં સ્વાભાવિક રીતે જોડી શકાય.

અન્વેષણ-આધારિત અધ્યયન (Inquiry-Based Learning) સાથે જોડાણ

વિદ્યાર્થીઓ સ્થાનિક વડીલોને પૂછે: "આ વિસ્તારમાં છેલ્લા 20 વર્ષમાં શું બદલાયું?" પછી તેઓ પ્રશ્નો ઘડે, મુલાકાત લે, જુદા જવાબોની તુલના કરે અને પોતાની સમજ રજૂ કરે. પ્રશ્ન પૂછવો અને સક્રિય રીતે સાંભળવું—બંને પ્રત્યાયનના મહત્ત્વપૂર્ણ ભાગ બને છે.

ટેક્નોલોજી સંકલન

પ્રસ્તુતિ માટેનાં સાધનો (Presentation Tools), ઑડિયો રેકોર્ડિંગ (Audio Recording), પોડકાસ્ટ (Podcast), સહિયારા દસ્તાવેજો (Collaborative Documents) અને ઉપશીર્ષક તથા અનુવાદ સાધનો (Caption/Translation Tools)નો જરૂરિયાત મુજબ ઉપયોગ કરી શકાય.

AIની મદદથી લખાણનો પ્રારંભિક ડ્રાફ્ટ તૈયાર કરવા અથવા તેમાં સુધારો કરવા માટે વિદ્યાર્થીને તક આપી શકાય, પરંતુ અંતિમ લખાણમાં વિદ્યાર્થીની પોતાની સમજ, વિચાર અને અભિવ્યક્તિ સ્પષ્ટપણે દેખાવાં જોઈએ. AI દ્વારા મળેલી માહિતી અને તથ્યોને વિશ્વસનીય સ્રોતો દ્વારા ચકાસવાની ટેવ પણ વિકસાવવી જોઈએ.

વ્યક્તિગત અધ્યયન (Personalized Learning)

બોલવામાં સંકોચ ધરાવતા વિદ્યાર્થીને શરૂઆતમાં ઑડિયો રેકોર્ડિંગ દ્વારા પોતાની વાત રજૂ કરવાની તક આપી શકાય. લેખનમાં વધુ સહજતા અનુભવતા વિદ્યાર્થીને લેખ તૈયાર કરવાનું, દૃશ્ય અભિવ્યક્તિમાં રસ અથવા ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીને ઇન્ફોગ્રાફિક બનાવવાનું અને ભાષાકીય સહાયની જરૂર હોય તેવા વિદ્યાર્થીને વાક્યની શરૂઆત માટેના સંકેતો (Sentence Starters) આપી શકાય.

આવી પસંદગીઓ વિદ્યાર્થીને પોતાની શક્તિ અને જરૂરિયાત અનુસાર અભિવ્યક્તિ કરવાની શરૂઆતની તક આપે છે. સાથે જ ધીમે ધીમે દરેક વિદ્યાર્થીને મૌખિક, લેખિત, દશ્ય અને ડિજિટલ જેવા વિવિધ માધ્યમો દ્વારા પોતાની સમજ અને વિચાર વ્યક્ત કરવાની તક આપવી જોઈએ.

વિચાર કરો :

આ કૌશલ્યને આવતી કાલના એક નિયમિત પાઠમાં ઉમેરવા માટે તમે કયો એક નાનો ફેરફાર કરી શકો?

1.4 સહયોગ (Collaboration)

અર્થ, સ્વરૂપ અને શૈક્ષણિક મહત્ત્વ

સહયોગ એટલે સામૂહિક ધ્યેય માટે ભૂમિકાઓ વહેંચીને, પરસ્પર સન્માન સાથે, મતભેદોને રચનાત્મક રીતે ઉકેલી અને દરેક સભ્યના યોગદાનને જોડીને કાર્ય કરવાની ક્ષમતા. Vygotskyના સામાજિક-રચનાવાદી અધ્યયન અભિગમ અને Banduraના અવલોકન-આધારિત અધ્યયન (Observational Learning) સાથે તેનો ઘનિષ્ઠ સંબંધ છે.

આધુનિક કાર્યસ્થળ, વૈજ્ઞાનિક સંશોધન, સામાજિક વિકાસ અને સ્થાનિક શાસન—બધાંમાં ટીમવર્ક આવશ્યક છે. સહયોગ માત્ર વિદ્યાર્થીઓને જૂથમાં બેસાડવાથી વિકસતો નથી; ભૂમિકાઓ, જવાબદારી, સક્રિય સાંભળવું, પરસ્પર નિર્ભરતા અને જૂથ પરાવર્તન શીખવવું પડે.

શિક્ષકની ભૂમિકા

જૂથ રચતી વખતે વિવિધ ક્ષમતાઓનું સંતુલન રાખવું; સુવિધાકર્તા (Facilitator), નોંધલેખક (Recorder), સંશોધક (Researcher) અને રજૂઆતકર્તા (Presenter) જેવી ભૂમિકાઓ ફરતી રીતે આપવી; જૂથના નિયમો (Group Norms) તૈયાર કરાવવાં; મતભેદ નિવારણ (Conflict Resolution) અને સહપાઠી મધ્યસ્થી (Peer Mediation) શીખવવાં. શિક્ષકે દરેક વિદ્યાર્થીનું યોગદાન સ્પષ્ટપણે દેખાય તે માટે વ્યક્તિગત અને જૂથ—બંને પ્રકારના અધ્યયનના પુરાવા એકત્ર કરવા જોઈએ.

આચાર્ય અને શાળાના નેતૃત્વની ભૂમિકા

શિક્ષકોનું સહયોગી આયોજન (Collaborative Planning), આંતરવિષયક પ્રોજેક્ટ, હાઉસ તેમજ ક્લબ પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થી નેતૃત્વ માટે શાળાકીય સમયરચના કરવી. સ્પર્ધા સાથે સહકારને પણ સન્માન મળે તેવી પુરસ્કાર વ્યવસ્થા વિકસાવવી.

પ્રોજેક્ટ આયોજન : વર્ગખંડથી વાસ્તવિક જીવન સુધી

સ્થાનિક કચરા વ્યવસ્થાપનના અભ્યાસમાં જૂથ સર્વે, ફોટો દસ્તાવેજીકરણ, નગરપાલિકાની મુલાકાત, માહિતી (ડેટા) વિશ્લેષણ અને ઉકેલની રજૂઆત માટે સભ્યો અલગ-અલગ ભૂમિકાઓ લે. અંતે દરેક સભ્ય પોતાનો ફાળો અને જૂથના કાર્ય અંગે પોતાનું પરાવર્તન (Reflection) લખે.

માહિતીના સ્રોત અને પુરાવા

સ્થાનિક નાગરિકો, સફાઈ કર્મચારીઓ, નગરપાલિકા અધિકારીઓ, સરકારી માર્ગદર્શિકા, શાળાની કચરા નોંધ, નકશા અને ક્ષેત્ર અવલોકનનો ઉપયોગ કરી શકાય. જૂથમાં સ્રોતોની યોગ્ય વહેંચણી કરવી અને સહિયારી સંદર્ભસૂચિ (Common Bibliography) જાળવવી.

વિદ્યાર્થીના અધ્યયનનું પુરાવા-આધારિત મૂલ્યાંકન

જૂથના અંતિમ ઉત્પાદન ઉપરાંત ભાગીદારી, સમયપાલન, સાંભળવાની ક્ષમતા, ભૂમિકા નિભાવવી, મતભેદ ઉકેલવા અને સામૂહિક નિર્ણય લેવા જેવા પાસાં માટે Rubric બનાવવી. Peer Ratingને ગુણનિર્ધારણનો એકમાત્ર આધાર ન બનાવવો; શિક્ષકનું અવલોકન અને વ્યક્તિગત પરાવર્તન (Reflection) ને પણ જોડવું.

અમલીકરણ માટેનાં સૂચનો

નાનાં Cooperative Learning Structuresથી શરૂઆત કરવી—Think-Pair-Share, Jigsaw, Numbered Heads Together અને Peer Tutoring જેવી પદ્ધતિઓ ઉપયોગી બની શકે. જૂથકામ પહેલાં "શું કરવું" જેટલું જ "કેવી રીતે સાથે કામ કરવું" તે પણ સ્પષ્ટ કરવું.

અન્વેષણ-આધારિત અધ્યયન (Inquiry-Based Learning) સાથે જોડાણ

એક જ પ્રશ્નના જુદા-જુદા ઉપપ્રશ્નો અલગ જૂથોને આપો અને અંતે Jigsaw પદ્ધતિ દ્વારા જ્ઞાનનું સંકલન કરાવો. જેમ કે, "અમારા વિસ્તારના પાણીના પ્રશ્નો" વિષયમાં પુરવઠો, ગુણવત્તા, વપરાશ અને સંરક્ષણ—આ ચાર પાસાં અલગ જૂથો તપાસે.

ટેક્નોલોજી સંકલન

સહયોગી કાર્ય માટે સહિયારા દસ્તાવેજો (Shared Documents), સહિયારી પ્રસ્તુતિઓ (Collaborative Slides), સહિયારી સ્પ્રેડશીટ (Shared Spreadsheets) અને કાર્ય-વ્યવસ્થાપન બોર્ડ (Task Boards)નો ઉપયોગ કરી શકાય. ટેક્નોલોજી દ્વારા કયા વિદ્યાર્થીએ કેટલું અને કેવું યોગદાન આપ્યું તથા કાર્યમાં કેવી રીતે સુધારા થયા તે પણ જાણી શકાય છે. આથી જૂથકાર્યમાં દરેક સભ્યના યોગદાનના પુરાવા મેળવવામાં મદદ મળે છે.

ડિજિટલ માધ્યમમાં સાથે કામ કરતી વખતે વિદ્યાર્થીઓને ઑનલાઇન શિષ્ટાચાર (Netiquette) નું પાલન કરવું, અન્ય સભ્યના કાર્યમાં પરવાનગી વિના ફેરફાર ન કરવો, મતભેદને સન્માનપૂર્વક વ્યક્ત કરવો અને સહિયારા કાર્યમાં દરેકના યોગદાનને યોગ્ય શ્રેય (Credit) આપતા પણ શીખવવું જોઈએ.

વ્યક્તિગત અધ્યયન (Personalized Learning)

સામાજિક રીતે સંકોચ ધરાવતા વિદ્યાર્થીને નોંધલેખક કે ડિજિટલ સંપાદકની ભૂમિકાથી શરૂઆત કરાવી શકાય. પ્રસ્તુતિમાં આત્મવિશ્વાસ ધરાવતા વિદ્યાર્થીને શરૂઆતમાં રજૂઆતકર્તા (Presenter)ની

ભૂમિકા આપી શકાય. ત્યારબાદ જૂથમાં ભૂમિકાઓની ફેરબદલી (Role Rotation) કરીને દરેક વિદ્યાર્થીને રજૂઆત, આયોજન, સંકલન અને નેતૃત્વ જેવા વિવિધ કૌશલ્યો વિકસાવવાની તક આપવી જોઈએ.

વિચાર કરો :

આ કૌશલ્યને આવતી કાલના એક નિયમિત પાઠમાં ઉમેરવા માટે તમે કયો એક નાનો ફેરફાર કરી શકો?

2. માહિતી, મીડિયા અને ટેક્નોલોજી કૌશલ્યો (IMT)

2.1 માહિતી સાક્ષરતા (Information Literacy)

અર્થ, સ્વરૂપ અને શૈક્ષણિક મહત્ત્વ

માહિતી સાક્ષરતા એટલે માહિતીની જરૂરિયાત ઓળખવી, યોગ્ય માહિતી શોધવી, સ્રોતની વિશ્વસનીયતા તપાસવી, માહિતીનું સંકલન અને વિશ્લેષણ કરવું અને તેનો નૈતિક તથા હેતુલક્ષી ઉપયોગ કરવો. આજે માહિતી વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે અને AI દ્વારા પણ મોટા પ્રમાણમાં સામગ્રી ઉત્પન્ન થાય છે. તેથી વિદ્યાર્થીઓને માત્ર માહિતી મેળવવી જ નહીં, પરંતુ મળેલી માહિતી સાચી અને વિશ્વસનીય છે કે નહીં તે તપાસવાનું શીખવવું ખૂબ જરૂરી છે.

માહિતીના સ્રોત, તારીખ, લેખક, હેતુ, પુરાવા અને પૂર્વગ્રહની તપાસ વિના વિદ્યાર્થી ખોટી માહિતી અને અર્ધસત્યથી ભ્રમિત થઈ શકે છે અથવા અજાણતાં સાહિત્યચોરી કરી શકે છે. સંશોધન કૌશલ્ય અને જવાબદાર નાગરિકતા—બંને માટે આ પાયાની ક્ષમતા છે.

શિક્ષકની ભૂમિકા

શિક્ષકે વિદ્યાર્થીઓને યોગ્ય Keywordsનો ઉપયોગ કરીને માહિતી શોધવી, પ્રાથમિક અને ગૌણ સ્રોતો (Primary and Secondary Sources) વચ્ચેનો તફાવત સમજવો, સંદર્ભ દર્શાવવો (Citation), માહિતીને પોતાના શબ્દોમાં રજૂ કરવી (Paraphrasing) અને તથ્યોની ખરાઈ કરવી (Fact-checking) જેવી બાબતો શીખવવી જોઈએ.

માહિતીના સ્રોતની વિશ્વસનીયતા ચકાસવા માટે CRAAP માપદંડનો ઉપયોગ એક સરળ classroom framework તરીકે કરી શકાય. તેમાં માહિતી કેટલી તાજેતરની અને સમયોચિત છે (Currency), વિષય સાથે કેટલી સંબંધિત છે (Relevance), લેખક અથવા સ્રોત કેટલો વિશ્વસનીય અને અધિકૃત છે (Authority), માહિતી કેટલી ચોક્કસ અને પુરાવા-આધારિત છે (Accuracy) તથા તે કયા હેતુથી રજૂ કરવામાં આવી છે (Purpose)—આ પાંચ બાબતોની ચકાસણી કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓને એક જ વિષય અંગેની માહિતી એકથી વધુ વિશ્વસનીય સ્રોતોમાંથી મેળવીને તેની તુલના કરવાની ટેવ પાડવી જોઈએ. સાથે જ "આ માહિતી સાચી હોવાનું આપણે શાના આધારે

માની શકીએ?" આવો પ્રશ્ન નિયમિત રીતે પૂછવાથી તેમનામાં માહિતીની વિશ્વસનીયતા ચકાસવાની ટેવ વિકસે છે.

આચાર્ય અને શાળાના નેતૃત્વની ભૂમિકા

સુવ્યવસ્થિત પુસ્તકાલય, E-resources, ડિજિટલ ઍક્સેસ, લાઇબ્રેરી પિરિયડ અને માહિતી નૈતિકતા અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા તથા નીતિ ઉપલબ્ધ કરાવવી. શિક્ષકોને Credible Sources અને Plagiarism અંગેની તાલીમ આપવી.

પ્રોજેક્ટ આયોજન : વર્ગખંડથી વાસ્તવિક જીવન સુધી

"ગુજરાતમાં પાણીના સ્રોત" વિષય પર વિવિધ પ્રકારના સ્રોત—સરકારી અહેવાલ, નકશો, સ્થાનિક મુલાકાત, સમાચાર અને શૈક્ષણિક લેખ—મેળવી Source Evaluation Sheet તૈયાર કર્યા પછી જ નિષ્કર્ષ લખવો.

માહિતીના સ્રોત અને પુરાવા

સરકારી વેબસાઇટો, NCERT અને SCERT, Census of India, RBI, WHO અને UNESCO જેવી સંસ્થાઓ, Peer-reviewed સામગ્રી, સ્થાનિક પ્રાથમિક સ્રોતો અને પુસ્તકાલયનો ઉપયોગ કરી શકાય. Wikipedia અથવા AIનો પ્રારંભિક દિશાસૂચક સ્રોત તરીકે ઉપયોગ કરવામાં આવે તો અંતિમ પુરાવા માટે મૂળ અને વિશ્વસનીય સ્રોત સુધી પહોંચવું જરૂરી છે.

વિદ્યાર્થીના અધ્યયનનું પુરાવા-આધારિત મૂલ્યાંકન

વિદ્યાર્થી માહિતી શોધવા માટે યોગ્ય Keywords અને શોધપદ્ધતિનો ઉપયોગ કરે છે કે નહીં, વિવિધ પ્રકારના સ્રોતોમાંથી માહિતી મેળવે છે કે નહીં, સ્રોતની વિશ્વસનીયતા ચકાસી શકે છે કે નહીં, વ્યવસ્થિત નોંધ તૈયાર કરે છે કે નહીં અને જરૂરી Citation આપે છે કે નહીં—આ બાબતોના આધારે Rubric દ્વારા મૂલ્યાંકન કરી શકાય.

વિદ્યાર્થી જુદા-જુદા સ્રોતોમાંથી મળેલી માહિતીને સમજી, સંકલિત કરીને પોતાના શબ્દોમાં રજૂ કરી શકે છે કે નહીં અને સાહિત્યચોરી (Plagiarism) ટાળે છે કે નહીં—તેને પણ મૂલ્યાંકનમાં સ્થાન આપવું જોઈએ.

વિદ્યાર્થીએ કયા સ્રોતોમાંથી માહિતી મેળવી, તેમાંથી કઈ માહિતી ઉપયોગી લાગી અને તેનો પોતાના કાર્યમાં કેવી રીતે ઉપયોગ કર્યો તેની ટૂંકી નોંધ રાખવી જોઈએ. ટિપ્પણીયુક્ત સંદર્ભસૂચિ (Annotated Bibliography) અને સ્રોત નોંધપોથી (Source Log) દ્વારા વિદ્યાર્થીની માહિતી શોધવાની, તેની વિશ્વસનીયતા ચકાસવાની અને તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની ક્ષમતાના સ્પષ્ટ પુરાવા મળી શકે છે.

અમલીકરણ માટેનાં સૂચનો

દરેક પ્રોજેક્ટમાં સ્રોત નોંધ (Source Note/Source Log) રાખવાની ટેવ વિકસાવવી, અઠવાડિયામાં એક Fact-check Activity કરાવવી અને પુસ્તકાલય તથા વિષયશિક્ષક વચ્ચે સહકાર રાખવો. માહિતીનો ઉપયોગ કરતાં પહેલાં "કોણે લખ્યું? ક્યારે? શા માટે?"—આ ત્રણ પ્રશ્નો નિયમિત રીતે પૂછવાની ટેવ વિકસાવવી.

અન્વેષણ-આધારિત અધ્યયન (Inquiry-Based Learning) સાથે જોડાણ

ઉદાહરણ તરીકે, વિદ્યાર્થી પ્રશ્ન કરે કે, "અમારા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓ અધવચ્ચે શાળા છોડી દે છે (Dropout) તેની સાચી માહિતી ક્યાંથી મળી શકે?" ત્યારબાદ તે સરકારી અહેવાલો અને અન્ય વિશ્વસનીય સ્રોતોમાંથી માહિતી શોધે, જુદા-જુદા સ્રોતોના આંકડાની સરખામણી કરે અને તેમાં તફાવત જણાય તો તેનું કારણ શોધવાનો પ્રયત્ન કરે. આમ, વિદ્યાર્થી માત્ર માહિતી મેળવતો નથી, પરંતુ તેની વિશ્વસનીયતા ચકાસવાનું પણ શીખે છે.

ટેક્નોલોજી સંકલન

વિદ્યાર્થીઓને અદ્યતન શોધપદ્ધતિઓ (Advanced Search Techniques), સ્પ્રેડશીટ, ઉપયોગી વેબપૃષ્ઠો સાચવવાની પદ્ધતિ (Bookmarking), સંદર્ભ નોંધવાના સાધનો (Citation Tools), ચિત્રનો મૂળ સ્રોત શોધવાની પદ્ધતિ (Reverse Image Search) અને AI દ્વારા મળેલી માહિતીની ખરાઈ કરવાની પદ્ધતિઓ (AI Fact-checking) શીખવવી જોઈએ.

જનરેટિવ AI (Generative AI) પાસેથી મળેલી માહિતી કે તેણે દર્શાવેલા સ્રોતોને સીધા સાચા માની લેવા જોઈએ નહીં. AI ક્યારેક અસ્તિત્વમાં ન હોય તેવા, ખોટા અથવા અચોક્કસ સ્રોતો પણ દર્શાવી શકે છે. તેથી માહિતી અને તેના મૂળ સ્રોતની વિશ્વસનીયતા અલગથી ચકાસવાની ટેવ વિદ્યાર્થીઓમાં વિકસાવવી જરૂરી છે.

વ્યક્તિગત અધ્યયન (Personalized Learning)

વધુ માર્ગદર્શનની જરૂર હોય તેવા વિદ્યાર્થીને શિક્ષકે અગાઉથી પસંદ કરેલા ત્રણ વિશ્વસનીય સ્રોત અને માહિતી શોધવા માટે માર્ગદર્શક કાર્યપત્રક (Guided Worksheet) આપી શકાય. વધુ સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે તેવા વિદ્યાર્થીને પોતાની રીતે માહિતી શોધવાની, જુદા-જુદા સ્રોતોની વિશ્વસનીયતા સરખાવવાની અને ઉપયોગમાં લીધેલા સ્રોતોનો યોગ્ય સંદર્ભ (Citation) આપવાની જવાબદારી સોંપી શકાય.

આ રીતે શરૂઆતમાં જરૂરી માર્ગદર્શન અને સહાય (Scaffolding) આપીને, ધીમે ધીમે તે સહાય ઘટાડતાં વિદ્યાર્થીને સ્વતંત્ર રીતે માહિતી શોધવા, ચકાસવા અને તેનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા સક્ષમ બનાવી શકાય છે.

વિચાર કરો :

આ કૌશલ્યને આવતી કાલના એક નિયમિત પાઠમાં ઉમેરવા માટે તમે કયો એક નાનો ફેરફાર કરી શકો?

2.2 મીડિયા સાક્ષરતા (Media Literacy)

અર્થ, સ્વરૂપ અને શૈક્ષણિક મહત્ત્વ

મીડિયા સાક્ષરતા (Media Literacy) એટલે સમાચાર, જાહેરાતો, વિડિયો, ફિલ્મ, સોશિયલ મીડિયા પોસ્ટ, મીમ, ફોટોગ્રાફ અને ગ્રાફિક્સ દ્વારા મળતા સંદેશાઓને સમજવાની, તેમની વિશ્વસનીયતા તપાસવાની તથા તેમની પાછળ રહેલા હેતુ, રજૂઆત, પૂર્વગ્રહ (Bias) અને સંભવિત પ્રભાવનું વિશ્લેષણ કરવાની ક્ષમતા.

આજે સોશિયલ મીડિયા, કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence—AI) અને જનરેટિવ AI (Generative AI)ના કારણે માહિતીનું સર્જન અને પ્રસાર ખૂબ ઝડપી બન્યાં છે. AIની મદદથી તૈયાર થતા, સાચા જેવા દેખાતા કૃત્રિમ કે ફેરફાર કરેલા ફોટા, અવાજ અથવા વિડિયો (Deepfakes)ને કારણે સાચી અને ભ્રામક માહિતી વચ્ચેનો ભેદ ઓળખવો વધુ મુશ્કેલ બન્યો છે. તેથી મીડિયા સાક્ષરતા માત્ર શૈક્ષણિક કૌશલ્ય નહીં, પરંતુ જાગૃત અને જવાબદાર નાગરિક બનવા માટેનું આવશ્યક કૌશલ્ય છે.

કોઈ પણ માધ્યમ માત્ર માહિતી આપતું નથી; તે કઈ માહિતી પસંદ કરે છે, કઈ બાબતને મહત્ત્વ આપે છે, કયા શબ્દો અને દૃશ્યોનો ઉપયોગ કરે છે અને કઈ બાબતોને રજૂ કરતું નથી—તેના આધારે ઘટનાનું એક ચોક્કસ ચિત્ર ઊભું કરે છે. આ પ્રક્રિયાને રજૂઆતનું માળખું ઘડવાની પ્રક્રિયા (Framing) કહી શકાય. તેથી વિદ્યાર્થીએ "શું કહેવામાં આવ્યું છે?" તેની સાથે "શું કહેવામાં આવ્યું નથી?", "આ સંદેશ કોણે અને શા માટે તૈયાર કર્યો છે?", "આ રજૂઆતથી કોને લાભ થઈ શકે?" અને "આ રજૂઆત મારા વિચાર કે પ્રતિભાવને કેવી રીતે અસર કરે છે?" જેવા પ્રશ્નો પણ પૂછતાં શીખવું જોઈએ.

શિક્ષકની ભૂમિકા

શિક્ષક એક જ ઘટના અંગે બે અથવા વધુ સમાચાર શીર્ષકો (Headlines), ફોટોગ્રાફ, વિડિયો અથવા સોશિયલ મીડિયા પોસ્ટની તુલના કરાવી શકે. તેના દ્વારા તથ્ય (Fact) અને અભિપ્રાય (Opinion) વચ્ચેનો તફાવત સમજાવવો જોઈએ.

વિદ્યાર્થીઓને જાહેરાતરૂપે રજૂ થતી સામગ્રી (Sponsored Content), ધ્યાન ખેંચવા માટેનાં ભ્રામક શીર્ષકો (Clickbait), રૂઢિબદ્ધ રજૂઆત (Stereotype), પૂર્વગ્રહ અને ફેરફાર કરેલી અથવા ભ્રામક મીડિયા સામગ્રી (Manipulated Media) ઓળખવાની પ્રવૃત્તિઓ કરાવી શકાય. રાજકીય, સામાજિક કે અન્ય સંવેદનશીલ મુદ્દાઓની ચર્ચામાં શિક્ષકે કોઈ ચોક્કસ મતને પ્રોત્સાહન આપવાને બદલે તથ્યો, પુરાવા

અને વિવિધ દૃષ્ટિકોણોના આધારે સંતુલિત અને પુરાવા-આધારિત વિશ્લેષણ કરવાની ટેવ વિકસાવવી જોઈએ.

આચાર્ય અને શાળાના નેતૃત્વની ભૂમિકા

શાળામાં જવાબદાર ડિજિટલ વર્તન માટે સ્પષ્ટ ડિજિટલ નાગરિકતા નીતિ (Digital Citizenship Policy) વિકસાવવી જોઈએ. મીડિયા ક્લબ (Media Club), તથ્ય-ચકાસણી ખૂણો (Fact-check Corner), શાળાના સામયિક કે સમાચારપત્રમાં વિશ્વસનીય માહિતીના ઉપયોગ માટેનાં ધોરણો અને સાયબર જાગૃતિ (Cyber Awareness) કાર્યક્રમો દ્વારા મીડિયા સાક્ષરતાને શાળાકીય સંસ્કૃતિનો ભાગ બનાવી શકાય.

કોઈ વિદ્યાર્થી અજાણતાં ખોટી કે ભ્રામક માહિતી (Misinformation) શેર કરે ત્યારે માત્ર દંડાત્મક અભિગમ અપનાવવાને બદલે તે માહિતીની ખરાઈ કેવી રીતે કરી શકાય, મૂળ સ્રોત કેવી રીતે શોધી શકાય અને ભવિષ્યમાં આવી માહિતી શેર કરતાં પહેલાં શું તપાસવું જોઈએ—તે શીખવવાની તક તરીકે આ ઘટનાનો ઉપયોગ કરવો વધુ યોગ્ય છે.

પ્રોજેક્ટ આયોજન : વર્ગખંડથી વાસ્તવિક જીવન સુધી

"એક જ સમાચાર જુદા માધ્યમોમાં કેવી રીતે રજૂ થાય છે?" એવો પ્રોજેક્ટ આપી શકાય. વિદ્યાર્થીઓ કોઈ એક જાહેર ઘટનાની ત્રણ અલગ મીડિયા સ્રોતોમાં થયેલી રજૂઆત પસંદ કરે.

ત્યારબાદ તેઓ સમાચાર શીર્ષક, ઉપયોગમાં લેવાયેલા ફોટા કે દૃશ્યો, માહિતીનો મૂળ સ્રોત (Original Source), રજૂ ન કરવામાં આવેલી અથવા ઓછું મહત્ત્વ આપવામાં આવેલી બાબતો અને સમાચારની ભાષા તથા રજૂઆતના સ્વર અથવા લહેજા (Tone)ની તુલના કરે. અંતે પોતાના તારણો સાથે મીડિયા વિશ્લેષણ અહેવાલ (Media Analysis Report) તૈયાર કરે.

આવી પ્રવૃત્તિથી એક જ ઘટનાની રજૂઆત જુદા માધ્યમોમાં કેવી રીતે અને શા માટે બદલાઈ શકે છે તેની સમજ વિકસે છે.

માહિતીના સ્રોત અને પુરાવા

મીડિયા સામગ્રીની ખરાઈ માટે પ્રતિષ્ઠિત સમાચાર સંસ્થાઓ, પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો (PIB), સરકારી પ્રેસ નોંધ, મૂળ સરકારી દસ્તાવેજો અને આંકડા, મૂળ ફોટોગ્રાફ, વિડિયો અથવા અન્ય પ્રાથમિક મીડિયા સામગ્રી તથા વિશ્વસનીય તથ્ય-ચકાસણી સ્રોતો (Fact-checking Sources)નો ઉપયોગ કરવો જોઈએ.

સોશિયલ મીડિયા પર આવેલી કોઈ પોસ્ટ, ફોટોગ્રાફ કે વિડિયોને તેનો મૂળ સ્રોત અને સંદર્ભ (Context) તપાસ્યા વિના વિશ્વસનીય પુરાવા તરીકે સ્વીકારવો જોઈએ નહીં. ખાસ કરીને "વાયરલ છે એટલે સાચું છે" એવી માન્યતાથી વિદ્યાર્થીઓને દૂર રાખવું જરૂરી છે.

વિદ્યાર્થીના અધ્યયનનું પુરાવા-આધારિત મૂલ્યાંકન

વિદ્યાર્થી મીડિયા સંદેશનો મૂળ સ્રોત ઓળખી શકે છે કે નહીં, તેનો હેતુ સમજી શકે છે કે નહીં, તેમાં વપરાયેલી ભાષા અને દૃશ્યોની અસરનું વિશ્લેષણ કરી શકે છે કે નહીં, માહિતીની ખરાઈ માટે પુરાવા શોધે છે કે નહીં અને સંભવિત પૂર્વગ્રહ (Bias) ઓળખી શકે છે કે નહીં—આ બાબતોને આધારે મૂલ્યાંકન માપદંડ (Rubric) તૈયાર કરી શકાય.

વિદ્યાર્થીને કોઈ એક વિષય પર તથ્યો અને વિશ્વસનીય સ્રોતોના આધારે જવાબદાર અને પુરાવા-આધારિત સોશિયલ મીડિયા પોસ્ટ, પોસ્ટર, ટૂંકો વિડિયો અથવા સમાચાર અહેવાલ તૈયાર કરાવવો એ કાર્ય-આધારિત મૂલ્યાંકન (Performance-based Assessment) બની શકે છે. આવી કૃતિઓ વિદ્યાર્થીના અધ્યયનના પુરાવા (Learning Evidence) તરીકે પણ ઉપયોગી બની શકે છે.

અમલીકરણ માટેનાં સૂચનો

મીડિયા સાક્ષરતા માટે હંમેશાં અલગ વિષય કે પિરિયડની જરૂર નથી. અઠવાડિયામાં પાંચ મિનિટનું "સમાચાર શીર્ષક તપાસીએ" (Headline Check), કોઈ વાયરલ દાવાની ખરાઈ (Viral Claim Verification), જાહેરાતનું વિશ્લેષણ અથવા "તથ્ય કે અભિપ્રાય?" (Fact or Opinion?) જેવી નાની પ્રવૃત્તિઓ નિયમિત શિક્ષણપ્રક્રિયા સાથે જોડી શકાય.

વાલીઓ માટે ટૂંકા Media and Digital Literacy Sessions યોજવાથી બાળકોને શાળા અને ઘર—બંને સ્થળે જવાબદાર મીડિયા ઉપયોગ માટે સમાન માર્ગદર્શન મળી શકે છે.

અન્વેષણ-આધારિત અધ્યયન (Inquiry-Based Learning) સાથે જોડાણ

"એક જ ઘટનાની રજૂઆત જુદા સમાચાર માધ્યમોમાં અલગ કેમ હોય છે?" જેવા પ્રશ્નથી અન્વેષણ શરૂ કરી શકાય. વિદ્યાર્થીઓ વિવિધ સ્રોતોમાંથી સમાચાર એકત્ર કરે અને તેમાં વપરાયેલી ભાષા, શીર્ષક, ફોટોગ્રાફ, માહિતીના સ્રોત તથા લક્ષિત શ્રોતાગણ/વાચકવર્ગ (Target Audience)નું વિશ્લેષણ કરે. ત્યારબાદ પુરાવાના આધારે પોતાનાં તારણો રજૂ કરે.

આ રીતે તૈયાર જવાબ આપવાને બદલે પ્રશ્ન, તપાસ, તુલના, પુરાવા અને તારણની પ્રક્રિયા દ્વારા સમજ વિકસે છે.

ટેક્નોલોજી સંકલન

ફોટોગ્રાફનો મૂળ સ્રોત શોધવા માટે રિવર્સ ઇમેજ સર્ચ (Reverse Image Search), વેબસાઇટ અને મૂળ સ્રોતની ખરાઈ (Source Verification), વિડિયોની મૂળ અથવા પહેલાની આવૃત્તિ શોધવી તથા વિશ્વસનીય તથ્ય-ચકાસણી સાધનો (Fact-checking Tools)નો ઉપયોગ કેવી રીતે કરવો તેનો પ્રાથમિક પરિચય કરાવી શકાય.

AI દ્વારા તૈયાર થતા નકલી ફોટા, અવાજ અને વિડિયો અંગે પણ વયાનુરૂપ ચર્ચા કરવી જરૂરી છે. વિદ્યાર્થીઓમાં એ સમજ વિકસાવવી જોઈએ કે કોઈ ફોટો, અવાજ કે વિડિયો ખૂબ જ વાસ્તવિક દેખાય એટલા માત્રથી તે સાચો હોવાનું સાબિત થતું નથી.

વ્યક્તિગત અધ્યયન (Personalized Learning)

વિદ્યાર્થીની ઉંમર, સમજ અને શૈક્ષણિક સ્તરને અનુરૂપ પ્રવૃત્તિનું ઊંડાણ બદલવું જોઈએ. પ્રાથમિક અથવા નીચલા ધોરણોમાં "સમાચાર અને જાહેરાત વચ્ચે શું તફાવત છે?" જેવી સરળ ઓળખ પ્રવૃત્તિ કરી શકાય. મધ્ય ધોરણોમાં એક જ સમાચારનાં જુદા શીર્ષકોની તુલના કરાવી શકાય. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ધોરણોમાં સોશિયલ મીડિયા અલ્ગોરિધમ્સ (Algorithms), મીડિયા પૂર્વગ્રહ અને Deepfake સામગ્રીનું વિશ્લેષણ કરાવી શકાય.

આ રીતે એક જ મીડિયા સાક્ષરતા કૌશલ્યને વિદ્યાર્થીની ઉંમર, સમજ, રસ અને અધ્યયનની જરૂરિયાતોને અનુરૂપ જુદા-જુદા સ્તરે અને ઊંડાણ સાથે વિકસાવી શકાય છે.

વિચાર કરો :

આવતી કાલના તમારા કોઈ એક નિયમિત પાઠમાં વિદ્યાર્થીઓને "આ માહિતી સાચી છે કે નહીં, તે આપણે કેવી રીતે જાણી શકીએ?" એવો પ્રશ્ન પૂછવાની તક ક્યાં ઊભી કરી શકાય?

2.3 ટેક્નોલોજી અને ડિજિટલ સાક્ષરતા (Technology & Digital Literacy)

અર્થ, સ્વરૂપ અને શૈક્ષણિક મહત્ત્વ

ટેક્નોલોજી અને ડિજિટલ સાક્ષરતા એટલે કમ્પ્યુટર, મોબાઇલ, ઇન્ટરનેટ, વિવિધ એપ્લિકેશન અને અન્ય ડિજિટલ સાધનોનો યોગ્ય, સુરક્ષિત, સર્જનાત્મક અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાની ક્ષમતા. તેમાં ડિજિટલ નાગરિકતા (Digital Citizenship), સાયબર સુરક્ષા (Cyber Security), ડેટાની ગોપનીયતા (Data Privacy), કૃત્રિમ બુદ્ધિમત્તાની સમજ (AI Literacy) અને ગણનાત્મક વિચારશક્તિ (Computational Thinking)નો પણ સમાવેશ થાય છે.

માત્ર ડિજિટલ સાધનો ચલાવતાં આવડવું એટલે ડિજિટલ રીતે સક્ષમ હોવું એવું નથી. કઈ પરિસ્થિતિમાં કઈ ટેક્નોલોજી ઉપયોગી છે, ઇન્ટરનેટ પર પોતાની વ્યક્તિગત માહિતી કેવી રીતે સુરક્ષિત રાખવી, મજબૂત પાસવર્ડ કેવી રીતે બનાવવો અને અજાણી લિંક કે સંદેશથી કેવી રીતે સાવચેત રહેવું—આ બધું સમજવું એટલું જ જરૂરી છે.

કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence—AI)નો ઉપયોગ વધતો જાય છે ત્યારે વિદ્યાર્થીએ એ પણ સમજવું જોઈએ કે AI દ્વારા આપવામાં આવતો દરેક જવાબ સાચો જ હોય તે જરૂરી નથી. તેમાં ભૂલ, અધૂરી માહિતી કે પૂર્વગ્રહ (Bias) હોઈ શકે છે. તેથી AIનો વિચારપૂર્વક અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો અને તેમાંથી મળેલી માહિતીની ખરાઈ કરવી જરૂરી છે.

શિક્ષકની ભૂમિકા

શિક્ષકે કોઈ પણ ડિજિટલ સાધનનો ઉપયોગ કરાવતાં પહેલાં "આ સાધનનો ઉપયોગ શા માટે કરી રહ્યા છીએ?" તે વિદ્યાર્થીઓને સ્પષ્ટ કરવું જોઈએ. ટેક્નોલોજી માત્ર રજૂઆત (Presentation) માટે જ નહીં, પરંતુ માહિતી શોધવા, સર્જન કરવા, સમસ્યા ઉકેલવા, સહયોગથી કામ કરવા, માહિતીનું વિશ્લેષણ કરવા તથા નવા વિચારો વિકસાવવા માટે ઉપયોગી બને તે જરૂરી છે.

વિદ્યાર્થીઓને વયાનુરૂપ રીતે મજબૂત પાસવર્ડ બનાવવાની પદ્ધતિઓ (Strong Password Practices), ગોપનીયતા સેટિંગ્સ (Privacy Settings), છેતરપિંડીભર્યા ઈ-મેઇલ, સંદેશ અથવા લિંક ઓળખવી (Phishing Awareness), કૉપિરાઇટ (Copyright), AIને સ્પષ્ટ અને યોગ્ય સૂચનાઓ આપવી (Prompting) અને AI દ્વારા મળેલી માહિતીની ખરાઈ (AI Verification) જેવી બાબતો સમજાવવી જોઈએ.

આચાર્ય અને શાળાના નેતૃત્વની ભૂમિકા

શાળાએ સુરક્ષિત ઇન્ટરનેટ ઍક્સેસ અને Wi-Fi, ડિજિટલ સાધનોના ઉપયોગ માટે સ્પષ્ટ નિયમો (Digital Device Policy), સાયબર સુરક્ષા, ડેટાની ગોપનીયતા અને શિક્ષકો માટે જરૂરી તાલીમની વ્યવસ્થા કરવી જોઈએ. તમામ વિદ્યાર્થીઓને ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની સમાન તક મળે તેની પણ કાળજી લેવી જરૂરી છે.

શાળામાં AIના ઉપયોગ માટે સરળ અને સ્પષ્ટ માર્ગદર્શિકા હોવી જોઈએ. તેમાં AIનો ઉપયોગ ક્યાં કરી શકાય, ક્યાં ન કરવો જોઈએ, AIની મદદ લેવામાં આવી હોય તો તેનો ઉલ્લેખ ક્યાં અને કેવી રીતે કરવો તથા AIથી મળેલી માહિતીની ખરાઈ કેવી રીતે કરવી—તે સ્પષ્ટ કરવું જોઈએ.

પ્રોજેક્ટ આયોજન : વર્ગખંડથી વાસ્તવિક જીવન સુધી

વિદ્યાર્થીઓને સ્થાનિક જરૂરિયાત સાથે જોડાયેલું નાનું ડિજિટલ સાધન તૈયાર કરવાનો પ્રોજેક્ટ આપી શકાય. ઉદાહરણ તરીકે, ગણિતની પ્રેક્ટિસ માટે નાની રમત અથવા ક્વિઝ Scratch, micro:bit અથવા સરળ કોડિંગ વિનાના પ્લેટફોર્મ (No-code Platform)ની મદદથી બનાવી શકાય.

વિદ્યાર્થીઓ પ્રથમ સાધન કોના માટે અને કઈ જરૂરિયાત પૂરી કરવા બનાવી રહ્યા છે તે નક્કી કરે. ત્યારબાદ તેનો પ્રારંભિક નમૂનો (Prototype) તૈયાર કરે, સહપાઠીઓ પાસે તેનો ઉપયોગ કરાવે, પ્રતિસાદ મેળવે અને જરૂરી સુધારા કરે. સાથે જ વ્યક્તિગત માહિતીની સુરક્ષા અને ગોપનીયતાનું પણ ધ્યાન રાખે.

માહિતીના સ્રોત અને પુરાવા

ડિજિટલ અધ્યયન માટે NCERT, DIKSHA, સરકારી Cyber Security માર્ગદર્શિકા અને સામગ્રી, વિશ્વસનીય શૈક્ષણિક વેબસાઇટો, શિક્ષકે પસંદ કરેલા વિડિયો અને માર્ગદર્શિકાઓ તથા વિષયને અનુરૂપ ડિજિટલ સિમ્યુલેશન (Simulation)નો ઉપયોગ કરી શકાય.

કોઈ અજાણી એપ્લિકેશન કે સોફ્ટવેરનો ઉપયોગ કરતાં પહેલાં તે કઈ પરવાનગીઓ (Permissions) માગે છે અને વપરાશકર્તાની માહિતીનો કેવી રીતે ઉપયોગ કરે છે તે તપાસવાની ટેવ વિકસાવવી જોઈએ.

વિદ્યાર્થીના અધ્યયનનું પુરાવા-આધારિત મૂલ્યાંકન

મૂલ્યાંકનમાં માત્ર વિદ્યાર્થીએ સુંદર ડિજિટલ ઉત્પાદન બનાવ્યું છે કે નહીં તે જોવું પૂરતું નથી. તેણે યોગ્ય ડિજિટલ સાધન પસંદ કર્યું છે કે નહીં, માહિતી અને ડેટાનો સુરક્ષિત રીતે ઉપયોગ કર્યો છે કે નહીં, કૉપિરાઇટના નિયમોનું પાલન કર્યું છે કે નહીં, ડિજિટલ કાર્ય દરમિયાન આવતી સમસ્યાનો યોગ્ય ઉકેલ શોધી શકે છે કે નહીં અને AIનો ઉપયોગ કર્યો હોય તો AIથી મળેલી માહિતીની ખરાઈ કરી છે કે નહીં—આ બાબતોને પણ મહત્ત્વ આપવું જોઈએ.

વિદ્યાર્થીના ડિજિટલ પ્રોજેક્ટ, રજૂઆતો, પરાવર્તન નોંધો અને અન્ય સર્જનોનો સંગ્રહ કરીને ડિજિટલ પોર્ટફોલિયો (E-Portfolio) તૈયાર કરી શકાય. તે વિદ્યાર્થીની પ્રગતિનો સારો પુરાવો બની શકે છે.

અમલીકરણ માટેનાં સૂચનો

શાળામાં "જ્યાં ટેક્નોલોજીથી અધ્યયનમાં ખરેખર મૂલ્ય ઉમેરાય ત્યાં જ તેનો ઉપયોગ કરવો" (Technology Only When It Adds Learning Value) એવો અભિગમ રાખવો જોઈએ. દરેક પ્રવૃત્તિમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જરૂરી નથી.

ડિજિટલ સાધનો મર્યાદિત હોય તો વિદ્યાર્થીઓને જૂથમાં સાધનોનો ઉપયોગ કરાવી શકાય. ઇન્ટરનેટની સુવિધા મર્યાદિત હોય ત્યાં ઑફલાઇન ડિજિટલ સામગ્રી (Offline Resources)નો ઉપયોગ કરી શકાય. દરેક ડિજિટલ પ્રવૃત્તિમાં સુરક્ષા અને ગોપનીયતાની યોગ્ય ચકાસણી પણ કરવી જોઈએ.

અન્વેષણ-આધારિત અધ્યયન (Inquiry-Based Learning) સાથે જોડાણ

"AI એક જ પ્રશ્નના જુદા-જુદા જવાબો કેમ આપી શકે છે?" જેવા પ્રશ્નથી અન્વેષણ શરૂ કરી શકાય. વિદ્યાર્થીઓ એક જ પ્રશ્ન AIને જુદી-જુદી રીતે પૂછીને મળેલા જવાબોની તુલના કરે, વિશ્વસનીય સ્રોતોથી તેની ખરાઈ કરે અને જવાબોમાં રહેલી ભૂલો કે પૂર્વગ્રહ અંગે ચર્ચા કરે.

આવી પ્રવૃત્તિથી વિદ્યાર્થી AIને માત્ર જવાબ મેળવવાના સાધન તરીકે નહીં, પરંતુ વિચાર, તપાસ અને જવાબદાર ઉપયોગ માટેના સાધન તરીકે સમજતા થાય છે.

ટેક્નોલોજી સંકલન

વિષય અને વય પ્રમાણે કોડિંગ (Coding), સ્પ્રેડશીટ (Spreadsheet), ડિજિટલ સિમ્યુલેશન (Simulation), સહયોગી ડિજિટલ પ્લેટફોર્મ્સ (Collaborative Platforms), જનરેટિવ AI (Generative AI) અને વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે સહાયક ટેક્નોલોજી (Assistive Technology)નો ઉપયોગ કરી શકાય.

પરંતુ ટેક્નોલોજી ગમે તેટલી વિકસિત હોય, અંતિમ નિર્ણય લેવાની, માહિતીની ખરાઈ કરવાની અને યોગ્ય-અયોગ્યનું મૂલ્યાંકન કરવાની જવાબદારી માનવીની જ રહે છે—આ સમજ વિદ્યાર્થીઓમાં વિકસાવવી અત્યંત જરૂરી છે.

વ્યક્તિગત અધ્યયન (Personalized Learning)

એક જ કાર્ય પૂર્ણ કરવા માટે દરેક વિદ્યાર્થીએ એક જ રીત અપનાવવી જરૂરી નથી. કોઈ વિદ્યાર્થી કીબોર્ડથી લખી શકે, બીજો અવાજને લખાણમાં ફેરવતી સુવિધા (Voice-to-Text)નો ઉપયોગ કરી શકે અને ત્રીજો વિદ્યાર્થી ચિત્ર, ચાર્ટ કે અન્ય દૃશ્ય સાધન (Visual Tool) દ્વારા પોતાની સમજ રજૂ કરી શકે.

વિશેષ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે લખાણને અવાજમાં વાંચીને સંભળાવવાની સુવિધા (Text-to-Speech), અવાજને લખાણમાં ફેરવવાની સુવિધા (Voice-to-Text) અને લખાણનું કદ વધારવાની સુવિધા જેવી સુલભતા સુવિધાઓ (Accessibility Features) ઉપલબ્ધ કરાવી શકાય. આમ, ટેક્નોલોજી વિદ્યાર્થીઓની ભિન્ન જરૂરિયાતોને અવરોધ બનવા દેવાને બદલે તેને શીખવાની વિવિધ તકોમાં ફેરવી શકે છે.

વિચાર કરો :

તમારા આવતી કાલના કોઈ એક પાઠમાં ટેક્નોલોજીનો ઉપયોગ માત્ર આકર્ષણ માટે નહીં, પરંતુ વિદ્યાર્થીના અધ્યયનને વધુ અસરકારક બનાવવા માટે કેવી રીતે કરી શકાય?

(જીવન અને કારકિર્દી માટેનાં આવશ્યક કૌશલ્યો આવતા અંકે)

ગુરૂકુળ - શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન
આધ્યાત્મિક શિક્ષણના અનુભવો

લેખાંક–7 : સંપૂર્ણ જીવન, વડોદરા

ભૂમિકા :

'શ્રીસારસ્વત'ના ગતાંક જુન-જુલાઈના અંકમાં ગુરુકુળ વ્યવસ્થાના તત્વના અમલીકરણ વિષયનું વિશ્લેષણ કરી ગયા. આ લેખમાં આધ્યાત્મિક શિક્ષણના ફલસ્વરૂપ શિક્ષકોમાં આવેલા પરિવર્તનની ચર્ચા કરીશું.

વડોદરાની શાળાના શિક્ષકોના પ્રતિભાવો :

વડોદરાની ન્યૂ સર્વમંગલ અને સંત કબીર શાળાના શિક્ષકોને આધ્યાત્મિક ક્ષેત્રના મહત્વના વિષયો પરમાત્માનું સ્વરૂપ, આપણું બંધારણ, સૃષ્ટિની રચના, અધ્યાત્મના સિદ્ધાંતા વગેરેનું શિક્ષણ આપવામાં આવ્યું. તેમને સમજાવવામાં આવ્યું કે જેવી રીતે ભૌતિક શિક્ષણની વ્યવસ્થા દ્વારા નિરક્ષર વ્યકિતઓના બાળકોમાં મૂળભૂત પરિવર્તન આવે છે તેમાંના કેટલાક મુખ્યમંત્રીશ્રી કે બંધારણસભાના પ્રમુખ સુધી રાષ્ટ્રના સર્વોચ્ચ સ્થાન સુધી પહોંચી શક્યા છે. ભૌતિક શિક્ષણના પરિણામે જે સંસાધનો કાચી અવસ્થામાં પડયા હતા તેનો ઉપયોગ કરીને, સુખ માટેના સાધનોનું નિર્માણ કરવાની સુગ્રથિત વ્યવસ્થા ગોઠવવામાં આવી. દા.ત. આયર્ન ઔરમાં લોખંડ તો હતું જ પણ ૧૭મી સદી પહેલાં તે વણવપરાયેલી સ્થિતિમાં હતું. ભારતીય ઉદ્યોગના ભીષ્મપિતામહ જમશેદજી તાતાએ 'તાતા આયર્ન એન્ડ સ્ટીલ' કંપનીનો ૧૯૦૭માં આરંભ કર્યો અને આપણે પોલાદના ઉત્પાદનમાં સ્વાવલંબી થઈ શક્યા. આજે જયાં વિશ્વમાં જયાં પણ આયર્ન ઔર છે એનું રૂપાંતરણ કરીને, લોખંડ કે પોલાદ બનાવવામાં આવે છે. તેમાંથી યંત્રો, ગાડીઓ, પંખા જેવા અનેક સુખના સાધનો તૈયાર કરીને દરેક મનુષ્યના ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થાનું નિર્માણ શકય બન્યું છે.

તેવી જ રીતે પરમાત્માનું મુખ્ય પ્રયોજન દરેક વ્યક્તિને શાશ્વત પ્રસન્ન રાખવાનું છે. પરંતુ આપણે અનુભવીએ છીએ કે સુખના આટલા બધા સાધનો પછી પણ મોટાભાગના માણસો આધ્યાત્મિક રીતે નિરક્ષર હોવાથી પ્રસન્ન રહી શકતા નથી. ઘણીવાર તો સમૃદ્ધિ જ તેમના દુ:ખ અને વિષાદનું કારણ બને છે તેથી ઉપરોકત શિક્ષકોને સમજાવવામાં આવ્યું કે વિદ્યાર્થીઓને આ શિક્ષણ આપીને તૈયાર કરવામાં આવે તે પૂર્વે શિક્ષકોએ ભણવાનું આવશ્યક હતું.

તેમને આત્મા અને પરમાત્માના સ્વરૂપના શિક્ષણથી ખ્યાલ આવ્યો કે તેઓ તો આત્મા સ્વરૂપ છે, દેહ તો એમનો નોકર છે. અને વિદ્યાર્થીઓને દેહભાવમાંથી આત્મભાવમાં લઈ જવાની આ પ્રક્રિયા સમજાવવાની છે. ભૌતિક શિક્ષણમાં જે સિદ્ધાંતો છે ગુરુત્વાકર્ષણ કે થર્મોડાયનેમિકસ કામ કરે છે અને તેનો ઉપયોગ કરીને આપણે સુખી થઈ શકીએ છીએ.

ભૌતિક શિક્ષણ ૧૫ વર્ષ દરમિયાન ૧૫૦૦૦ કલાક મેળવવામાં આવે તો તેનાથી તે વ્યકિત આજીવિકા પ્રાપ્ત કરવા માટે લાયક બને છે. જયારે આધ્યાત્મિક શિક્ષણ માત્ર ૫૦ કલાક જ પ્રાપ્ત કરવાથી વ્યકિત કોઈપણ વિકટ પરિસ્થિતિમાં પણ પ્રસન્ન રહેતા શીખી જાય છે.

અધ્યાત્મના સિદ્ધાંતો જેવા કે કર્મનો સિદ્ધાંત, આનંદનો સિદ્ધાંત, આવિર્ભાવનો સિદ્ધાંત વગેરેનું અધ્યયન, ચિંતન અને મનન કરીને આપણે પ્રસન્ન રહી શકીએ. આ વાત બાળકોને ભણાવતા પહેલા શિક્ષકોના મનમાં વસી ગઈ અને તેના જે પરિણામો આવ્યા તે ખૂબ ઉત્સાહપ્રેરક છે. અહીં બે દૃષ્ટાંતો લઈશું.

એક શિક્ષિકાબહેનને છેલ્લાં કેટલાક વર્ષોથી એમની સાસુ સાથે અણબનાવ હતો. ઘરમાં સાથે રહે પરંતુ સ્થિતિ ઘર્ષણપૂર્ણ હતી. આ શિક્ષણ મેળવ્યા પછી એમનો આત્મા જાગૃત થયો અને ખ્યાલ આવ્યો કે મારાં સાસુની ચાવી મારી પાસે જ છે. તેથી મારે રાગ-દ્વેષ પર નિયંત્રણ રાખવું. પરિણામે તેમની અંદર પરિવર્તન આવ્યું. તેમણે શરૂઆત કરી અને અત્યારે સ્થિતિ એવી છે કે તેમના સાસુ સાથે તેમના મૈત્રીપૂર્ણ સંબંધો રચાઈ ગયા છે. જે દુઃખી અને વિષાદયુક્ત જીવન જીવતા હતા તે ઘરમાં પ્રસન્નતા છવાઈ ગઈ. આ વાત કરતાં કરતાં બહેનની આંખમાં આંસુ આવી ગયા. તેમણે કહ્યું કે હું વિદ્યાર્થીઓને ભણાવીશ ત્યારની વાત ત્યારે પણ મારાં અંગત જીવનમાં જે લાભ મળ્યો છે તે અવર્ણનીય છે.

બીજા એક શિક્ષિકાના સસરાને માંદગી આવી. ઑપરેશન કરવાનું થયું. ઘરમાં બધા જ ચિંતા કરે પણ એ બહેને વાત કરી કે હું નિશ્ચિંત હતી. મને પરમાત્મા ઉપર પૂરી શ્રદ્ધા હતી. અને તેની સાથે સમાજની વ્યવસ્થા પર શ્રદ્ધા હતી કે ડૉકટરો પાસે પર્યાપ્ત ટેકનોલોજી છે. આ શ્રદ્ધાને કારણે સમગ્ર પરિવારને તેમણે સાચવી લીધો અને મારા પતિ તેમજ સાસુ મારાં પર એટલા ખુશ થઈ ગયા કે બેટા, તેં ખૂબ સારી ભૂમિકા ભજવી. પરિવારમાં જે શોક અને દુઃખનું વાતાવરણ સર્જાય ગયું હતું તે એકદમ બદલાઈ ગયું. અમે રોજ રાત્રે પ્રભુ પ્રાર્થના કરવાની શરૂઆત કરી. પોઝિટિવ વાતો કરી. નિયતિનો સ્વીકાર કરવાની તૈયારી દર્શાવી.

સમગ્ર માનસિક સ્થિતિ બદલાઈ ગઈ. એ બહેને કહ્યું કે વિદ્યાર્થીઓને તો ભણાવીશ પણ મારો આ જે સ્વાનુભવ છે તેનાથી મને આંતરિક આનંદની લાગણી થઈ રહી છે. તે શબ્દોમાં વ્યકત કરી શકાય નહીં.

આધ્યાત્મિક શિક્ષણને કારણે અનેક વાનપ્રસ્થો, નિવૃત્ત માણસો જે એમના કર્તવ્યથી વિમૂખ થઈ ગયા હતા. રોગિષ્ટ અને એકલવાયું જીવન જીવતા હતા તે નિષ્કામ કર્મઠ બન્યા. કેટલાક સંપૂર્ણ જીવનના શિક્ષકો તરીકે સેવા આપતા થયા. સમાજમાં તેમને સ્વીકૃતિ મળી અને પ્રસન્ન જીવન જીવતા થઈ ગયા. એક વડીલ ૮૫ વર્ષના છે. તેમના પત્નીને અમેરિકા દીકરાની મદદમાં જવાનું થયું. તે વડીલ સંપૂર્ણ જીવનના કાર્યમાં ૮ કલાક સુધી પ્રવૃત્ત થયા પરિણામે તેમનો સમય એટલો સરસ રીતે પસાર થઈ ગયો કે તે ચારે ચાર વર્ષ વિકટ પરિસ્થિતિમાં હોવા છતાં આનંદી જીવન જીવ્યા. આવા તો કેટલા બધા દાખલા છે. ટૂંકમાં સાર એજ છે કે જેવી રીતે ભૌતિક શિક્ષણથી સમાજમાં વ્યાપક પરિવર્તન આવ્યું છે તેવી જ રીતે આધ્યાત્મિક શિક્ષણનું પણ જો નેટવર્ક બની જાય અને સાક્ષરતાનો દર ૫૦% થી વધારે હાંસલ કરવામાં આવે તો આ દૃષ્ટાંતો પ્રમાણે જે બીના બની તેવું પ્રત્યેક ઘરમાં, વ્યવસાયમાં અને સમાજમાં બને. પરિણામે સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વમાં વાતાવરણ બદલાઈ જાય. આ શિક્ષણ આપવામાં સંપૂર્ણ જીવનને જે ચારે બાજુથી મદદ મળી રહી છે, અસંખ્ય લોકો રસ લઈ રહયા છે, અનેક શુભેચ્છકો આ કાર્યમાં જોડાઈ ગયા છે તે જોતા અમોને શ્રદ્ધા છે કે એક દિવસ એવો આવશે કે વિશ્વની બધી શાળાઓમાં આધ્યાત્મિક શિક્ષણ અપાતું થઈ જશે અને પ્રત્યેક નાગરિક ફકત સુખી નહી પણ પ્રસન્ન જીવન જીવતો થઈ જશે. વિશેષ આવતા અંકે... (ક્રમશઃ)

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

આચાર્ય સજ્જતા

‘ઑગસ્ટ માસ’ ક્રાંતિકારી માસ અને ‘સપ્ટેમ્બર માસ’ ‘શિક્ષક સન્માન માસ’ સમાજમાં ઓળખાય છે

મહેશભાઈ શર્મા
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી
(મો.) 9909970267

ભારતીય લોકશાહી ઉદયમાં ઑગસ્ટ માસનું અદકેરું સ્થાન છે. આપણે સહુ વિદિત છીએ કે ઓગસ્ટ માસમાં અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ મેળવી આઝાદ થયા હતા. હરહંમેશ ઓગસ્ટ માસ ક્રાંતિકારી માસ તરીકે આપણે ઓળખીએ છીએ. ધરણાં, વ્રત, ઉપવાસ, દેખાવો, રેલીઓ, સરઘસ, યાત્રાઓ વગેરે ઓગસ્ટ માસમાં ધમાકેદાર સ્વરૂપે જોવા મળે છે. સજ્જ. ધજ્જ, સુસજ્જ થઈને લોકો જોડાય છે. અને હાકલ પણ કરે છે કે ‘‘જોઈ શું રહ્યા છો? જોડાઈ જાવ..... જોડાણ થતા જાય છે. મંડાણ મંડાતા રહે છે.

શિક્ષણ જગતની વાત કરીએ તો નવી શિક્ષણ નીતિ માટે વિધાર્થીઓને સજ્જ કરવાની કપરી કામગિરી કરવી પડશે. સાથોસાથ વાલી તથા સમાજને જાગૃત રાખી તેમને પણ આ બાબતમાં સજ્જ કરવા પડશે. ખાસ કરીને ગ્રાન્ટેડ શાળાના આચાર્યશ્રીઓએ માટે કપરા ચઢાણ છે. જે હકીકત છે. તેને અવગણી શકાય તેમ નથી. આચાર્યશ્રીઓએ પોતાની સજ્જતા કેળવવા માટે વિદ્યાર્થીઓને, શિક્ષકોને અને વાલી-સમાજને સજ્જ કરવા પડશે. નવી શિક્ષણ નીતીમાં નવું શું છે? શા માટે છે? એ માટેની દિશા નક્કી કરવી પડશે. ટી.વી., મોબાઈલ, ડીશ ટી.વી., ICT@Computer Lab, વિદ્યાદર્શન, બાયોગેસ વગેરે સંદેશાવાહક સંશાધનોના ઉપયોગ આયોજનમાં સામેલ કરવો પડશે. એક હાથે તાળી પડશે નહિ’’.... એ વાતને ખાસ ધ્યાનમાં લેશો. વળી, સમય જે વ્યતીત થયો છે. ભારે વરસાદને કારણ જે દિવસો દરમ્યાન શૈક્ષણિક કાર્ય બંધ રાખેલ છે. તેને પણ ભરપાઈ કરવાના થશે. ક્રાંતિકારી માસમાં ‘‘ક્રાંતિ’’ વેગે સક્રાંતિ ભર્યા શૈક્ષણિક કાર્યો આટોપવા પડશે. આપણે સહુ જાણીએ છીએ કે શિક્ષણ જગત માટે શિક્ષકો અને શૈક્ષણિક ઉપકરણો એટલાં જ જરૂરી છે. જેટલા ઉદ્યોગોમાં ‘‘મેન પાવર’’ અને ‘‘મશીન પાવર’’ મહત્વનાં હોય છે. વળી, અહીં તો સત્તાથી નહિ પરંતુ ગુણવત્તાવાળું કામ આચાર્યશ્રીએ લેવું પડશે. સંચાલક મંડળોએ પણ આચાર્યશ્રીની મદદ માટે, હુંફ માટે સદા તત્પર રહેવું જોઈએ. ‘‘મેઘ સમાન જળ નહિ, મંડળ વિના

બળ નહિ''..... ખાસ ધ્યાનમાં રાખવી પડશે. ઘણીબધી શાળાઓમાં ખાલી જગ્યાઓ છે. તે સંદર્ભ ધ્યાનમાં લેવો જ પડશે. એના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે. વર્ગને સ્વર્ગ જેવો બનાવવા ગુરુપૂર્ણિમાના પવિત્ર અવસરે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલી-સમાજ સજ્જ થશે તો જરૂરથી આચાર્યના આચરણમાં ''આચાર્ય સજ્જતા'' જોવા મળશે જ.

સાંપ્રત શિક્ષણ માટે દુઃખની વાત એ છે કે શિક્ષણ એ હવે સેવા રહી નથી. લાખો-કરોડો રૂપિયાનો વેપલો શિક્ષણ જગતમાં હાહાકાર મચાવી રહ્યો છે. સ્વનિર્ભર શાળાઓની સરખામણીમાં ગ્રાન્ટેડ શાળાઓની સ્થિતિ દયાજનક અને આગામી સમયમાં ભયજનક બની શકે છે. સંચાલક મંડળ આર્થિક સક્ષમ ના હોવાથી ઘણી સમસ્યા ''આચાર્ય ને સજ્જ'' થવામાં નડે છે. મધ્યમવર્ગના લોકો જાગૃત પણ ઘણીવાર ''એક સાંધે ત્યાં તેર તૂટે'' એ બાબતથી શાળાના પ્રકાર (સરકારી, ગ્રાન્ટેડ, સ્વનિર્ભર) થી વાકેફના હોવાથી ''આંધળે બહેરું ફૂટાઈ જાય છે.'' લોકશાહીમાં ઘણીવાર ઘેટાશાહી પણ જોવા મળે છે. ''પિત્તળ એ કંઈ સોનું નથી'' ગ્રાન્ટેડ શાળાઓનો મુત્યુઘંટ વાગે તે પહેલાં પાળ બાંધવા જેવી લાગે છે. ''ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનન આદર્શ શિક્ષક તરીકે છે.'' રાહ ચિંધેલ છે. રાહબર બનવાની જરૂર છે. છેલ્લા બે-ત્રણ વર્ષના પરિણામોથી આપણે માહિતગાર છીએ કે ગ્રાન્ટેડ શાળાઓમાં અને સરકારી શાળાઓમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોના પ્રવેશ સંખ્યા વધી રહી છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં વાપસી (ઘર વાપસી) થઈ રહેલ છે. જે આનંદ અને ગર્વના સમાચાર છે. જેને જાળવવા, આગળ વધારવા ગ્રાન્ટેડશાળાના આચાર્યને સજ્જ કરવા હજી, પ્રયત્નો વધારવા પડશે.

મને આશા છે કે જેમ ''પરસ્પર પ્રિતિ પ્રસરાવે તે સાચો ધર્મ'' તેવી રીતે રાજ્ય સરકાર, શાળા મંડળ, વિદ્યાર્થી, વાલી, સમાજ પરસ્પર સજ્જ થઈ પ્રિતિનો સેતુ બાંધશે તો જરૂરથી ''આચાર્ય સજ્જ થશે'' અને શૈક્ષણિક ધર્મનો જયનાદ પૂરા ગુજરાતમાં

ગુંજી ઉઠશે..... જય જય ગરવી ગુજરાત.....

पढ़ाई का विज्ञान-१५

– प्रांजलभाई જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

परीक्षा में उपस्थित होने के लिए हम सभी को अच्छी तरह से तैयारी (PREPARE) करनी चाहिए। इसका क्या अर्थ है ?

P – R – EP – A – R – E

(**P**lan – **R**espond – **E**xamine **P**rogress –
Amended **P**lan – **R**einforcing – **E**xamination)

योजना (Plan) – पहला P याने प्लान अर्थात "योजना" के लिए है। एक अच्छी योजना सफलता की तरफ पहला कदम है। योजना एक सारणीबद्ध ढांचा है। मेहनत से, सोच विचार करके उसे तैयार किया जाता है। वो त्रुटिरहित होना चाहिए। व्यावहारिक भी होना चाहिए। हमें सभी विषयों और टॉपिक्स को कवर करना चाहिए और उसके लिए आवश्यक समय का अनुमान लगाना चाहिए। यह हर विद्यार्थी के लिए अलग होगा। किसी को किसी विशेष विषय (जैसे गणित या अंग्रेज़ी भाषा) के लिए ज्यादा समय लगेगा। या उस विषय के किसी विशेष टॉपिक (उदाहरण के लिए – विज्ञान में रासायनिक अभिक्रियाओं का टॉपिक) की तैयारी के लिए अधिक समय की आवश्यकता हो सकती है। इसलिए योजना हमेशा "आपके विशेष चीजोंको" ध्यान मैं रख कर की जानी चाहिए, अपनी आवश्यकताओं को ध्यान में रखते हुए की जानी चाहिए। और एक बात - प्रारंभ में अनुमानित समय से अधिक समय की आवश्यकता होने पर अतिरिक्त समय का प्रावधान उसी योजना मैं रखा जाए। योजना करते वक्त परीक्षा के किसी भी विषय के बारे में अव्यावहारिक धारणाएं नहीं होनी चाहिए। परीक्षा से पहले विषय की पुनरावृत्ति (रिवीजन) के लिए पर्याप्त समय का प्रावधान भी उसमें होना चाहिए।

योजना को अमल मैं लाना (Respond) – "R" का अर्थ है अपनी ही योजना पर काम करना, उसे अमल मैं लाना। हमें अपनी योजना पर कार्य करने की आवश्यकता है। यह बहुत महत्वपूर्ण है। मैंने कई बार देखा है कि विद्यार्थी उत्कृष्ट योजना बनाते हैं। योजना अब कागज़ पर प्रस्तुत एक सपना है। आपके पीढ़ी के युवा सबसे अच्छे योजनाकार होते हैं, क्यूंकि आप सभी का "आज्ञा चक्र" जो कल्पना एवं बुद्धि कस्थान है वो हमारी पिढीसे अधिक प्रभावशाली है।

पर अच्छी योजना सिर्फ कागज पे रखना ये अव्यावहारिकता क्यों आती है ? ये हमें सोचना पड़ेगा। अधिकांश योजनाएं कागज़ पर बहुत व्यावहारिक, पूर्ण त्रुटिरहित और आसानी से प्राप्त करने योग्य दिखती हैं। लेकिन इसे वास्तविकता में बदलने की जिम्मेदारी हमारे कंधों पर है। जब तक योजना पर कार्य नहीं किया जाता, वह केवल एक "इच्छा-सूची" है। आपका सपना हमेशा कागज़ पर ही रहेगा। यह कभी वास्तविकता नहीं बनेगा। इसलिए यदि आप वास्तव में परीक्षा में सफलता प्राप्त करना चाहते हैं, तो आपको अपनी योजना पर "कार्य" करने की आवश्यकता है। जहां तक संभव हो, अपनी योजना का पूरा पालन करें।

प्रगति की जांच (Examine Progress) – योजना तैयार करना और फिर उस पर कार्य करना आवश्यक है। लेकिन हमें समय-समय पर अपने अध्ययन की वास्तविक स्थिति के साथ योजना की समीक्षा भी करनी होगी। यदि हम यह निष्कर्ष निकालते हैं कि किसी विशेष विषय की तैयारी के लिए अनुमानित समय से कहीं अधिक समय लग रहा है, तो हमें अपनी योजना में बदलाव करने की आवश्यकता है। जिस सामग्री और नोट्स के आधार पर हमने अपनी पढ़ाई की योजना बनाई है, उसकी उपलब्धता और हमारे मामले में उसकी प्रभावशीलता की जांच करें। नियमित अंतराल पर अपने प्रदर्शन का मूल्यांकन करें। पहचानें कि क्या आपको फिर से किसी शिक्षक से मार्गदर्शन चाहिए, अपने मित्रों और सहपाठियों से मदद लें, उपलब्ध ऑनलाइन सामग्री और उसकी उपयुक्तता की जांच करें, यदि आवश्यक हो तो अधिक संदर्भ पुस्तकें खोजें। यह सबसे महत्वपूर्ण कदम है। यह समय-समय पर किया जाना आवश्यक है। यह कदम आमतौर पर योजना में संशोधन की ओर ले जाता है।

संशोधित योजना (Amended Plan) – अपनी योजना में बदलाव करें। जैसा कि पहले चर्चा की गई, हमें अपनी परीक्षा अध्ययन योजना में निरंतर समायोजन करने की आवश्यकता है। इसके कई कारण हो सकते हैं जैसे पहले अनुमानित की तुलना में पढ़ाई में वास्तविक प्रगति, परीक्षा पत्र की संरचना या पैटर्न में बदलाव के बारे में नई जानकारी, किसी विशेष विषय में मॉक टेस्ट के परिणाम, सीखने की विधि में बदलाव (जैसे पढ़ने से लिखने तक) जो शिक्षकों या साथी छात्रों से मिली प्रतिक्रिया के आधार पर हो या आपके लिए बेहतर विधि पाई गई हो। एक ऐसी योजना बनाना जो गतिशील (डायनामिक) हो, परीक्षा की तैयारी का ये बहुत महत्वपूर्ण पहलू है। अधिकांश समय यह बौद्धिक क्षमताओं के बजाय परीक्षा को अपनाने की "तकनीक" ही होती है जो सफलता सुनिश्चित करती है, और ऐसे बदलावों को समायोजित करने के लिए गतिशील योजना हमारी सफल परीक्षा तैयारी रणनीति में एक महत्वपूर्ण कदम है।

सुदृढ़ीकरण (Reinforcing) – अपनी ताकतों पर ही अपना भविष्य हम निर्माण कर सकते है । याद रखें कि जब तक कोई अपनी ताकतों पर ध्यान केंद्रित नहीं करता, तब तक कोई भी अच्छा प्रदर्शन नहीं कर सकता। परीक्षा तैयारी की अपनी यात्रा के दौरान, विश्लेषण करें कि आप किसमें अच्छे हैं। यह विश्लेषण आवश्यक है जैसे "पढ़ाई

का समय – सुबह बनाम रात", सीखने की विधि – पढ़ना, लिखना, सुनना या इनका संयोजन, वे विषय और टॉपिक्स जो आपको सबसे अधिक पसंद हैं या जिनमें आप अच्छे हैं। हमारी परीक्षा के समग्र स्कोर को बेहतर बनाने के लिए इन ताकतों का पूरा उपयोग करना हमेशा याद रखें। याद रखें कि आत्मविश्वास और अति-आत्मविश्वास के बीच बहुत पतली रेखा होती है। यह विश्लेषणात्मक क्षमता विकसित करने से हमें आत्मविश्वास की सीमाओं के भीतर रहने और अति-आत्मविश्वास के क्षेत्र में जाने के जोखिम से बचने में मदद मिलती है। समय-समय पर आत्म-समीक्षा, मॉक टेस्ट, मित्रों से चर्चा, ये सभी हमें यह जानने में मदद करते हैं कि हम कहां खड़े हैं और हमारी ताकतें क्या हैं। इन ताकतों को सुदृढ़ करें और आत्मविश्वास के साथ परीक्षा में उपस्थित हों।

परीक्षा (Examination) – अपनी परीक्षा में उपस्थित हों (यह सीखने का एक अवसर है)। अच्छी तैयारी करने के बाद, अब समय है परीक्षा को जीवन की एक और स्थिति के रूप में अपनाने का। हालांकि यह बहुत महत्वपूर्ण है, याद रखें कि यह दुनिया का अंत नहीं है। जीवन में कोई भी सीख व्यर्थ नहीं जाती। विश्वास रखें और परीक्षा को सीखने के एक और अवसर के रूप में अपनाएं। आपके द्वारा किए गए प्रयास निश्चित रूप से आपको फल देंगे।

परीक्षाओं के लिए शुभकामनाएं।

"કોઈપણ શિક્ષણ સંસ્થાના શિક્ષકોને તૈયાર કરવાની જવાબદારી આચાર્યની છે."

વિષયજ્ઞાન, શિક્ષણ પદ્ધતિ, આયોજન અને શૈક્ષણિક સાધનોના અસરકારક ઉપયોગ દ્વારા ગુણવત્તાસભર શિક્ષણનું નિર્માણ

- જી. એસ. દેધરોટીયા, પાટણ
પૂર્વ આચાર્ય, ઈલોલ હાઈસ્કૂલ, ઈલોલ.
જિ. સાબરકાંઠા. (મો.) 9427779606

કોઈપણ શૈક્ષણિક સંસ્થાની સૌથી મોટી તાકાત તેની ઈમારતો, આધુનિક વર્ગખંડો કે ટેક્નોલોજી નથી; પરંતુ તેના શિક્ષકો છે. એક સારો શિક્ષક હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડી શકે છે, જ્યારે નબળી તૈયારી ધરાવતો શિક્ષક અનેક વિદ્યાર્થીઓના વિકાસને મર્યાદિત કરી શકે છે. તેથી શિક્ષકોને સતત તૈયાર કરવાનું, માર્ગદર્શન આપવાનું અને તેમની વ્યાવસાયિક ક્ષમતાનો વિકાસ કરાવવાનું સર્વોચ્ચ દાયિત્વ આચાર્યનું છે.

આચાર્ય માત્ર વહીવટી અધિકારી નથી. તે સંસ્થાનો શૈક્ષણિક નેતા (Academic Leader), માર્ગદર્શક (Mentor), પ્રેરક (Motivator), પ્રશિક્ષક (Trainer) અને ગુણવત્તાનો રક્ષક છે. સંસ્થામાં શિક્ષણનું સ્તર કેવું હશે તે મોટાભાગે આચાર્યની દૃષ્ટિ, આયોજન અને શિક્ષકોને સતત સક્ષમ બનાવવાના પ્રયાસો પર આધાર રાખે છે.

શિક્ષક તૈયાર થાય છે, જન્મતો નથી.

કોઈપણ વ્યક્તિ ડિગ્રી મેળવીને શિક્ષક બની શકે, પરંતુ ઉત્તમ શિક્ષક સતત અભ્યાસ, અનુભવ, તાલીમ અને આત્મચિંતનથી બને છે. શિક્ષણ ક્ષેત્રમાં દરરોજ નવા વિચારો, નવી પદ્ધતિઓ, નવી ટેક્નોલોજી અને નવી શૈક્ષણિક જરૂરિયાતો ઉભી થાય છે. તેથી શિક્ષકને સતત અપડેટ રાખવાની જવાબદારી સંસ્થાએ અને ખાસ કરીને આચાર્યે સ્વીકારવી જોઈએ.

સંસ્થામાં એવી સંસ્કૃતિ વિકસાવવી જોઈએ કે જ્યાં દરેક શિક્ષક સતત શીખતો રહે. જે શિક્ષક શીખવાનું બંધ કરે છે, તે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી શકતો નથી.

વિષયજ્ઞાનનું સતત સશક્તિકરણ

શિક્ષકનું પ્રથમ બળ તેનું વિષયજ્ઞાન છે. જો વિષયનું ઊંડાણપૂર્વક જ્ઞાન ન હોય તો શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિ પણ અસરકારક બની શકતી નથી.

આચાર્યએ સમયાંતરે વિષયવાર બેઠક યોજવી જોઈએ, જેમાં શિક્ષકો : • નવા અભ્યાસક્રમનો અભ્યાસ કરે. • કઠિન પ્રકરણોની ચર્ચા કરે. • પ્રશ્નપત્રનું વિશ્લેષણ કરે. • બોર્ડ પરીક્ષાના વલણને સમજે. • વિદ્યાર્થીઓને આવતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરે. • નવી પુસ્તકો, સંશોધન અને સંદર્ભ સામગ્રીનો અભ્યાસ કરે.

વિષયજ્ઞાનમાં સતત વધારો શિક્ષકને આત્મવિશ્વાસ આપે છે અને વિદ્યાર્થીઓમાં વિશ્વસનીયતા ઉભી કરે છે.

પાઠ આયોજનનું મહત્ત્વ

સારો શિક્ષક ક્યારેય તૈયારી વિના વર્ગખંડમાં પ્રવેશતો નથી.

દરેક પાઠ માટે આયોજનમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ : • પાઠના હેતુઓ • પૂર્વજ્ઞાન • પ્રેરક પ્રવૃત્તિ • સમજાવવાની રીત • પ્રશ્નોત્તરી • જૂથ કાર્ય • પ્રવૃત્તિ આધારિત શિક્ષણ • મૂલ્યાંકન • પુનરાવર્તન • ઘરકાર્ય

જ્યારે શિક્ષક આયોજનપૂર્વક ભણાવે છે ત્યારે સમયનો શ્રેષ્ઠ ઉપયોગ થાય છે અને વિદ્યાર્થીઓની શીખવાની પ્રક્રિયા વધુ અર્થપૂર્ણ બને છે.

વિવિધ શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ

દરેક વિદ્યાર્થીની શીખવાની રીત અલગ હોય છે. તેથી એક જ વ્યાખ્યાન પદ્ધતિ પૂરતી નથી.

આચાર્યએ શિક્ષકોને નીચેની પદ્ધતિઓમાં પ્રશિક્ષિત કરવા જોઈએ : • પ્રવૃત્તિ આધારિત શિક્ષણ • પ્રોજેક્ટ આધારિત શિક્ષણ • સમસ્યા ઉકેલ આધારિત શિક્ષણ • સહભાગી શિક્ષણ • ચર્ચા પદ્ધતિ • પ્રયોગ પદ્ધતિ • પ્રદર્શન પદ્ધતિ • કેસ સ્ટડી • ફિલ્ડ વિઝિટ • અનુભવ આધારિત શિક્ષણ • પ્રશ્નોત્તરી પદ્ધતિ • વાર્તા પદ્ધતિ • ભૂમિકાભિનય • બ્લેન્ડેડ લર્નિંગ

જેટલી વધુ પદ્ધતિઓ શિક્ષક જાણશે, તેટલું તેનું શિક્ષણ જીવંત અને રસપ્રદ બનશે.

શૈક્ષણિક સાધનોનો અસરકારક ઉપયોગ

આજના સમયમાં માત્ર બ્લેકબોર્ડ પૂરતો નથી.

શિક્ષકોને નીચેના સાધનોનો અસરકારક ઉપયોગ શીખવવો જોઈએ : • સ્માર્ટ બોર્ડ • પ્રોજેક્ટર • ચાર્ટ • મોડેલ • ગ્લોબ • નકશા • વિજ્ઞાન પ્રયોગ સામગ્રી • ભાષા શિક્ષણ સામગ્રી • વિડિયો • ડિજિટલ પ્રેઝન્ટેશન • મોબાઇલ એપ્લિકેશન • ઓનલાઈન પ્લેટફોર્મ • ક્વિઝ • વર્કશીટ • ફ્લેશ કાર્ડ

પરંતુ યાદ રાખવું જોઈએ કે સાધન શિક્ષણનું કેન્દ્ર નથી; શિક્ષકનું સર્જનાત્મક માર્ગદર્શન જ કેન્દ્ર છે. સાધનો શિક્ષણને સહજ, સ્પષ્ટ અને અસરકારક બનાવે છે.

માઇક્રો ટીચિંગ અને ડેમો લેસન

આચાર્યએ નિયમિત રીતે શિક્ષકોના ડેમો પાઠનું આયોજન કરવું જોઈએ.

એક શિક્ષક ભણાવે અને બીજા શિક્ષકો અવલોકન કરે. ત્યારબાદ ચર્ચા થાય : • શું સારું થયું? • ક્યાં સુધારો શક્ય છે? • વિદ્યાર્થીઓ વધુ કેવી રીતે જોડાઈ શકે? • પ્રશ્ન પૂછવાની રીત કેવી હોવી જોઈએ? • સમય વ્યવસ્થાપન કેવું હતું?

આવી રચનાત્મક ચર્ચા શિક્ષકોના આત્મવિશ્વાસમાં વધારો કરે છે.

વર્ગખંડ વ્યવસ્થાપન

સારો શિક્ષક માત્ર ભણાવતો નથી; તે વર્ગખંડનું સંચાલન પણ ઉત્તમ રીતે કરે છે.

તાલીમમાં નીચેના મુદ્દાઓ આવવા જોઈએ : • શિસ્ત • સમયનું આયોજન • વિદ્યાર્થીઓ સાથે સંવાદ • પ્રોત્સાહન • હકારાત્મક વાતાવરણ • સમાવેશી શિક્ષણ • ધીમા વિદ્યાર્થીઓ માટે સહાય • પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પડકારજનક કાર્ય • મૂલ્યાંકનની નવી દૃષ્ટિ

મૂલ્યાંકન માત્ર ગુણ આપવા માટે નથી. તે વિદ્યાર્થીને સમજવા માટે છે.

શિક્ષકોને તાલીમ આપવી જોઈએ કે તેઓ : • રચનાત્મક મૂલ્યાંકન કરે. • મૌખિક મૂલ્યાંકન કરે. • પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરે. • પ્રવૃત્તિ આધારિત મૂલ્યાંકન કરે. • રૂબ્રિકનો ઉપયોગ કરે. • પ્રતિસાદ આપે. • ભૂલોમાંથી શીખવાની તક આપે. • સતત વ્યાવસાયિક વિકાસ

એક સારો આચાર્ય પોતાના શિક્ષકોને હંમેશા શીખવા માટે પ્રોત્સાહિત કરે છે.

તેમને : • પુસ્તકો વાંચવા પ્રેરિત કરે. • વેબિનાર અને સેમિનારમાં મોકલે. • તાલીમ કાર્યક્રમોમાં જોડે. • સંશોધન લેખ લખવા પ્રોત્સાહિત કરે. • નવીન પ્રયોગો કરવા પ્રેરણા આપે.

જે સંસ્થામાં શિક્ષકો શીખે છે, ત્યાં વિદ્યાર્થીઓ પણ શીખવાનું પ્રેમ કરે છે.

સહકારની સંસ્કૃતિ

શિક્ષકો વચ્ચે સ્પર્ધા નહીં પરંતુ સહયોગ હોવો જોઈએ.

સંસ્થામાં એવી પરંપરા વિકસે કે : • એકબીજાના પાઠનું અવલોકન કરે. • અભ્યાસ સામગ્રી વહેંચે. • પ્રશ્નો પર ચર્ચા કરે. • નવીન વિચારો રજૂ કરે. • સફળ પ્રયોગોનો અનુભવ શેર કરે.

આવી સંસ્કૃતિ સમગ્ર સંસ્થાને આગળ લઈ જાય છે.

આચાર્યનું નેતૃત્વ

આચાર્યનો પ્રભાવ તેના શબ્દોથી ઓછો અને તેના વર્તનથી વધુ પડે છે.

જો આચાર્ય : • સમયપાલન કરે, • અભ્યાસ કરે, • વર્ગખંડની મુલાકાત લે, • શિક્ષકોને સાંભળે, • પ્રોત્સાહિત કરે, • રચનાત્મક પ્રતિસાદ આપે, • ગુણવત્તા માટે પ્રતિબદ્ધ રહે,

તો સમગ્ર સંસ્થામાં સકારાત્મક પરિવર્તન જોવા મળે છે.

શિક્ષકને પ્રેરણા આપવાની કળા

પ્રશંસા શિક્ષક માટે સૌથી મોટી પ્રેરણા છે.

આચાર્યએ સમયસર : • ઉત્તમ કાર્યની નોંધ લેવી, • જાહેરમાં પ્રશંસા કરવી, • નવીન પ્રયોગોને માન્યતા આપવી, • પ્રમાણપત્ર આપવું, • જવાબદારી સોંપવી, • વિશ્વાસ વ્યક્ત કરવો.

વિશ્વાસ મળતાં શિક્ષક પોતાની શ્રેષ્ઠ ક્ષમતા પ્રદર્શિત કરે છે.

ભવિષ્ય માટે તૈયાર શિક્ષક

આજનો શિક્ષક માત્ર પુસ્તક ભણાવનાર નથી. તે માર્ગદર્શક છે. તે સંશોધક છે. તે મૂલ્યશિક્ષક છે. તે ટેક્નોલોજીનો ઉપયોગ કરનાર છે. તે સમાજ ઘડનાર છે.

તેથી આચાર્યએ શિક્ષકોને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવા જોઈએ.

એક ઉત્તમ આચાર્ય માત્ર શાળા ચલાવતો નથી; તે શિક્ષકોને ઘડે છે. અને જ્યારે શિક્ષકો ઘડાય છે ત્યારે વિદ્યાર્થીઓ ઘડાય છે. જ્યારે વિદ્યાર્થીઓ ઘડાય છે ત્યારે સમાજનું ભવિષ્ય ઉજ્જવળ બને છે.

શૈક્ષણિક સંસ્થાની સાચી સફળતા પરીક્ષાના પરિણામોથી નહીં, પરંતુ એવા શિક્ષકોના નિર્માણથી માપવામાં આવે છે જે જીવનભર શીખતા રહે, મૂલ્યો સાથે શિક્ષણ આપે અને દરેક વિદ્યાર્થીમાં રહેલી પ્રતિભાને ઓળખીને તેને વિકાસનો માર્ગ બતાવે.

"આચાર્યની સૌથી મોટી સિદ્ધિ ભવ્ય ઇમારત ઊભી કરવામાં નથી, પરંતુ એવા શિક્ષકો તૈયાર કરવામાં છે, જે પોતાના જ્ઞાન, સંસ્કાર, સર્જનાત્મકતા અને કરુણાથી હજારો વિદ્યાર્થીઓના જીવનમાં પ્રકાશ ફેલાવે."

શિક્ષણ : રૂપાંતરણ પ્રક્રિયા
પટાવાળામાંથી શિક્ષણાધિકારી (સત્ય ઘટના)

પ્રેષક : પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી
પૂર્વપ્રમુખ, ગુ.રા. આચાર્ય સંઘ
સંયોજક, 'સમન્વય' ગુજરાત
(મો.) 94263 62545

સંઘર્ષો જીવનની પ્રગતિ માટે અનિવાર્ય છે. બાકી સ્થિર રેખા તો કાર્ડિયોગ્રામમાં મૃત્યુની સૂચક છે. સંઘર્ષ, જેને આપણે દુ:ખદાયક ગણીએ છીએ તે જ વાસ્તવમાં જીવનનું અમૃત છે.

કહેવાય છે કે સોનીના દીકરા પાસે અઢી તોલા સોનું હોય, સર્જક પાસે અઢી અક્ષર હોય અને માણસ પાસે અઢી અક્ષરી 'પ્રેમ' હોય તો માર્યો ન મરે, હાર્યો ન હારે !!

વ્યવસાયિક સજ્જતાનું નકરું ઉદાહરણ અને 'મન હોય તો માળવે જવાય' ઉક્તિનું નક્કર ઉદાહરણ એટલે સાબરકાંઠા જિલ્લાના તત્કાલિન પ્રાંતિજ અને હાલ તલોદ તાલુકાના લંઘાના મઢ ગામના ગોસ્વામી (મંદિરના પૂજારી)નો દીકરો મગનપુરી ગોસ્વામી શાળામાં જવાનું સદ્‌ભાગ્ય ન પામી શક્યો. ધગશવાળો, આર્થિક પછાત વર્ગનો દીકરો મગનપુરી ગોસ્વામી તત્કાલિન જિલ્લા પંચાયત પ્રમુખ ગોપાલકાકા પટેલ અને શિક્ષણ સમિતિના પ્રમુખ રામશંકર ઉપાધ્યાયની મહેરબાનીથી શિક્ષણ સમિતિમાં પટાવાળા તરીકે નીમાયો. આજ્ઞાંકિત, સરળ સ્વભાવ અને વિવેક હોવાને લઈ પ્રમોશનની તક પામ્યો. પટાવાળા તરીકે મેટ્રિકની પરીક્ષા આપી. ઉત્તીર્ણ થતાં શિક્ષણ સમિતિમાં કારકુનની જગા પામ્યો. પી.ટી.સી.માં જવાની ઇચ્છાને લઈ, વ.ફા. ઉત્તીર્ણ હોઈ પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા. પી.ટી.સી. જુનિયર તાલીમ પામ્યા અને તાલીમી શિક્ષક બન્યા. શિક્ષણાધિકારીશ્રીની ભલમનસાઈ પામ્યા. વ્યવસાયી વિકાસ આરંભાયો.

શિક્ષકની નોકરીમાં ખાતાકીય સમજણ, આવડત અને માનસિકતાને લઈ કચેરીના કામો સાથે વધુ જોડાણ હતું. લક્ષ્ય શિક્ષણાધિકારી બનવાનું હતું. કારકુનની જગા થતાં શિક્ષકપદું જતું કરી, કારકુન તરીકે કચેરીનું કામ પસંદ કર્યું. ખાતાકીય પરિક્ષા આપતાં આપતાં એ.ડી.ઈ.આઈ. મદદનીશ શિક્ષણ નિરીક્ષકનું પદ પામ્યા. યુવાનાવસ્થા, કુમારાવસ્થા જીવનઘડતરના ખ્યાલોમાં પસાર થઈ ગઈ. શિક્ષણાધિકારી થવા માટે સ્નાતક, અનુસ્નાતક પદવી જોઈએ. વિદ્યાપીઠનું પ્રાંગણ અને એક્ષ્ટર્નલ પરીક્ષા પદ્ધતિને લઈ, લક્ષ્ય હાંસલ થવા માંડ્યું.

કચેરીના કામે શાળાઓના સથવારે આચાર્યો અને અધિકારીઓની ભલી લાગણી કેળવી શ્રી મગનગીરી ગોસ્વામી સેવક-કારકુન-નિરીક્ષક પદથી એજ્યુકેશન ઇન્સ્પેક્ટર E.I. બન્યા. ચાલુ સેવાએ ભણતરની જે-જે તકો મળી તે ગુમાવ્યા વિના, એક જ લક્ષ્ય 'જિલ્લા શિક્ષણાધિકારી બનવું' સેવતા રહ્યા.

એમનું લક્ષ્ય હતું કે...

"કદમ ઐસા ચલો કિ નિશાન બન જાએ,
કામ ઐસા કરો કિ પહચાન બન જાએ.
યહી જિંદગી તો હરકોઈ જી લેતે હૈં, મગર જિંદગી
ઐસી જિઓ કિ સબકે લિએ મિસાલ બન જાએ."

એમનાં ગણતરીપૂર્વકનાં સમજદારીવાળાં પગલાં, પરિશ્રમ અને ધ્યેયપ્રિયતાને લઈ પથ સરળ બનતો રહ્યો. માર્ગદર્શકો મળતા રહ્યા. આગેકૂચ જારી રહી. ખાતાકીય પરીક્ષા ઉત્તીર્ણ થતાં કડિયાદરા P.T.C. કૉલેજના પ્રાચાર્યની પદવી પામ્યા. 1974માં કડિયાદરા P.T.C. કૉલેજના પ્રાચાર્યનો પદભાર સંભાળ્યો.

પ્રત્યક્ષ અનુભવે જણાયું છે કે વિચારધારા ખતમ થતી નથી. તે છુપાય છે, રૂપ બદલે છે અને તક મળતાં જ પાછી આવે છે.

મગનગીરી ગોસ્વામી માટે દરેક અવરોધ તેમને માટે સ્થિતિ સુધારક રહ્યો છે. ફરિયાદ કરવાને બદલે, જવાબદારી લેનારને હંમેશા ઇનામ મળે છે. એમની કાર્યશૈલી, એમનું સદ્‌ભાગ્ય નીવડી.

કડિયાદરા પી.ટી.સી. કૉલેજના પ્રાચાર્ય પદેથી, બઢતીનો હુકમ થતાં બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે તક પામ્યાં. 1978થી 1980 ત્રણ વર્ષની સેવા બાદ, મનોરથ પાર પાડવા પરમેશ્વરે કૃપા કરી. ઇચ્છિત સ્થળે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતે સને 1980થી 1984 જિલ્લા શિક્ષણાધિકારી તરીકે સેવાની તક પામ્યા. વાહ રામજી કી ! શિક્ષણની કચેરીનો પટાવાળો (સેવક) શિક્ષણાધિકારીની ખુરશી પામ્યો. જે ખુરશીની સફાઈ કરતાં, તે જ ખુરશીએ પદનશીન થતાં જીવન ધન્ય બન્યું !

1960માં શિક્ષક તરીકે હું ઈલોલ હાઈસ્કૂલમાં જોડાયો ત્યારે શ્રી મગનગીરી ગોસ્વામી સાબરકાંઠા જિલ્લા પ્રા. શિ. સમિતિમાં સેવક હતા. જ્યારે 1967માં હું શિણોલ હાઈસ્કૂલમાં આચાર્ય પદે હતો અને 1976માં હાયર સેકન્ડરી વર્ગો પ્રારંભાતાં તેમનો શુભેચ્છા સંદેશ પ્રાપ્ત થયેલ. 1982માં રાજ્ય આચાર્ય સંઘના મહામંત્રી પદે વિરાજતાં શાળાએ યોજેલ સત્કાર સમારંભમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તરીકે મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત હતા. બીજી વાર ઇન્સ્પેક્શનમાં પધારતાં રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકેના એવોર્ડ

માટે મારી ભલામણની તેમની ઇચ્છાનો મેં વિનયપૂર્વક અસ્વીકાર કર્યો. 1967માં શિણોલની માઝૂમ નદીના કાંઠે મેં લીધેલ પાંચ પ્રતિજ્ઞાઓ પૈકી સરકારી ઍવોર્ડ નહીં સ્વીકારવાની પ્રતિજ્ઞાને લઈ મને જિલ્લા તરફથી મળેલ આઠ જેટલી દરખાસ્તોનો સવિનય અસ્વીકાર કર્યો છે.

એમનો આગ્રહ કે પ્રત્યેક શાળાનો કર્મચારી પરિશ્રમી, પ્રામાણિક અને પ્રતિબદ્ધતાવાળો હોય. એમનું વક્તવ્ય પ્રભાવશાળી અને હૃદયગમ્ય હતું.

પેન્ટ, શર્ટ, જાકીટ (બંડી), ચંપલ તથા માથે ટોપી એમનો પહેરવેશ હતો. દિલના ઉદાર હતા. ગરીબાઈ પચાવી જાણી હતી. શાળાઓમાં જઈ બાળકોને પ્રોત્સાહનની યોજનાઓ નિર્માણ કરાવતા. શોષણના વિરોધી હોવાને લઈને કર્મચારીઓને શોષણમુક્ત કરનારી ઝુંબેશને વેગ આપતા. પ્રામાણિક અધિકારી તરીકેની તેમની નામના જીવતી છે.

અમારા જેવા નવયુવાન આચાર્યને ખાસ સલાહ દેતા કે -

“If you salute your duty,
you need not salute anybody;
But if you pollute your duty,
you have to salute Everybody.”

ફરજનિષ્ઠાના આગ્રહી એવા અમારા જિલ્લાના પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી સદ્‌ગત મગનગીરી ગોસ્વામી, વેગવંતા આચાર્યોને દોડવાનો ઢાળ પૂરો પાડતા.

કચેરીના પટાવાળા, કારકુન, શિક્ષક, પ્રાચાર્ય, શિક્ષણ નિરીક્ષક, મદદનીશ જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી બની શિક્ષણને રૂપાંતરણ પ્રક્રિયા પુરવાર કરનાર શ્રી મગનગીરી ગોસ્વામી સાહેબને હાર્દિક વંદન. સદેહે હયાત નથી. તેમની નામના કચેરીના બોર્ડ પર અને આચાર્યો, સંચાલકો, શિક્ષકો અને બાળકોના દિલ-દિમાગ પર હયાત છે. ઓમ્ શાંતિ...

સંકલ્પ એ જ શ્રેષ્ઠ મુહૂર્ત

સમય, પુરુષાર્થ અને સફળતા : શ્રેષ્ઠ મુહૂર્તની શોધ કે સંકલ્પનો પ્રારંભ ?

– ડૉ. જયેશ એ. ઠક્કર
પૂર્વ આચાર્ય, વી વી પટેલ વિદ્યામંદિર.
પૂર્વ સિન્ડિકેટ સભ્ય, ગુજરાત યુનિવર્સિટી
મો. 9409084447

મુહૂર્તના ભ્રમમાં વીતતું જીવન

માનવ જીવનની સૌથી મોટી વિટંબણા એ છે કે જે જન્મ માટે આપણે કોઈ જોષી કે પંચાંગ પાસે જઈને શુભ મુહૂર્ત જોવડાવ્યું નહોતું અને જે મૃત્યુ પણ આપણને પૂછ્યા વિના કે મુહૂર્ત જોયા વિના જ આવવાનું છે, તે બે છેડા વચ્ચેના અમૂલ્ય જીવનને આપણે 'શુભ મુહૂર્ત' અને 'ગ્રહોની સ્થિતિ'ના ચક્કરમાં જ વ્યતીત કરી દઈએ છીએ. મુહૂર્ત વિના જન્મેલા... જિંદગીભર મુહૂર્તના ચક્કરમાં... એક દિવસ વિના મુહૂર્ત નીકળી જાય છે...

ઈશ્વરે આપણને દરરોજ ૮૬,૪૦૦ સેકન્ડની અણમોલ ભેટ આપી છે. કુદરતે ક્યાંય એવું નથી લખ્યું કે તેમાંની અમુક સેકન્ડ જ શુભ છે અને બાકીની અશુભ. સમય તો હંમેશાં એકસરખો જ વહે છે. કોઈ ક્ષણ સ્વયં શુભ કે અશુભ નથી હોતી, પરંતુ આપણા વિચારો, નિર્ણયો અને સત્કર્મ જ તે ક્ષણને શુભ કે અશુભ બનાવે છે. તેથી જ ભક્ત કવિ નરસિંહ મહેતા ગાય છે :

"આજની ઘડી તે રળિયામણી રે લોલ... મારો વ્હાલો આવ્યાની વધામણી..."

મહાનુભાવો અને શાસ્ત્રોનું મહાન ચિંતન

ઇતિહાસ સાક્ષી છે કે દુનિયાને બદલનારા મહાપુરુષોએ ક્યારેય ભાગ્ય કે મુહૂર્તના ભરોસે બેસી રહેવાનો માર્ગ પસંદ નથી કર્યો, પરંતુ પોતાના મહત્તમ પુરુષાર્થથી સમયને જ પોતાનો સાથી બનાવ્યો છે :

- શ્રીમદ્ ભગવદ્ ગીતા : "કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં અર્જુન જ્યારે મોહ અને વિષાદમાં ઘેરાયેલો હતો, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે એને કોઈ શુભ મુહૂર્તની રાહ જોવાનું નહોતું કહ્યું; પરંતુ 'કર્મણ્યેવાધિકારસ્તે'નો અનાસક્ત કર્મ અને કર્તવ્યપાલનનો માર્ગ બતાવ્યો હતો. કર્તવ્ય જ સૌથી મોટું મુહૂર્ત છે."
- સ્વામી વિવેકાનંદ : "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી કાર્યરત રહો." જે ક્ષણે તમે કોઈ સત્કાર્ય કરવાનો દૃઢ સંકલ્પ કરો છો, તે જ ક્ષણ આ બ્રહ્માંડનું સર્વોત્તમ અને સૌથી પવિત્ર મુહૂર્ત બની જાય છે."
- મહાત્મા ગાંધી : "તમારું ભવિષ્ય એ વાત પર નિર્ભર કરે છે કે તમે આજે વર્તમાન ક્ષણમાં શું કરો છો." કાલની રાહ જોવામાં આજની ઉત્તમ તક ગુમાવી દેવી એ જ સૌથી મોટો અજ્ઞાન છે.

- ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ : "રાહ જોનારાઓને માત્ર એટલું જ મળે છે જેટલું પ્રયત્ન કરનારાઓ છોડી દે છે." યોગ્ય સમય પોતે આવતો નથી, પણ આપણા પુરુષાર્થથી તેને લાવવો પડે છે.

શાસ્ત્રોનો સાચો સંદેશ : સંસ્કાર કે આળસ?

આપણા શાસ્ત્રો અને ભારતીય પરંપરામાં મુહૂર્તનું મહત્વ ચોક્કસ દર્શાવવામાં આવ્યું છે, પણ તેનો સાચો હેતુ શુભ કાર્ય કરતા પહેલાં મન, વિચાર અને વાતાવરણને પવિત્ર કરવાનો છે. પરંતુ જ્યારે આ મુહૂર્ત પુરુષાર્થ કરતા મોટું બની જાય અને કાર્યમાં વિલંબ કરવાનું બહાનુ બની જાય, ત્યારે સમજવું કે આપણે શાસ્ત્રનો સાચો આશય ચૂક્યા છીએ.

"ઘણીવાર આપણે કહીએ છીએ કે "હજુ સમય સારો નથી..." પણ સાચો પ્રશ્ન એ હોવો જોઈએ કે "શું હું પોતે અંદરથી તૈયાર છું?" જે વ્યક્તિ પોતાની અંદરના ભય, આળસ અને શંકા પર વિજય મેળવી લે છે, તેના માટે દરેક ક્ષણ શુભ બની જાય છે."

સાચું મુહૂર્ત ક્યારે સર્જાય છે?

- સંકલ્પ : જે ક્ષણે હૃદયમાં એક દૃઢ સંકલ્પ જન્મે છે.
- કર્તવ્ય : જે ક્ષણે મન પોતાના કર્તવ્યનો સ્વીકાર કરે છે.
- પહેલું ડગલું : જે ક્ષણે ભય છોડીને કાર્યાન્વિત થવા માટે પહેલું ડગલું ભરાય છે.
- પ્રયત્નો : જ્યારે ફરિયાદો કરવા કરતાં પ્રયત્નોનું પ્રમાણ વધી જાય છે.
- આત્મવિશ્વાસ : જ્યારે શંકા કરતાં આત્મવિશ્વાસ અને શ્રદ્ધા મોટા બની જાય છે.

વ્યવહારુ જીવનમાં મુહૂર્તનું સાચું આચરણ

આજે સમાજની વિચિત્રતા એ છે કે આપણે નવો બિઝનેસ કે શોપ શરૂ કરવા માટે શ્રેષ્ઠ મુહૂર્ત અને પૂજા-પાઠ કઢાવીએ છીએ, પરંતુ એ ધંધામાં ગ્રાહક પ્રત્યે પ્રામાણિકતા, સતત મહેનત અને ઉત્તમ સેવા આપવાનું મુહૂર્ત નથી શોધતા.

તે જ રીતે, મકાન બનાવ્યા પછી તેને પ્રેમથી 'ઘર' બનાવવાનું, બાળકને સ્કૂલે મોકલ્યા પછી તેને ઉત્તમ સંસ્કાર તથા સમયપાલન શિખવવાનું, કસરત-સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થઈ ખરાબ આદતો છોડવાનું કે સ્વજનો સાથે જૂના અહંકાર છોડી સંબંધો સુધારવાનું મુહૂર્ત આપણને જલ્દી મળતું નથી.

આજનો દિવસ જ આપણા માટે શ્રેષ્ઠ મુહૂર્ત

આપણી સંસ્કૃતિના મૂલ્યો અને પરંપરાઓનો સ્વીકાર જરૂર કરીએ, પરંતુ પુરુષાર્થને ક્યારેય ગૌણ ન બનવા દઈએ. કોઈ પણ મુહૂર્ત મહેનત અને દ્રઢ મનોબળનું સ્થાન લઈ શકતું નથી. શુભ સમય ક્યારે આવશે એની પ્રતીક્ષા કરવા કરતાં, 'હું મારા સત્કર્મથી આ ક્ષણને શ્રેષ્ઠ બનાવીશ' એવો નિર્ણય લેવો એ જ જીવનનો સાચો વિજય છે. કદાચ... આજનો દિવસ અને આ જ ક્ષણ તમારા જીવનનું સૌથી મંગલમય અને શ્રેષ્ઠ મુહૂર્ત છે !

ક્રિયાત્મક સંશોધન

- પ્રિ. અંકિતા કે. પટેલ
આચાર્ય, શ્રી ન્યુ વિદ્યાવિહાર ફોર ગર્લ્સ
નવા વાડજ, અમદાવાદ
(મો.) 94290 62181

વિષય : ધોરણ 9 માં અભ્યાસ કરતા પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં અપશબ્દો બોલવાની તકલીફ નિવારવા માટેનું ક્રિયાત્મક સંશોધન

1. પ્રસ્તાવના

શિક્ષણનો મુખ્ય હેતુ માત્ર શૈક્ષણિક વિકાસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ, ચારિત્ર્ય અને સામાજિક મૂલ્યોનું ઘડતર પણ એટલું જ મહત્વનું છે. શાળામાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓમાં અપશબ્દો બોલવાની ટેવ જોવા મળે છે. આ ટેવને કારણે વર્ગખંડનું વાતાવરણ પ્રભાવિત થાય છે, સહાધ્યાયીઓ વચ્ચે મતભેદો ઊભા થાય છે અને શિસ્તમાં ઘટાડો જોવા મળે છે.

મારી શાળાના ધોરણ 9ના કેટલાક પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં આ સમસ્યા વધુ જોવા મળતાં તેના નિવારણ માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું.

2. સમસ્યાનું કથન

"ધોરણ 9 માં અભ્યાસ કરતા પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં અપશબ્દો બોલવાની તકલીફ નિવારવા માટેની અસરકારક રીતો શોધવી."

3. સમસ્યા પસંદગીના કારણો

નિરીક્ષણ દરમિયાન જાણવા મળ્યું કે : વિદ્યાર્થીઓ નાની-નાની વાતમાં અપશબ્દો બોલતા હતા. કેટલાક વિદ્યાર્થીઓ માટે અપશબ્દો બોલવું સામાન્ય વાત બની ગઈ હતી. વર્ગમાં ઝઘડા અને તણાવનું વાતાવરણ સર્જાતું હતું. શિક્ષકોની સમજાવટનું લાંબા ગાળે ખાસ અસરકારક પરિણામ મળતું ન હતું. ભાષાની અશિષ્ટતા તેમના વ્યક્તિત્વ વિકાસમાં અવરોધરૂપ બની રહી હતી.

4. સંશોધનના હેતુઓ

વિદ્યાર્થીઓમાં અપશબ્દો બોલવાના પ્રમાણનું નિદાન કરવું. અપશબ્દો બોલવાના કારણો શોધવા. સકારાત્મક ભાષાના ઉપયોગને પ્રોત્સાહિત કરવો. વિદ્યાર્થીઓમાં શિષ્ટ અને સંસ્કારી ભાષાનો વિકાસ કરવો. અપશબ્દો બોલવાની ટેવમાં ઘટાડો લાવવો.

5. ક્રિયાત્મક અનુમાન (Action Hypothesis)

જો વિદ્યાર્થીઓને મૂલ્યશિક્ષણ આધારિત પ્રવૃત્તિઓ, પ્રેરણાત્મક કથાઓ, સમૂહ ચર્ચાઓ, વાલી સહયોગ અને સકારાત્મક પ્રોત્સાહન આપવામાં આવશે તો અપશબ્દો બોલવાની ટેવમાં નોંધપાત્ર ઘટાડો થશે.

6. સંશોધનનો વિસ્તાર

મુદ્દો	વિગતો
શાળા	શ્રી ન્યૂ વિદ્યાવિહાર, નવા વાડજ
ધોરણ	9
વિદ્યાર્થીઓની સંખ્યા	15
સમયગાળો	30 દિવસ
સ્થળ	વર્ગખંડ અને શાળા પરિસર

7. માહિતી એકત્રિત કરવાના સાધનો

(1) નિરીક્ષણ પત્રક : વિદ્યાર્થીઓ કેટલા વખત અપશબ્દો બોલે છે તેની નોંધ લેવામાં આવી.

(2) મુલાકાત પદ્ધતિ : વિદ્યાર્થીઓ સાથે વાતચીત, વાલીઓ સાથે ચર્ચા, અન્ય શિક્ષકોના અભિપ્રાયો

(3) દૈનિક નોંધપોથી : દરરોજના વર્તનની નોંધ રાખવામાં આવી.

8. સમસ્યાના સંભવિત કારણો

સર્વેક્ષણ અને ચર્ચા દરમિયાન નીચેના કારણો સામે આવ્યા : ઘરેલું વાતાવરણ, મિત્રવર્તુળનો પ્રભાવ, સોશિયલ મીડિયા અને મોબાઇલ, ટેલિવિઝન અને ફિલ્મો, ધ્યાન આકર્ષિત કરવાની માનસિકતા, ગુસ્સા પર નિયંત્રણનો અભાવ

9. સમસ્યા નિવારણ કાર્યક્રમ

સમસ્યાના નિવારણ માટે નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી :

પ્રથમ અઠવાડિયું - વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત ચર્ચા, અપશબ્દોના નુકસાન વિશે સમજણ,

બીજું અઠવાડિયું - પ્રેરણાત્મક વાર્તાઓ, સારા સંસ્કારો અંગે વિડિયો દર્શન

ત્રીજું અઠવાડિયું - "મીઠી વાણી-શ્રેષ્ઠ ઓળખ" વિષય પર સમૂહ ચર્ચા, ભૂમિકા અભિનય (Role Play)

ચોથું અઠવાડિયું - સારા વર્તન બદલ પ્રશંસા, વાલી મિટિંગ, વિદ્યાર્થીઓ માટે સંકલ્પપત્ર

10. **પૂર્વ અને પશ્ચાત સ્થિતિ**

(૧) ક્રમ	1
(૨) વિદ્યાર્થી સંખ્યા	15
(૩) શરૂઆતમાં અપશબ્દો બોલવાનું પ્રમાણ	85%
(4) અંતે અપશબ્દો બોલવાનું પ્રમાણ	30%

11. **પરિણામો**

સંશોધન પૂર્ણ થયા બાદ જાણવા મળ્યું કે : વિદ્યાર્થીઓમાં અપશબ્દો બોલવાની ટેવમાં નોંધપાત્ર ઘટાડો થયો. વર્ગખંડનું વાતાવરણ વધુ શાંત અને હકારાત્મક બન્યું. વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધોમાં સુધારો જોવા મળ્યો. શિક્ષકો પ્રત્યે સન્માનની ભાવનામાં વધારો થયો. વિદ્યાર્થીઓએ સારા શબ્દોના ઉપયોગમાં રસ દર્શાવ્યો.

12. **તારણ**

આ ક્રિયાત્મક સંશોધનના આધારે કહી શકાય કે વિદ્યાર્થીઓમાં અપશબ્દો બોલવાની ટેવ કોઈ જન્મજાત સમસ્યા નથી, પરંતુ તે આસપાસના વાતાવરણ અને આદતોના કારણે વિકસે છે. યોગ્ય માર્ગદર્શન, મૂલ્યશિક્ષણ, વાલી સહયોગ અને સતત પ્રોત્સાહન દ્વારા આ સમસ્યામાં અસરકારક ઘટાડો લાવી શકાય છે.

13. **સૂચનો**

શાળામાં નિયમિત મૂલ્યશિક્ષણ કાર્યક્રમો યોજવા. વાલીઓએ ઘરમાં શિષ્ટ ભાષાનો ઉપયોગ કરવો. શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે મિત્રતાપૂર્વક વ્યવહાર કરવો. સારા વર્તન બદલ જાહેર પ્રશંસા કરવી.

સોશિયલ મીડિયા ઉપયોગ અંગે જાગૃતિ લાવવી.

14. **સંદર્ભસૂચિ**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ - શિક્ષણશાસ્ત્ર.

B.Ed. ક્રિયાત્મક સંશોધન માર્ગદર્શિકા.

NCERT - Value Education Material.

શાળા નિરીક્ષણ નોંધપોથી.

શિક્ષકો અને વાલીઓ સાથેની ચર્ચાઓ.

સંશોધકની વ્યક્તિગત નોંધ

"વિદ્યાર્થીઓમાં ભાષાની શિસ્ત વિકસાવવી એ માત્ર શાળાની જવાબદારી નથી, પરંતુ શિક્ષક, વાલી અને સમાજના સંયુક્ત પ્રયાસોથી જ સકારાત્મક પરિવર્તન શક્ય બને છે."

શૈક્ષણિક કાર્ય દરમિયાન ધોરણ 9 ના વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્કમાં રહેતાં મેં નોંધ્યું કે કેટલાક વિદ્યાર્થીઓ સામાન્ય વાતચીત દરમિયાન પણ અપશબ્દોનો ઉપયોગ કરતા હતા. શરૂઆતમાં આ બાબત સામાન્ય લાગતી હતી, પરંતુ સમય જતાં તેની અસર વર્ગખંડના વાતાવરણ, વિદ્યાર્થીઓના પરસ્પર સંબંધો અને અભ્યાસ પર જોવા મળી.

વિદ્યાર્થીઓ સાથેની અનૌપચારિક ચર્ચા દરમિયાન જાણવા મળ્યું કે તેઓમાંથી ઘણા વિદ્યાર્થીઓ ઘરે, મિત્રવર્તુળમાં અથવા આસપાસના વાતાવરણમાં આવી ભાષા સાંભળતા હોવાથી તેને સ્વાભાવિક માનતા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મેં આ સમસ્યાને માત્ર શિસ્તનો પ્રશ્ન ન ગણી, પરંતુ મૂલ્યશિક્ષણ અને વ્યક્તિત્વ વિકાસ સાથે જોડાયેલી સમસ્યા તરીકે જોવાનો પ્રયાસ કર્યો.

શાળા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનું કેન્દ્ર છે. વિદ્યાર્થીના જ્ઞાનાત્મક વિકાસની સાથે તેના વર્તન, ભાષા અને સામાજિક મૂલ્યોનો વિકાસ પણ એટલો જ મહત્વનો છે. આજના સમયમાં વિવિધ સામાજિક અને મીડિયા પ્રભાવોને કારણે કેટલાક વિદ્યાર્થીઓમાં અશિષ્ટ ભાષાનો ઉપયોગ વધતો જોવા મળે છે.

મારા વર્ગના વિદ્યાર્થીઓના નિરીક્ષણ દરમિયાન ખાસ કરીને પછાત વર્ગના કેટલાક વિદ્યાર્થીઓમાં અપશબ્દો બોલવાની ટેવ વધુ પ્રમાણમાં જોવા મળી. આ ટેવને કારણે વર્ગખંડમાં અશાંતિ સર્જાતી હતી અને અન્ય વિદ્યાર્થીઓ પર પણ તેની નકારાત્મક અસર પડતી હતી.

સમસ્યાનું મૂળ કારણ શોધી તેના નિવારણ માટે વિવિધ શૈક્ષણિક અને મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. આ સમગ્ર પ્રક્રિયાના પરિણામો જાણવા માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું.

સંશોધન દરમિયાન થયેલ અનુભવ :

સંશોધનના પ્રારંભમાં વિદ્યાર્થીઓ પોતાની ભાષાની ખામી સ્વીકારવા તૈયાર નહોતા. પરંતુ જ્યારે તેમની સાથે મિત્રતાપૂર્વક ચર્ચા કરવામાં આવી અને પ્રેરણાત્મક પ્રવૃત્તિઓ યોજવામાં આવી ત્યારે તેઓ ધીમે ધીમે પોતાની ભૂલો સમજવા લાગ્યા.

કેટલાક વિદ્યાર્થીઓએ સ્વીકાર્યું કે તેઓ ગુસ્સો આવે ત્યારે અથવા મિત્રો વચ્ચે પ્રભાવ પાડવા માટે અપશબ્દોનો ઉપયોગ કરતા હતા. સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન મળતાં તેમના વર્તનમાં હકારાત્મક પરિવર્તન જોવા મળ્યું.

અંતિમ પ્રતિબિંબ (Reflection)

આ સંશોધન દ્વારા મને સમજાયું કે વિદ્યાર્થીઓના વર્તનમાં પરિવર્તન લાવવા માટે માત્ર ઠપકો કે સજા પૂરતી નથી. શિક્ષકનો સહાનુભૂતિપૂર્ણ અભિગમ, સતત સંવાદ અને હકારાત્મક પ્રોત્સાહન વધુ અસરકારક સાબિત થાય છે. વિદ્યાર્થીઓને યોગ્ય દિશા અને વિશ્વાસ આપવામાં આવે તો તેઓ પોતાની ખામીઓ સુધારવા માટે તૈયાર થાય છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 વિદ્યાર્થીઓમાં સત્ય, કરુણા, સંવેદના, જવાબદારી, નૈતિકતા વગેરે જેવા મૂલ્યો વિકસાવવા પર સવિશેષ ભાર મૂકે છે. જ્ઞાન સાથે સંસ્કાર અને શિક્ષણ વાણીનું સિંચન થાય ત્યારે જ શિક્ષણનું સાચું ધ્યેય સિદ્ધ થાય છે. આપણી યુવા પેઢી અપશબ્દો જેવી કુટેવોથી મુક્ત બની, સદાચારી વ્યવહાર દ્વારા સશક્ત સમાજ અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરે તેવી અભ્યર્થના.

જય હિન્દ...

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ

બ્લોક નં.૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર- ૩૮૦ ૦૧૦
ફોન નં.- ૦૭૯-૨૩૨-૫૧૩૫૧
Email: so-r-edu@gujarat.gov.in

ખાનગી/તાત્કાલિક ફા.નં. : ED/GAT/e-file/3/2026/4124/R-Mid Day Meal

પ્રતિ, તા. 14/08/2026
માહિતી નિયામકશ્રી,
માહિતી નિયામકશ્રીની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૯,
ગાંધીનગર.

વિષય: શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક-૨૦૨૬ માટે રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ અને માધ્યમિક શિક્ષણ વિભાગના શિક્ષકોના નામો જાહેર કરવા બાબત.

શ્રીમાન,

રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ અને માધ્યમિક શિક્ષણ વિભાગના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક આપવાની યોજના શિક્ષણ વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૨૨૦/સિ.ફા-૦૪/ક થી ઠરાવેલ છે. સદર યોજના અન્વયે રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ અને માધ્યમિક શિક્ષણ વિભાગના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક- ૨૦૨૬ આપવા માટે જિલ્લા કક્ષાની સમિતિઓ તરફથી મળેલ ભલામણોના આધારે રાજ્ય કક્ષાની પસંદગી સમિતિએ કરેલ ભલામણો મુજબ યાદી નીચે મુજબ છે. સરકારશ્રીની મંજૂરી મેળવીને કુલ-૪૦ નામોની ઝોનવાર તૈયાર કરેલ

ક્રમ	ઝોન	શિક્ષકનું નામ	વિભાગ
1	ઉત્તર ઝોન	ડૉ. વિનોદકુમાર રણછોડજી બારોટ	પ્રાથમિક વિભાગ
2	ઉત્તર ઝોન	શ્રી હરેશકુમાર પ્રહલાદભાઈ પટેલ	પ્રાથમિક વિભાગ
3	ઉત્તર ઝોન	શ્રી જાગૃતિબેન સોમાભાઈ પટેલ	પ્રાથમિક વિભાગ
4	ઉત્તર ઝોન	શ્રી હીનાબેન રમણલાલ પટેલ	પ્રાથમિક વિભાગ
5	ઉત્તર ઝોન	શ્રી સંજયકુમાર નંદુભાઈ પંડ્યા	પ્રાથમિક વિભાગ

6	મધ્ય ઝોન	શ્રી ધર્મેશકુમાર ડાયાભાઈ ગજ્જર	પ્રાથમિક વિભાગ
7	મધ્ય ઝોન	શ્રી સોનલબેન પ્રફુલભાઈ રાવલ	પ્રાથમિક વિભાગ
8	મધ્ય ઝોન	શ્રી રઘુભાઈ સોથાભાઈ ભરવાડ	પ્રાથમિક વિભાગ
9	મધ્ય ઝોન	શ્રી અનિલકુમાર કાન્તિલાલ પ્રજાપતિ	પ્રાથમિક વિભાગ
10	મધ્ય ઝોન	શ્રી ઇનેશભાઈ પ્રતાપભાઈ ગામીત	પ્રાથમિક વિભાગ
11	દક્ષિણ ઝોન	ડૉ. ફાલ્ગુની રાકેશભાઈ રાઠોડ	પ્રાથમિક વિભાગ
12	દક્ષિણ ઝોન	શ્રીમતી હેતલબેન દિક્ષીતકુમાર રાણા	પ્રાથમિક વિભાગ
13	દક્ષિણ ઝોન	શ્રી કલ્પનાબેન પુન્યાભાઈ માહલા	પ્રાથમિક વિભાગ
14	સૌરાષ્ટ્ર ઝોન	શ્રી કવિતા પ્રાગજીભાઈ ભટાસણા	પ્રાથમિક વિભાગ
15	સૌરાષ્ટ્ર ઝોન	શ્રી સુરેન્દ્ર લક્ષ્મીદાસ સોલંકી	પ્રાથમિક વિભાગ
16	સૌરાષ્ટ્ર ઝોન	શ્રી હેતલબેન કાંતિલાલ સોલંકી	પ્રાથમિક વિભાગ
17	સૌરાષ્ટ્ર ઝોન	શ્રી ભાવેશ રામજીભાઈ પનારા	પ્રાથમિક વિભાગ
18	સૌરાષ્ટ્ર ઝોન	શ્રી પરેશભાઈ શંભુભાઈ મેર	પ્રાથમિક વિભાગ
19	ઉત્તર ઝોન	શ્રી કુલદિપસિંહ મદનસિંહ જાડેજા	માધ્યમિક વિભાગ
20	ઉત્તર ઝોન	શ્રી સંદિપકુમાર રામભાઈ પટેલ	માધ્યમિક વિભાગ
21	મધ્ય ઝોન	શ્રી વિપુલકુમાર ધીરુભાઈ પટેલ	માધ્યમિક વિભાગ
22	મધ્ય ઝોન	શ્રી તેજલબેન નટવરલાલ પંચાલ	માધ્યમિક વિભાગ
23	દક્ષિણ ઝોન	શ્રીમતી રીટાબેન વિજયભાઈ દાદાવાલા	માધ્યમિક વિભાગ
24	દક્ષિણ ઝોન	શ્રી હિરેનકુમાર ચંદ્રકુમાર દિહેણીયા	માધ્યમિક વિભાગ
25	સૌરાષ્ટ્ર ઝોન	ડૉ. વિજયકુમાર દામજીભાઈ માલાણી	માધ્યમિક વિભાગ
26	સૌરાષ્ટ્ર ઝોન	શ્રી કેતનકુમાર પ્રવીણચંદ્ર જોષી	માધ્યમિક વિભાગ
27	ઉત્તર ઝોન	ડૉ. દિનેશભાઈ મેઘરાજભાઈ ચૌધરી	ઉચ્ચત્તર મા. વિભાગ
28	દક્ષિણ ઝોન	સુશ્રી લીનાબેન મહેશચંદ્ર દેસાઈ	ઉચ્ચત્તર મા. વિભાગ
29	સૌરાષ્ટ્ર ઝોન	શ્રી અલ્પાબેન રમણીકલાલ પટેલ	ઉચ્ચત્તર મા. વિભાગ
30	ઉત્તર ઝોન	શ્રી અજીતકુમાર મોતીભાઈ ભાલૈયા	મા./ઉ.મા. આચાર્ય
31	ઉત્તર ઝોન	શ્રી નરેન્દ્રસિંહ પબાજી દેવડા	મા./ઉ.મા. આચાર્ય
32	મધ્ય ઝોન	શ્રી વનરાજસિંહ દેવુભાઈ ચાવડા	મા./ઉ.મા. આચાર્ય

33	મધ્ય ઝોન	ડૉ. મહેશ ત્र્યંબકલાલ ઠક્કર	મા./ઉ.મા. આચાર્ય
34	દક્ષિણ ઝોન	શ્રી શૈલેષકુમાર મગનલાલ દેસાઈ	મા./ઉ.મા. આચાર્ય
35	દક્ષિણ ઝોન	સોલંકી શ્રી મનહરસિંહ કેસરીસિંહ	મા./ઉ.મા. આચાર્ય
36	સૌરાષ્ટ્ર ઝોન	ડૉ. માલા કુંડલિયા	મા./ઉ.મા. આચાર્ય
37	ઉત્તર ઝોન	શ્રી અશોકભાઈ વીરાભાઈ પટેલ	એચ.ટાટ. (મુખ્ય શિક્ષક)
38	મધ્ય ઝોન	શ્રી ગિરીશકુમાર વીરાજી પ્રજાપતિ	એચ.ટાટ. (મુખ્ય શિક્ષક)
39	દક્ષિણ ઝોન	શ્રી દર્શનાબેન લાભચંદ શાહ	એચ.ટાટ. (મુખ્ય શિક્ષક)
40	સૌરાષ્ટ્ર ઝોન	શ્રી બહાદુરસિંહ વનરાજસિંહ વાળા	સી.આર.સી. કૉ.ઓર્ડિનેટર

ઉક્ત યાદી મુજબના નામોને ગુજરાતી અને અંગ્રેજી ભાષાના દૈનિકપત્રોમાં જાહેર કરીને તેને સત્વરે બહોળી પ્રસિધ્ધિ આપવા વિનંતી છે.

e-sign/-
આપનો વિશ્વાસુ,
(અશ્વિન જાદવ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

નકલ સવિનય રવાના :

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, માન. મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(પ્રા.શિ)ના અંગત મદદનીશશ્રી, માન. રા.ક. મંત્રીશ્રી(પ્રા.શિ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના :

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

આઉટસોર્સિંગથી પટાવાળાની ભરતી બાબતે માર્ગદર્શન

ક્રમાંક : ED/MIS/e-file/3/2025/1241/G
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. e-Sign મુજબ

પ્રતિ,
નિયામકશ્રી,
કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯
ગાંધીનગર-૩૮૨૦૨૧.

વિષય: બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક વર્ગ-૪ કર્મચારી તરીકે બિનકુશળ અમ્યોગીનું મળવાપાત્ર મંજૂરીવાળા નક્કી કરવા બાબતે વિભાગના તારીખ ૦૪/૦૪/૨૦૧૬ ના ઠરાવ બાબત

મહોદય,

ઉપરોક્ત વિષય અનુસંધાનમાં આપની કચેરીના તા.૧૯/૦૫/૨૦૨૬, પત્ર ક્રમાંક: COS/SDP/e-file/276/2026/1431/Higher secondary section અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૦૪/૦૪/૨૦૧૬ના ઠરાવની શરત ૫ મુજબ આઉટસોર્સ પટાવાળાની સેવા માટે એજન્સીને ચુકવવાની રકમ સંસ્થાને મળતી નિભાવ ગ્રાંટમાંથી આપવાની નથી પરંતુ નિભાવ અનુદાન તરીકે અલગથી મંજૂર કરવાની રહેશે. અનુદાનિત શાળાઓમાં આઉટસોર્સ કર્મચારીઓની સેવા લેવામાં આવે તો તેના ખર્ચની ચુકવણી માટે કોઈ બજેટ જોગવાઈ ઉપલબ્ધ નથી પરંતુ વિભાગના તા.૦૪/૦૪/૨૦૨૧૬ ના ઠરાવ મુજબ આ ખર્ચ નિભાવ અનુદાન તરીકે મંજૂર કરવાનું હોય હાલ જે બજેટ સદર હેઠળ ગ્રાન્ટેડ શાળાઓના નિભાવ ખર્ચ અંગે જોગવાઈ કરવામાં આવે છે તે જ બજેટ સદર માં આઉટસોર્સ કર્મચારીઓના પગાર ના હેતુ સદર ૩૦૦૧ હેઠળ અલગથી બજેટ જોગવાઈ કરવાની રહેશે.

આપનો વિશ્વાસુ,
e-Sign/-
(એમ.એસ. મુલતાની)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

nature Not Verified
Officer
2026.06.29
+5:30

File No: ED/MIS/e-file/3/2025/1241/G
Approved By: Under Secretary,G,ED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ડેલ કાર્નેગીના પ્રસિદ્ધ પુસ્તક "How to Win Friends and Influence People"ના મુખ્ય સિદ્ધાંતો (ગુજરાતીમાં)

– સંજય પંડ્યા
આચાર્ય, વિદ્યાવિહાર સ્કૂલ, રાજકોટ.

લોકો સાથે વ્યવહાર કરવાની મૂળભૂત રીતો

- ટીકા, નિંદા અથવા ફરિયાદ ન કરો.
- સાચી અને હૃદયપૂર્વક પ્રશંસા કરો.
- સામેવાળા વ્યક્તિમાં ઉત્સુક ઇચ્છા જગાવો.
- લોકોને તમારા તરફ આકર્ષવાના 6 રસ્તા
- લોકોમાં સાચો રસ લો.
- હંમેશા હસતાં રહો.
- વ્યક્તિનું નામ તેના માટે સૌથી મધુર અને મહત્વપૂર્ણ શબ્દ છે.
- સારા શ્રોતા બનો અને લોકોને પોતાની વાત કરવા પ્રોત્સાહિત કરો.
- સામેવાળાની રસના વિષયો પર વાત કરો.
- સામેવાળાને મહત્વપૂર્ણ અનુભવ કરાવો — અને તે નિષ્ઠાપૂર્વક કરો.
- લોકોને તમારી રીતે વિચારવા પ્રેરવાના રસ્તા
- દલીલથી બચો.
- સામેવાળાના મતનો આદર કરો.
- ભૂલ હોય તો તરત અને ખુલ્લા દિલથી સ્વીકારી લો.
- મિત્રતાપૂર્વક શરૂઆત કરો.
- શરૂઆતમાં જ સામેવાળાથી "હા, હા" કહેવડાવો.
- સામેવાળાને વધુ બોલવાની તક આપો.
- વિચાર તેને પોતાનો લાગે તે રીતે રજૂ કરો.
- સામેવાળાના દૃષ્ટિકોણથી વિચારવાનો પ્રયત્ન કરો.
- તેની લાગણીઓ અને ઇચ્છાઓ પ્રત્યે સહાનુભૂતિ રાખો.
- ઉચ્ચ અને સારા હેતુઓને અપીલ કરો.
- તમારા વિચારોને રસપ્રદ અને જીવંત રીતે રજૂ કરો.
- પડકાર આપો અને પ્રેરણા આપો.
- નેતૃત્વ અને લોકોમાં બદલાવ લાવવાના સિદ્ધાંતો
- પ્રશંસાથી શરૂઆત કરો.
- ભૂલો પર સીધી ટીકા કરતાં પરોક્ષ રીતે ધ્યાન દોરો.
- બીજાની ભૂલ બતાવતાં પહેલાં પોતાની ભૂલનો ઉલ્લેખ કરો.
- આદેશ આપવાને બદલે પ્રશ્નો પૂછો.
- સામેવાળાની ઇજ્જત બચી રહે તેવું વર્તન કરો.
- નાની પ્રગતિની પણ પ્રશંસા કરો.
- સારો પ્રતિષ્ઠાનો ભાવ આપો જેથી તે તેને જાળવવા પ્રયત્ન કરે.
- પ્રોત્સાહન આપો અને ભૂલ સુધારવી સરળ લાગે તેવું બનાવો.
- એવું વાતાવરણ બનાવો કે સામેવાળો ખુશીથી સહકાર આપે.

આ 30 સિદ્ધાંતો પુસ્તકનો સાર છે અને વ્યક્તિગત જીવન, વ્યવસાય, નેતૃત્વ અને સંબંધોમાં ખૂબ ઉપયોગી માનવામાં આવે છે.

Aum Imagineering

ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર

School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીના જી.આર. વિગતો અને વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની શાળા, ટ્રાન્સપોર્ટ, હોસ્ટેલ ફી ની તમામ વિગતો અને ફી ના તમામ પત્રકો
- વિવિધ પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- કર્મચારીઓની અને પગારની તમામ વિગતો અને પત્રકો
- SMS હાજરી, ફી, જન્મદિવસ, પરિણામ ને લગતા મેસેજ અને કસ્ટમ મેસેજ

અમારા અન્ય સોફ્ટવેર

- OMR Solution (OMR Sheet Scanner)
- સ્કૂલ એકાઉન્ટિંગ સિસ્ટમ
- લાઈબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ

Tally Accounting Software Certified Partner

TALLY CERTIFIED PARTNER — Tally POWER OF SIMPLICITY



My School (મોબાઇલ એપ)

- એક સરળ અને સુરક્ષિત સ્કૂલ–પેરન્ટ કનેક્ટ એપ છે, જે દ્વારા પેરન્ટ્સને તેમના બાળકની હાજરી, હોમવર્ક, પરીક્ષા સમયપત્રક, સર્ક્યુલર, નોટિસ, સ્કૂલ ઇવેન્ટ્સ અને અન્ય તમામ મહત્વની માહિતી એક જ પ્લેટફોર્મ પર તરત નોટિફિકેશન સાથે મળી રહે છે; સાથે-સાથે શિક્ષકો દ્વારા શેર કરાયેલ સ્ટડી મટિરિયલ (દસ્તાવેજો, ફોટો, વિડિયો અને વેબ લિંક્સ) પણ જોઈ શકાય છે, જેના કારણે પેરન્ટ-ટીચર કોમ્યુનિકેશન, વિદ્યાર્થીની પ્રોગ્રેસ ટ્રેકિંગ અને સ્કૂલનું એડમિનિસ્ટ્રેશન કામ વધુ સુવ્યવસ્થિત અને સમય બચાવનાર બને છે.

ટાઈમ અટેન્ડન્સ સિસ્ટમ

- બાયોમેટ્રિક “ફેસ–ફિંગરપ્રિન્ટ–કાર્ડ–પિન” આધારિત હાજરી અને એક્સેસ કંટ્રોલ મશીન, જેના ઉપયોગથી શાળા–કોલેજ, ઓફિસ, ફેક્ટરી જેવી સંસ્થાઓમાં કર્મચારીઓના આવવા-જવાના સમયની ચોક્કસ નોંધ રાખી શકાય છે અને સાથેમાં ૪૦ જેટલા વિવિધ વિગતવાર રિપોર્ટ પણ સરળતાથી મેળવી શકાય છે.



Website Designing



- શાળા-કોલેજ, વ્યવસાયિક વેબસાઇટ ડેવલપમેન્ટ દ્વારા આપના ઑનલાઇન ઇમેજને મજબૂત બનાવી વધુ ગ્રાહકો સુધી અસરકારક રીતે પહોંચાડવામાં મદદરૂપ થશે.
- મોબાઇલ-ફ્રેન્ડલી અને ઝડપી લોડ થતી ડિઝાઇન સાથે, અદ્યતન સુરક્ષિત ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તમારી જરૂરિયાતોને અનુરૂપ સંપૂર્ણ રીતે કસ્ટમાઇઝ્ડ વેબસાઇટ

"અમારા પ્રિય જૂના ગ્રાહકો માટે ખાસ ભેટ
હવે ઓફલાઇન સ્કૂલ સોફ્ટવેર પરથી ક્લાઉડ સ્કૂલ મેનેજમેન્ટ પર અપગ્રેડ કરો
અને મેળવો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ સાથે વધુ ઝડપ, સુરક્ષા અને સુવિધા!"
તો આ ઓફરનો લાભ મેળવવા આજે જ અમારો સંપર્ક કરો

SPECIAL OFFER

આભાર

Aum Imagineering Pvt. Ltd.

602-603A, Shapath - 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad

Ph : +91 79 40054004, +91 79 35336235 Mobile : 76000 01219, 76000 02403, 98258 47773

www.aumimagineering.com E-mail : info@auminfosys.com

સંસ્કારોથી
સમૃદ્ધ સમાજ
સમૃદ્ધ ભારત

શ્રી સારસ્વત

પરંપરા | ગુણવતા | સંગાથ સદાય

સારા મૂલ્યો
સારા સંબંધો
સુવર્ણ ભવિષ્ય



5 સપ્ટેમ્બર

શિક્ષક દિન

જ્ઞાનનો પ્રકાશ
સદાય માર્ગદર્શન આપે,
એવા તમામ ગુરૂજનોને
હાર્દિક વંદન.

ગુરૂ છે, તો જીવન છે...

॥ શુભ ॥

ધનતેરસ

આરોગ્ય, સમૃદ્ધિ અને
સદભાગ્ય તમારા ઘરમાં
સદાય વસે એવી
હાર્દિક શુભેચ્છા.

ધન, ધાન્ય અને આરોગ્યથી
ભરેલું જીવન મળે

તમારા અને
તમારા પરિવારને
આ તમામ પવિત્ર પર્વોની
હાર્દિક શુભેચ્છા

શુભ

દિવાળી

અંધકાર પર પ્રકાશનો,
અસત્ય પર સત્યનો,
અને નિરાશા પર આશાનો
વિજય સદાય રહે.

પ્રકાશિત થાય દરેક ઘર,
ખુશીઓથી ભરે દરેક મન

વિક્રમ સંવત

નૂતન વર્ષ

નવા સંકલ્પ, નવી આશા,
નવા ઉર્જા સાથે
નૂતન વર્ષ તમારા જીવનમાં
સુખ, સમૃદ્ધિ અને સફળતા લાવે.

નૂતન વર્ષ અભિનંદન

નવું વર્ષ,
નવો ઉમંગ, નવું આવકાર

શુભ

ભાઈબીજ

ભાઈ-બહેનનો અતૂટ પ્રેમ,
વિશ્વાસ અને સુરક્ષાનો
આ પવિત્ર બંધન સદાય અક્ષુણ્ણ રહે.



ભાઈ તારી સાથે,
જીવન સદા ખુશહાલ

સંસ્કૃતિના સંભારાથી
સુખમય કાળની શુભકામનાઓ..

એક પરિવાર
એક ઉજ્જવળ ભવિષ્ય

ગુજરાત રાજ્યની બિનસરકારી અનુદાનિત શાળાના
(માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ) રાજ્ય પારિતોષિત વિજેતા આચાર્યશ્રીઓ



વનરાજસિંહ દેવુભાઈ ચાવડા
ડૉ. કલ્પેશ લાભશંકર ત્રિવેદી
માધ્યમિક શાળા-ખસ
મુખસ, તા. રાણપુર,
જિ. બોટાદ



ડૉ. માલા કુંડાળીયા
મિન્સિપાલ
શ્રીમતી આર.એચ. એન્ડ
વી.ટી. કોટક કન્યા વિનય મંદિર,
રાજકોટ



ડો. મહેશ ચંબકલાલ ઠક્કર
આચાર્ય
કુમકુમ વિદ્યાલય,
આવકાર હોલ પાસે, મણિનગર,
અમદાવાદ-૩૮૦૦૦૮



શ્રી શૈલેષકુમાર મગનલાલ દેસાઈ
ધી કે. વી. કો. માધ્યમિક શાળા
(શ્રી રામકબીર હાઇસ્કૂલ)
કોલેજ કેમ્પસ કામરેજ ચાર રસ્તા
તાલુકો કામરેજ, જિલ્લો સુરત



ડો. અજિતકુમાર મોતીભાઈ ભાલેચા
ડો. સી. આર. ગાજડી વિદ્યામંદિર,
કુંવારદ, તા. શંખેશ્વર,
જિ. પાટણ



શ્રી નરેન્દ્રસિંહ પી દેવડા
માતૃશ્રી એસ.બી.વી ચાવડા
સરસ્વતી હાઇસ્કૂલ
પાલનપુર જીલ્લો બનાસકાંઠા

રવાના :
શ્રી અમિત આર. પંડ્યા
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, _____

_____

_____

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ તંત્રી, મુદ્રક, ભાનુપ્રસાદ સે. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમપ્લેક્ષ, મિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.